

તમિલનાડુમાં વરસાદથી જળબંબાકારની સ્થિતિ : શાળા અને કોલેજો બંધ કરાઈ

PAGE NO. 15

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ઇંગ્લેન્ડમાં ફરી હડતાળો : શિક્ષકો, કામદારો, બસ અને રેલવેના કર્મચારીઓ હડતાલ ઉપર

PAGE NO. 17

FRIDAY, 03 FEBRUARY, 2023 Vol. 20, No. 05 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# રામ મંદિરને ઉડાવાની ધમકી, એજન્સીઓ એલર્ટ

## નેપાળના જનકપુરથી દેવ શીલા આવ્યા બાદ અયોધ્યમાં યાત્રા નીકળી અને તરત જ અજાણ્યા શખ્સે પોલીસને ફોન કર્યો

**અયોધ્યા**

અયોધ્યા ખાતે આવેલી હિન્દુઓના ભગવાન રામની જન્મભૂમિને બોમ્બથી ઉડાવવાની ગુરુવારે ધમકી મળી હતી. જેને પગલે ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ધમકીની સુચના મળતાં જ સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ હતી. નેપાળથી



શાલિગ્રામ પથ્થર ઉત્તરપ્રદેશમના અયોધ્યા ખાતે લાવવામાં આવ્યો છે. આખો દેશ ઉત્સાહમાં છે. ત્યારે રામમંદિરને બોમ્બથી ઉડાવવાની ધમકી મળતાં સમગ્ર સરકાર તેમજ પોલિસ અને સરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ હતી. નેપાળના જનકપુરથી દેવ શીલા લઈ બુધવારે રાત્રે આ યાત્રા જન્મભૂમિ અયોધ્યા ખાતે પહોચી હતી. જયા ગુરુવારે સવારે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પુજન અર્ચન કરવામાં આવ્યુ હતું. અને સમગ્ર અયોધ્યા વાસીઓ ઉત્સાહ મનાવી રહ્યા છે. ત્યારે રામમંદિરને બોમ્બથી ઉડાવવાની ધમકી મળતાં લોકોમાં ચિંતા ફેલાઈ ગઈ છે. પોલિસને સુચના આપનાર મનોજકુમાર કહ્યુ કે સવારે લગભગ 5.30 કલાકે તેમના ઉપર એક ફોન આવ્યો હતો. જેમાં ફોન કરનાર શખ્સે કહ્યુ કે આજે 10 વાગ્યા સુધી રામ જન્મભૂમિને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે તેવી ધમકી આપી હતી. જે બાદ મનોજકુમારે પોલીસ સ્ટેશને સુચના આપી હતી

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More Info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

RIGHT AT HOME REALTY BROKERAGE
Paresh Rathod
Real Estate Agent
416-278-2784
Text Message For Quick Response
Thank You

Residential / Commercial / Investments
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
SALIM MALEK
Sales Representative
647-281-7786
SALIMMALEK1976@GMAIL.COM
170, Wilkinson Rd., Unit #3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701 Fax : 905-497-6700
The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel | Urshila Patel
Broker | Sales Representative
Dir : 416-254-6949
SAVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

VOYAGES InterSky TRAVELS
INTERSKY TOURS
Discount On Visitor Visa Insurance
DIVYESH (Dev) PATEL
Cell: 514-513-9191
Tel.: 514-389-7070
Toll Free:1 855-389-7070
Air Fare - Visa - OCI - Renew Passport - Surrender Passport
Travel Insurance
SWISS Lufthansa DELTA KLM AIRFRANCE AIR CANADA

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઇન્વેસ્ટમેન્ટ
IKRAM PATEL
REALTOR
647 228 9323
IkramPatelEstate@gmail.com @IkramPatelRealtor
SAVE MAX
Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3,
Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# વિદેશી કામદારોના પરિવારોને હંગામી વર્ક પરમિટ શરૂ

## દેશમાં કામદારોની અછતને દૂર કરવા સરકારની નવી નીતિ મદદરૂપ બનવાની આશા

**ટોરોન્ટો**

30મી જાન્યુઆરીથી, કેટલાક અસ્થાયી વિદેશી કામદારો (TFWs)ના પરિવારના સભ્યો વર્ક પરમિટ માટે પાત્ર બન્યા છે. ઈમિગ્રેશન પ્રધાન સીન ફ્રેઝરે જણાવ્યું હતું કે અસ્થાયી રૂપે કામચલાઉ વિદેશી કાર્યકર પ્રોગ્રામ (TFWP) અને ઈન્ટરનેશનલ મોબિલિટી પ્રોગ્રામ (IMP)માં મુખ્ય અરજદારોના પરિવારના સભ્યોને વર્ક પરમિટનો વિસ્તાર કરવામાં આવશે. આ માપદંડ કેનેડાને શ્રમની તીવ્ર અછત સામે લડવામાં મદદ કરશે.

### વર્ક પરમિટ માટેની પાત્રતા નીચેના માપદંડોને પૂર્ણ કરનારાઓ માટે નક્કી કરવામાં આવી

**1.** વર્ક પરમિટધારકના જીવનસાથી, કોમન-લો પાર્ટનર અથવા આશ્રિત બાળક છે જેઓ કોઈપણ તાલીમ, શિક્ષણ, અનુભવ અને જવાબદારીઓ (TEER)ની શ્રેણી (0 થી 5)ની નોકરીમાં કામ કરે છે અથવા મુખ્ય અરજદાર છે અને તેની પાસે ઓપન વર્ક પરમિટ છે. **2.** જીવનસાથી, સામાન્ય કાયદાના ભાગીદારો અને કામદારોના આશ્રિતો TEER 4 અથવા 5ની નોકરીમાં મોસમી કૃષિ કાર્યકર કાર્યક્રમના ઓછા વેતન પ્રવાહ અને અસ્થાયી વિદેશી કામદાર કાર્યક્રમના કૃષિ પ્રવાહ હેઠળ આ સમયે અરજી કરવા પાત્ર નથી.

આ પગલું અમલમાં આવ્યું ત્યાં સુધી, વર્ક પરમિટ માત્ર ઉચ્ચ-કુશળ વ્યવસાયોમાં મુખ્ય અરજદારોના જીવનસાથી અને પરિવારના સભ્યો માટે જ ઉપલબ્ધ હતી. TFWsના જીવનસાથી, આશ્રિતો અને કોમન-લો પાર્ટનર્સને કામચલાઉ ધોરણે વર્ક પરમિટ જારી કરીને, સરકાર નાણાકીય સ્થિરતામાં સુધારો કરીને અને પરિવારો માટે એકસાથે રહેવાનું અને તેમના સમુદાયોમાં એકીકૃત થવાનું સરળ બનાવીને કામદારોમાંથી કેટલાકનાં તણાવને દૂર કરવાની આશા રાખે છે.

જાન્યુઆરી અને ઓક્ટોબર 2022ની વચ્ચે, કેનેડાએ 645,000થી વધુ વર્ક પરમિટ જારી કરી હતી. જે 2021માં આ જ સમયગાળામાં જારી કરાયેલી 163,000 વર્ક પરમિટ કરતાં લગભગ ચાર ગણી છે.

# કેમ્પિંગ સહિતની પ્રવૃત્તિ માટે પાર્ક્સ કેનેડા દ્વારા રિઝર્વેશન સિસ્ટમને અપડેટ કરાઈ

## અગાઉના બુકિંગ વિશે માહિતી સેવ કરી લેવા નાગરિકોને અનુરોધ

**કેલગેરી**

પાર્ક્સ કેનેડા કહે છે કે, મુલાકાતીઓ માર્ચમાં દેશભરમાં તેની સાઈટ્સ ઉપર કેમ્પિંગ અને અન્ય પ્રવૃત્તિઓ માટે રિઝર્વેશન કરાવવાનું શરૂ કરશે. દરેક રાષ્ટ્રીય ઉદ્યાન, ઐતિહાસિક સ્થળ અને દરિયાઈ સંરક્ષણ વિસ્તાર પર ઓનલાઈન પોસ્ટ કરાયેલી રિઝર્વેશનની તારીખો અલગ અલગ હોય છે.

પાર્ક્સ કેનેડાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, બુકિંગ તાજેતરના વર્ષો કરતાં થોડા મહિના પછી શરૂ થયું છે. કારણ કે, રિઝર્વેશન સિસ્ટમ જૂની થઈ રહી છે અને તેને કેટલાક અપગ્રેડની જરૂર છે. એજન્સીનું કહેવું છે કે આ સિસ્ટમ પહેલાની સિસ્ટમ કરતા અલગ હશે, પરંતુ તે સમાન સુવિધાઓ આપશે અને કાર્યો કરશે.

તેણે ઉમેર્યું કે, જે કોઈ પણ વ્યક્તિ અગાઉના બુકિંગ વિશે માહિતી સેવ કરવા માંગતી હોય તે 26 ફેબ્રુઆરી પહેલા કરી લે. બધા વપરાશકર્તાઓએ 3જી માર્ચ પછી અને તે મહિના પછી કોઈપણ પ્રકારનું આરક્ષણ કરવાનું શરૂ કરાવતા પહેલા અપગ્રેડ કરેલી સિસ્ટમ ઉપર એક નવું યુઝર એકાઉન્ટ બનાવવું જરૂરી છે.


HARISON TRUXCOOL INC. Transportation Training Institute

AZ TRACTOR TRAILER MELT PROGRAM & AIR BRAKE COURSE

HARISON TRUXCOOL INC.

Registered as a Private Career College under the Private Career Colleges Act, 2005

કેનેડામાં સૌ પ્રથમવાર ગુજરાતી ટ્રક ડ્રાઈવિંગ સ્કૂલ

We are Specialized In:
- AZ Tractor Trailer Program - MELT
- DZ Training (Non-Vocational)
- Air Brake - Z Endorsement Training (Non Vocational)

We are Offering:
- Flexible training Schedule
- 1:1 on road training
- 1:1 backing training
- 1:1 training for coupling uncoupling
- Financing with 0% interest Available
- Air brake classes every week



We encourage repeater student with reasonable rate for Training & Road Test

: OFFICE:
220 Rutherford Road South, Unit # 208 & 210, Brampton, ON.L6W 3J6
: YARD :
6666 Rutherford Road, Kleinburg, ON. L0J 1C0
: CONTACT PERSON:
RAKESH GANDHI, Ph: 647-643-2700
E-mail: rakesh@harisontruxcool.com - Website: www.harisontruxcool.com

TRANSPORTATION TRAINING INSTITUTE
• AIR BRAKE LICENSE • FLEXIBLE SCHEDULE
• EXPERIENCED INSTRUCTORS

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA


Davinder Singh Chawla
TOLL : 1866.623.0865

Financial Hut Ltd.
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com


રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
સંપર્ક : +1 647-236-2061 (Whatsapp Number)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
+1 437-421-2992 Email :- info@swadesh.news
સ્વદેશ Leading Gujarati Newspaper



# ગુજરાતી સિનિયર ગ્રુપ દ્વારા પ્રજાસત્તાક દિન તેમજ ઉત્તરાયણની ભવ્ય ઉજવણી



## સભ્યોની વર્ષગાંઠ અને એનિવર્સરીની ઉજવણી બાદ ગીત અને નૃત્યની રમઝટ જામી

**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર ગ્રુપ, બ્રામ્પ્ટન દ્વારા તા. 29 જાન્યુઆરીના રોજ ગોરમેડો લાયબ્રેરી, બ્રામ્પ્ટન ખાતે મીટીંગ રાખવામાં આવી હતી. મીટીંગની થીમ પ્રજાસત્તાક દિન અને ઉત્તરાયણ હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થયા બાદ દક્ષાબેન રાજાએ સૌનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતુ. કુસુમબેને 'સારે જહાં સે અચ્છા' ગીત પર કસરત કરાવ્યા પછી ભારતનું રાષ્ટ્રગીત 'જન-ગણ-મન' અને 'OH CANADA'નું સમુહગાન કરાયું હતુ. મનુભાઈ પટેલે મંડળને લગતા જરૂરી સૂચનો કર્યા હતા. હર્ષદભાઈ પટેલે પણ Cuba trip વિશે ચર્ચા કરી હતી. જે બાદ જાન્યુઆરીમાં મંડળના જે સભ્યોની બર્થ ડે અને એનિવર્સિરી હોય, તે ઉજવવામાં આવી હતી.

ટી-બ્રેક પછી 'ભાગ-ભાગ રે ફિરંગી' ગીત પર કલ્યાણીબેને ખૂબ જ સુંદર, નયનરમ્ય નૃત્ય રજૂ કર્યું હતુ. કૌશિકભાઈ પંડ્યાએ 'મેરા દેશ રંગીલા' ગીત રજૂ કર્યું તથા સુભાષભાઈ અને સુવર્ણબેને 'ચલી ચલી રે પતંગ' ગીત પર ડાન્સ કર્યો હતો. ત્યારબાદ દેશભક્તિના રી-મીક્સ સોન્ગ્સ પર દિપીકાબેન અને ગ્રુપે ડાન્સ રજૂ કર્યો હતો.

ડીનરના સ્પોન્સર દક્ષાબેન મહેન્દ્રભાઈ પટેલ હતા. જમણમાં લાડુ, બટેટા-વડા, પૂરી, દાળ-ભાત-શાક, પાપડ-પાપડી હતા.

અંતમાં દક્ષાબેને 30 જાન્યુ. ગાંધી નિર્વાણ દીન નિમિત્તે 'વૈષ્ણવ જન તો' ગીત ગાઈ સૌ સભ્યોનો, કમિટી સભ્યોનો, કીચન કમીટી, સર્વ કલાકાર ભાઈ, અનિલભાઈ જેઠવા તથા કાર્યક્રમના સંકલનકર્તા જ્યોતિબેનનો આભાર માન્યો હતો.

# ટોરોન્ટોમાં સ્વરાનુરાગ દ્વારા ભજન સંધ્યા : મંગલાથી શયન સુધીના કીર્તન








## બાલકૃષ્ણને જગાવવાનું કીર્તન રાગ -આહીર ભૈરવમાં રજૂ થતા ભક્તો ભાવવિભોર થઈ ગયા

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં સ્વરાનુરાગ એ હિન્દુસ્તાની સંગીતના ચાહકોનું એક સમર્પિત ગ્રુપ છે. જે છેલ્લા ૧૨ વર્ષથી શાસ્ત્રીય સંગીતને ઉજાગર કરી રહ્યું છે. ૨૦૨૩ની પ્રથમ ઘર બેઠક યજમાન રીશિરાજ અને કીર્તનબેનના નિવાસ સ્થાન ૧૫૪, નોર્થ યોર્ક એડમોન્ટોન ખાતે ગત તા.૨૮ ૧૨-૨૩ની સલુણી પુષ્ટિ માર્ગીય કીર્તન સંધ્યા યોજાઈ હતી.

પુષ્ટિ માર્ગ પ્રણાલીમાં મંગલાથી શયન સુધીના કીર્તન સ્વારાનુરાગના સાધકો દ્વારા ગવાયાં હતા. સૌ પ્રથમ મંગળા બાલકૃષ્ણને જગાવવાનું કીર્તન રાગ -આહીર ભૈરવમાં જાગીયે ગોપાલ લાલ ...માનસી મેહતા અને બ્રિન્દા ગોસ્વામીએ ગાયુ હતુ. આલાપચારી અને સ્વરિલ ગાયનએ શ્રોતા ઓને મંગલ દર્શન કરાવી દીધાં હતા. તેમનું બીજું કીર્તન રાગ પૂર્વીમાં આગે ગાય પાછા ગાય, ઈત ગાય, ઉત ગાય આવનીનું પદ પણ ઉત્તમ ગવાયું હતુ. બીજી જોડી વિથા ક્રિષ્નમૂર્થી અને કુમુદ પટેલની હતી. જેણે કલેવા રાગ બિભાસમાં અને મૈયા મોહે માખણ મિસરી ભાવે, ત્રીજું રાગ સારંગમાં મીઠો મદન ગોપાલ સરસ લય સાથે ગવાયું હતુ. બાળગાયક પવિત્રએ રાગ આશાવરીમાં પ્રિય નવનીત પાલને ઝૂલે શ્રી વિટ્વલનાથ, ઝુલાવે હો ગીતે સૌના દિલ જીતી લીધાં.

ત્રીજી જોડીમાં ઉષ્મા દેસાઈ અને કીર્તનબેને રાગ અલહૈયામાં ગીત રજૂ કર્યું હતુ. ભક્તિ પૂર્ણ વાતાવરણમાં સંધ્યાનું સમાપન થયું હતુ. યજમાન રિષી રાજ અને કીર્તનના સૌજન્યથી સૌએ મહાપ્રસાદનો સ્વાદ માણ્યો હતો. ઉત્પલ નાગોરી અને પ્રકાશ બારભાયા તેમજ જીતભાઈની સેવાઓથી પ્રસંગ દીપી ઉઠયો હતો. હવે પછી સ્વારાનુરાગ નો રસિયા નો બીજો કાર્યક્રમ માર્ચ માસમાં યોજાશે .






તંત્રી સ્થાનેથી

# 30 હજાર શબ્દના રિપોર્ટે અદાણી જૂથના 4 લાખ કરોડ ધોઈ નાંખ્યા

અમેરિકન ફાઈનેન્સિયલ રિસર્ચ ફર્મ હિંડનબર્ગે અદાણી જૂથ અંગે રજૂ કરેલા એક સંશોધને દુનિયાભરમાં ખળભળાટ મચાવી દીધો છે. 30 હજાર શબ્દના આ રિપોર્ટમાં અદાણી જૂથ સામે અનેક ગંભીર આક્ષેપો થતાં અઠવાડિયામાં જ આ જૂથને 4 લાખ કરોડથી પણ વધુનું નુકસાન થઈ ગયુ છે. જો કે, રિપોર્ટમાં મુકાયેલા આક્ષેપોને નકારતા અદાણી ગ્રૂપે પણ કેટલાક સવાલોના જવાબ પણ આપ્યા છે, પરંતુ તેમ છતાં રોકાણકારોમાં ગભરાટ ફેલાયેલો છે.



તંત્રી - સ્વદેશ

24 જાન્યુઆરીના રોજ અમેરિકન ફાઈનેન્સિયલ રિસર્ચ ફર્મ હિંડનબર્ગે એક રિપોર્ટ જારી કર્યો, તે પછી ભારતના કોર્પોરેટ જગતમાં ભૂકંપ સર્જાયો છે. અહેવાલના બે દિવસ પછી એટલે કે 27 જાન્યુઆરીએ ગૌતમ અદાણીની કંપની શેરબજારમાં સેકન્ડરી શેર ઈસ્યૂ લાવવાની હતી. આ કોઈ નાનો ઈસ્યૂ નોહતો, પરંતુ રૂ. 20,000 કરોડનો સૌથી મોટો FPO છે. રિસર્ચ ફર્મે રિપોર્ટમાં અદાણી ગ્રૂપને 88 પ્રશ્નો પૂછ્યા છે. જેમાં ઘણા પ્રશ્નો ખૂબ ગંભીર છે અને સીધા અદાણી ગ્રૂપના કોર્પોરેટ ગવર્નન્સને નિશાન બનાવે છે. અત્યાર સુધી તો હિંડનબર્ગ રિસર્ચએ નાની કંપનીઓને અડફેટે લીધી હતી, પણ આ વખતે અદાણી જેવા વિશ્વમાં જેની ગણના ટોચના ઔદ્યોગિક ગૃહમાં થયા છે, તેની સામે પડવાની હિંમત કરી છે. હિંડનબર્ગ રિસર્ચ કંપની ફોરેન્સિક નાણાકીય સંશોધનમાં નિષ્ણાત હોવાનો દાવો કરે છે. કંપનીની વેબસાઈટ અનુસાર, આ કંપની શેર, ક્રેડિટ અને ડેરિવેટિવ્ઝનું વિશ્લેષણ કરે છે. કંપનીએ પોતાની વેબસાઈટ પર લખ્યું છે કે તે માનવસર્જિત ગોટાળા એટલે કે કંપનીના ચોપડામાં રહેલી ગરબડ, કંપનીઓની અંદર ચાલી રહેલા ગેરવહીવટ અને કંપનીના વ્યવહારોને ઉજાગર કરે છે. અમેરિકાની એક ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ફર્મના રિપોર્ટમાં અદાણી જૂથ પર ગંભીર આરોપો મુકતા દાવો કરાયો છે કે, અદાણી જૂથની કંપનીઓ દેવામાં ડૂબેલી છે. ઉપરાંત અદાણી જૂથ દાયકાઓથી સ્ટોક મેનીપ્યુલેશન અને એકાઉન્ટિંગ ફ્રોડમાં સામેલ છે. આ સિવાય આ કંપની પોતાનું રોકાણ પણ કરે છે. કંપનીઓનો પોતે કંપનીઓમાં નાણાં પણ રોકે છે. હિંડનબર્ગ રિસર્ચ કંપની પ્રોફાઈલ મુજબ, કંપની પોતે એક્ટિવિસ્ટ શોર્ટ સેલર છે.

હિંડનબર્ગ રિસર્ચ કંપનીના વડા નાથન એન્ડરસન છે. તેઓ આ રિસર્ચ ફર્મના સ્થાપક છે. કનેક્ટિકટ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યા બાદ એન્ડરસને પોતાની કારકિર્દીની શરૂઆત ફેક્ટસેટ રિસર્ચ નામની ડેટા કંપની સાથે કરી હતી. અહીં તેમનું કામ ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ સાથે સંબંધિત હતું. ત્યારબાદ તેણે વર્ષ 2017માં તેની શોર્ટ સેલિંગ ફર્મ હિંડનબર્ગ રિસર્ચ શરૂ કરી હતી. તમને કદાચ નવાઈ લાગશે, પણ હિંડનબર્ગ રિસર્ચના સ્થાપક આ નાથન એન્ડરસન અગાઉ ઈઝરાયેલમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર રહી ચૂક્યા છે. ખેર હવે વાત મુખ્ય મુદ્દાની કરીએ. અદાણી ગ્રૂપનો ખુલાસો કરતા પહેલા હિંડનબર્ગ રિસર્ચ અગાઉ અનેક કંપનીઓ વિશે આવા રિપોર્ટ જાહેર કરી ચૂકી છે. વિવિધ કંપનીઓ વિશે આવા રિપોર્ટને કારણે સંબંધિત કંપનીઓના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. વર્ષ 2017માં હિંડનબર્ગ રિસર્ચની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીમાં આ ફર્મ લગભગ 16 કંપનીઓમાં કથિત ગેરરીતિઓ સંબંધિત મોટા ખુલાસા કરી ચૂકી છે.

2020માં રિસેર્ચ ફર્મે નિકોલા વિશે ખુલાસો કર્યા બાદ કંપનીના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. નિકોલા એક ઈલેક્ટ્રિક વાહન ઉત્પાદન કરતી કંપની હતી. આ કંપનીએ રોકાણકારોને તેમના નવા વાહનો વિશે માહિતી આપીને છેતર્યા હતા, જ્યારે વાસ્તવમાં તેમની પાસે કોઈ વાહન નહોતું. 2016થી હિંડનબર્ગ રિસર્ચે આવા ડઝનેક રિપોર્ટ બહાર પાડ્યા છે, જેના કારણે ઘણી કંપનીઓના શેર ભયાનક રીતે તૂટી ગયા હતા. વિન્સ ફાઈનાન્સ, ચાઈના મેટલ રિસોર્સિસ, એચએફ ફૂડ્સ અને રાયોટ બ્લોકચેન જેવી કંપની ભોંઈ ભેગી થવા પાછળ પણ આ જ ફર્મના રિપોર્ટ જવાબદાર છે. હિંડનબર્ગ રિસર્ચ મહિનાઓ અને ક્યારેક વર્ષોનો સંશોધન પછી કોઈપણ કંપનીમાં ગરબડની તપાસ પર વિગતવાર અહેવાલ તૈયાર કરે છે અને પછી તેને જાહેર કરે છે. કંપનીની વેબસાઈટ અનુસાર, તે સૂત્રો પાસેથી મળેલી માહિતીના આધારે સંશોધન કરે છે. આ માહિતી મેળવવી એટલું સરળ હોતું નથી. હિંડનબર્ગના હાલના રિપોર્ટમાં દાવો કરાયો છે કે, અદાણી ગ્રૂપ પર શેરબજારમાં લિસ્ટેડ મહત્વની કંપનીઓ પર ઘણું દેવું છે. આ શેરો ગિરવે મૂકીને આસમાને પહોંચતા વેલ્યુએશન સાથે લોન લેવામાં આવી છે, જેના કારણે સમગ્ર જૂથની આર્થિક સ્થિતિ મુશ્કેલીમાં આવી શકે છે.

ટૂંકા ગાળામાં કંપની કેશ ફ્લોના સંદર્ભમાં સમસ્યાઓનો સામનો કરી શકે છે. મૂળભૂત વિશ્લેષણ મુજબ તે 85 ટકા સુધી ઘટી શકે છે. આ રિપોર્ટમાં એવો દાવો પણ કરાયો કે અદાણી ગ્રૂપ વિરુદ્ધ 4 મોટી તપાસ કરાઈ છે, જેમાં મની લોન્ડરિંગ, ટેક્સ ચોરી અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દા છે. જોકે, હિંડનબર્ગ રિસર્ચના રિપોર્ટમાં કરાયેલા તમામ આરોપોને પાયાવિહોણા ગણાવતા અદાણી ગ્રૂપના લીગલ હેડ જતિન જલુંધવાલાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે હિંડનબર્ગ રિપોર્ટ સામે કાયદાકીય પગલાં લેવાની તૈયારી કરી રહ્યા છીએ. આ માટે અમે અમેરિકન અને ભારતીય કાયદા હેઠળ કાર્યવાહી કરીશું. ગૌતમ અદાણી ગ્રૂપે યુએસ ઈન્વેસ્ટમેન્ટ ફર્મના રિપોર્ટ બાદ 'ઈરાદાપૂર્વક ખોટી માહિતી' રજૂ કરવાનો આરોપ મૂક્યો છે. જતિન જલુંધવાલાએ એવું પણ જણાવ્યું હતું કે, આવા રિપોર્ટને કારણે ભારતીય શેરબજારમાં અસ્થિરતા સર્જાઈ છે તે ખૂબ જ ચિંતાજનક છે. ફર્મના રિપોર્ટ પછી બજારમાં અદાણી જૂથના શેર તુટતા રહ્યા હતા. તેથી અદાણી ગ્રૂપે તેની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસની રૂ. 20,000 કરોડની ફોલો-ઓન પબ્લિક ઓફર (FPO) પાછી ખેંચી લીધી હતી. આ પછી ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે સંપૂર્ણ સબ્સ્ક્રાઈબ એફપીઓ પછી મંગળવારે તેને પાછો ખેંચી લેવાના નિર્ણયથી ઘણાને આશ્ચર્ય થયું હશે. પરંતુ બજારના ઉતાર-ચઢાવને જોતા બોર્ડને લાગ્યું કે, FPO સાથે આગળ વધવું નૈતિક રીતે યોગ્ય રહેશે નહીં. કંપનીનો ઉદ્દેશ્ય શેરબજારમાં આવતા ઉતાર-ચઢાવને ધ્યાનમાં રાખીને તેના રોકાણકારોના હિતોનું રક્ષણ કરવાનો છે. એટલા માટે અમે FPOમાંથી મળેલી રકમ પરત કરવા જઈ રહ્યા છીએ. બીજીબાજુ વિવાદ ચગતા આરબીઆઈએ ગુરુવારે અદાણી જૂથ પાસે તેની વિવિધ ઘરેલુ બેંક પાસેના રોકાણ અને લોન વિશેની જાણકારી માંગી હતી. હવે આખા પ્રકરણમાં સૌથી મહત્વનું એ છે કે, ફર્મે અદાણી જૂથને જે 88 પ્રશ્નો પુછ્યા તેના જવાબમાં હિંડનબર્ગને પણ બે મહત્વપૂર્ણ પ્રશ્નો પૂછવા પડે તેમ છે. પહેલો સવાલ કે શું પોતાને 'એક્ટિવિસ્ટ શોર્ટ સેલિંગ' ગણાવતી કંપની અબજો રૂપિયાનો નફો કરવા માટે તો આ રિપોર્ટ અત્યારે નથી લાવી ? બીજો સવાલ 27 જાન્યુઆરીના રોજ અદાણી એન્ટરપ્રાઈઝના રૂ. 20,000 કરોડનો FPO આવી રહ્યો હતો તે પહેલા શું રિસેર્ચ ફર્મે અરબો રૂપિયા કમાઈ લેવા ઈરાદાપૂર્વક આ રિપોર્ટ જાહેર કર્યો નથી ને?

manoj1968@yahoo. ca






# દુષ્કર્મ કેસમાં આસારામને આજીવન કેદ

**સુરત**



મોટેરાના આસારામ આશ્રમમાં ૨૭ વર્ષ અગાઉ સુરતની મહિલા ઉપર દુષ્કર્મ કરવાના ગુનામાં વર્ષ ૨૦૧૩માં થયેલી ફરિયાદના અનુસંધાને ગાંધીનગર સેશન્સ કોર્ટમાં નવ વર્ષ સુધી ચાલેલી સુનાવણી દરમ્યાન કોર્ટે આસારામને આજીવન કેદની સજા ફટકારી છે અને ભોગ બનનાર પિડીતાને પચાસ હજાર રૂપિયાનું વળતર ચૂકવવા માટે પણ હૂકમ કરવામાં આવ્યો છે. આરોપી આસારામ ગુનાની ટેવવાળો હોવાથી અને અન્ય દુષ્કર્મના કેસમાં જ સજા ભોગવતો હોવાથી મહત્તમ સજાની દલીલને કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

વર્ષ ૧૯૯૬માં સુરતથી આસારામ આશ્રમમાં આવેલી મહિલાને ગુરુપુનમ પહેલા આસારામ દ્વારા તેની કુટીરમાં બોલાવવામાં આવી હતી અને માલીશ કરવાના બહાને તેની સાથે બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો એટલુ જ નહીં, આ મહિલા જો કોઈને કહેશે તો તેને ભષ્મ કરી દેવાની પણ આસારામે ધમકી આપી હતી. આસારામ સામે ફરિયાદ કરવી મુશ્કેલ બની હતી ત્યારે રાજસ્થાનના જોધપુરમાં આસારામની ધરપકડ થયા બાદ આ મહિલાની હિંમત ખુલી હતી અને ચાંદખેડા પોલીસ મથકમાં આશુમલ ઉર્ફે આસારામ સામે બળાત્કારનો કેસ દાખલ કરાવ્યો હતો. ચાર્જસીટ બાદ ગાંધીનગર એડિ. સેશન્સ જજશ્રી ડી.કે.સોનીની કોર્ટમાં કેસ ચાલ્યો હતો જ્યાં સ્પે.સરકારી વકિલ આર.સી. કોડેકર અને સુનિલ પંડયા દ્વારા આ કેસને ૧૦૧ સાક્ષીઓમાંથી ૫૧ જેટલા સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી.

ગઈકાલે કોર્ટે આ ગુનામાં ૭ આરોપીઓને નિર્દોષ છોડીને આસારામને દોષિત ઠેરવ્યો હતો ત્યારે આજે સવારે વિડીયો કોન્ફરન્સથી આરોપી આસારામને હાજર રાખીને કોર્ટે બન્ને પક્ષોની દલીલ સાંભળી હતી.

# 9 વર્ષીય બાળકી સાથે દુષ્કર્મ-હત્યાના કેસમાં આરોપીને ફાંસીની સજાનો આદેશ

**વલસાડ**

વાપીમાં 7 ફેબ્રુઆરી, 2020ના દિવસે એક ધોરણ 4માં અભ્યાસ કરતી બાળકીનો મૃતદેહ તેના ઘરમાંથી ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. વાપી ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં રહેતા પરપ્રાંતીય પરિવારની ધોરણ ચારમાં અભ્યાસ કરતી 9 વર્ષની બાળકીનો મૃતદેહ તેના જ ઘરમાં પંખે લટકતી હાલતમાં મળી આવ્યો હતો. આ સનસનીખેજ હત્યાના મામલે વાપી પોલીસે રાજેશ ગુપ્તા નામના આરોપીની ધરપકડ કરી હતી. બાળકી એકલી જ ઘરમાં હતી ત્યારે આરોપીએ મોકો જોઈ બાળકીના ઘરમાં પ્રવેશ કર્યો હતો અને ત્યારબાદ બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બાળકીએ બુમાબુમ કરતા આરોપીએ નવ વર્ષીય માસૂમ બાળકીનું મોઢું દબાવી ગળે ટૂંપો આપી તેની હત્યા કરી હતી. વાપી કોર્ટે આરોપી પ્રદીપ ઉર્ફે રાજેશ રામેશ્વર રાજકુમાર ગુપ્તાને દેહાંત દંડ તથા પોક્સો એક્ટની કલમ ૬માં દેહાંત દંડ તથા આઈપીસીની કલમ-૨૦૧ નાં ગુનામાં સાત વર્ષ ની સજા અને રૂપિયા દસ હજાર દંડ અને જો દંડના ભરે તો વધુ બે વર્ષની સજાનો હુકમ કર્યો છે. વધુમાં આ ગુનાંમાં ભોગબનનારના માતા-પિતા ને 17 લાખ રૂપિયા વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે .

# સુરતમાં ફિલ્મી ઘટનાની જેમ ચોરાયેલા કરોડોના હીરા વેપારીઓને પરત મળ્યા

**સુરત**

ઓક્ટોબરમાં આંગડિયા પેઢીના માણસો અમરેલીથી ટ્રાવેલ્સમાં બેસીને સુરત જતાં હતાં. આ દરમિયાન મોડી રાત્રે ધોળકા પાસે એજ બસમાં બેઠેલા 11 માણસોએ બસ રોકાવીને કરોડોની લૂંટ ચલાવી હતી. બસમાંથી આંગડિયા પેઢીના માણસો પાસેથી કિંમતી હીરા તથા રોકડ રકમ મળી કુલ રૂ. 2 કરોડ 75 લાખના મુદ્દામાલની લૂંટ ચલાવી હતી. ત્યાર બાદ લુંટારાઓ બસમાંથી નીચે ઉતરી કારમાં બેસીને ફરાર થઈ ગયાં હતાં. આ ઘટના બાદ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આંગડિયા પેઢીના કર્મચારીના લૂંટ કેસનો કરોડોનો મુદ્દામાલ વેપારીને પરત અપાવ્યો છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ 299 નંગ હીરાનું પાર્સલ વેપારીને પરત અપાવ્યું છે. ગુજરાતમાં લૂંટ કરવામાં પકડાયેલો મુદ્દામાલ પહેલી વાર કોઈને પરત આપવામાં આવ્યો છે.

# સુરતમાં બે યુવાનોના આપઘાત, એકે ફાંસો ખાધો, બીજો 10માં માળેથી કૂદ્યો

## ખટોદરાના યુવકે માતાને મેસેજ કરીને આપઘાત કર્યો

**સુરત**

ખટોદરા વિસ્તારમાં રહેતા 18 વર્ષીય હાર્દિક ઝડફીયા નામના યુવકે પોતાના જ ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો આપઘાત પહેલા તેણે પોતાની માતાને વોટ્સએપ પર સોરી મમ્મી લખીને મેસેજ કર્યો હતો. આ સમગ્ર મામલે ખટોદરા પોલીસ દ્વારા તપાસ શરુ કરવામાં આવી છે. 4 દિવસ પહેલા જ તેનો જન્મદિવસ હતો અને 18 વર્ષ પુરા થયા હતા. તેણે મમ્મી પાસે પૈસા માંગ્યા હતા. મમ્મીએ પૈસા નથી તેમ જણાવ્યું હતું અને ત્યારબાદ તેણે મમ્મીને સોરી લખીને મેસેજ મોકલી આપઘાત કરી લીધો હતો. બીજી તરફ સુરતના સારોલી ખાતે બીએચએમએસના વિદ્યાર્થીએ દસમાં માળેથી કૂદીને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. આશિષ મહેશભાઈ કલસરિયા 5 દિવસ પહેલા સુરત આવ્યો હતો અને સુરતના સારોલી વિસ્તારમાં આવેલા નેચરવેલી હોમ્સ ખાતે સબંધીને ત્યાં રહેતો હતો. તેણે ભટાર સ્થિત કોલેજમાં બીએચએમએસમાં એડમિશન લીધું હતું પરંતુ કોલેજ અને હોસ્ટેલની વ્યવસ્થા થાય ત્યાં સુધી તે સબંધીના ઘરે રહેતો હતો.

# ડુમસ નજીક રૂ.151 કરોડની રેતી ચોરી કર્યાના આક્ષેપ સાથે ગ્રામજનોનો મોરચો

**સુરત**

સુરતની તાપી નદીના મુખમાં ડુમસ નજીક નવસારીની મેસર્સ એમ એમ ઈન્ફ્રા બિલ્ડકોનને બે સ્થળેથી એક એક લાખ ટન રેતી કાઢવાની ગાંધીનગર જીઓલોજીસ્ટમાંથી મંજુરી આપવામાં આવ્યા બાદ અત્યાર સુધીમાં અંદાજે રૂા.૧૫૧ કરોડનું રેતી કૌભાંડ કર્યાના આક્ષેપ સાથે ગ્રામજનોએ આ પ્રવૃતિ બંધ કરી તટસ્થ તપાસ કરવા માટે માંગ કરી હતી. સુરત શહેરના છેવાડાના ડુમસ અને અન્ય ગ્રામજનોએ આજે કલેકટરાલય ખાતે મોરચો કાઢીને તાપી નદીના મુખમાં ચાલી રહેલી રેતીખનનની પ્રવૃતિ સામે આજે આક્રોશ વ્યકત કરી રજુઆત કરી હતી. જેમાં મેસર્સ એમ એમ ઈન્ફ્રા બિલ્ડકોનને રેતીખનની મંજુરી આપવામાં આવતા ડુમસ નજીક બાર્જથી યાંત્રિક બોટ થી મોટાપાયે રેતીખનન શરૂ કરતા ગ્રામજનોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.



# US મોકલવાના નામે 55 લાખ પડાવનાર ઠગે કહ્યું, ફ્રોડ બહુ થાય છે, આંગડિયુ કરજો

## મહેસાણામાં બોગસ આંગડિયા પેઢી ઉભી કરી રૂપિયા જમા કરાવી ફરાર ગઠિયા ફરાર થઇ ગયા

**વડોદરા**

યુક્રેનથી પાછા આવેલા એક યુવકને અમેરિકા મોકલવાના નામે રૂ.૫૫ લાખનો સોદો કર્યા બાદ ચૂનો ચોપડનાર ઠગ ભાવેશ ઉર્ફે હિતેષને સયાજીગંજ પોલીસે ઝડપી પાડી મહેસાણા પોલીસને જાણ કરી છે.

ગાંધીનગર નજીક ઉવરસદ ગામે રહેતા અને શેરબજારનો વ્યવસાય કરતા પ્રવિણભાઈ પટેલે પોલીસને કહ્યું છે કે,ધંધાના કામઅર્થે યુક્રેન ગયો ત્યારે મારે એક પરિચિતના માધ્યમથી એજન્ટ હિતેષ પાટીલનો મોબાઈલ નંબર મળ્યો હતો.મારે અમેરિકા જવું હોવાથી હિતેષ પાટીલે રૂ.૫૫ લાખ નક્કી કર્યા હતા. હિતેષે કહ્યું હતું કે,મારી વડોદરામાં ઓફિસ છે.પરંતુ તમારે મહેસાણામાં આર એમ એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા પેઢીમાં રૂપિયા જમા કરાવવાના રહેશે.જેથી તમામ વાતચીત કર્યા બાદ આંગડિયામાં રૂપિયા જમા કરાવ્યા હતા. પરેશ પટેલે ફરિયાદમાં કહ્યું છે કે, રૂપિયા જમા કરાવ્યા બાદ હિતેષે ફોન લેવાનું બંધ કર્યું હતું.જેથી મેં આંગડિયા પેઢીમાં તપાસ કરતાં તે ઓફિસ પણ બંધ થઈ ગઈ હતી. વધુ તપાસ કરતાં હિતેષનું મૂળ નામ ભાવેશ ઘનશ્યામભાઈ (રહે.પુષ્પમ હાઈટ્સ,બંસલ મોલ સામે,તરસાલી અને સોખડા,વડોદરા) હોવાનું ખૂલ્યું હતું.જેથી મહેસાણા પોલીસે આ અંગે ગુનો નોંધ્યો હતો.વડોદરાની સયાજીગંજ પોલીસે ભાવેશ ઉર્ફે હિતેષને ગઈકાલે ઝડપી પાડયો હતો અને મહેસાણા પોલીસને સોંપવાની તજવીજ કરી છે.

# કેનેડા જતી દીકરી પિતા સાથે ઝેરોક્સ કઢાવવા ગઈ ને ગાડીમાંથી બેગ ગાયબ

## પાસપોર્ટ વીઝા સહિત 1.41 લાખની મત્તા ચોરાઈ

**નડિયાદ**

નડિયાદ યોગીનગર સીમરન બંગલો ખાતે રહેતા રણજીતસીંગ સિંગારસીંગ બાજવાની દીકરી સિમરનને કેનેડા જવાનું હોવાથી ૨૮મી જાન્યુઆરીએ રણજીતસીંગ તથા સીમરન ૨૭ જાન્યુઆરીએ બપોરના ૨ વાગે ગાડીમાં બેસી રેલવે સ્ટેશન જવા નીકળ્યા હતા. જેમાં સિમરનની એક બેગ ગાડીમાં પાછળના ભાગે મૂકી હતી અને અગત્યનો સામાન સિમરને પોતાની સાથેની બેગમાં મૂક્યો હતો. જેમાં જેકેટ, જેકેટના ખિસ્સામાં સોનાની વીંટી, પર્સ હતું. જે પર્સમાં એરપોડ નંગ-૨, ચાંદીનો ગોલ્ડ પ્લેટેડ દીવો, ૨ હજાર કેનેડિયન ડોલર (અં. કિં. રૂ. ૧.૨૪ લાખ) તથા સિમરનના ત્રણ પાસપોર્ટ તથા અન્ય એક પાસપોર્ટ, હતા. દરમિયાન સિમરનના ડોક્યુમેન્ટની ઝેરોક્સ કાઢવાની હોવાથી રણજીતસીંગ પોતાની ગાડી કાવેરી કોમ્પલેક્ષ સામે ગયા હતા. દરમિયાન કોઈ અજાણ્યો શખ્સ આગળના ખાલી સાઈડના દરવાજાનો કાચ તોડી ડોક્યુમેન્ટસ તથા ડોલર ભરેલી બેગની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

# કામરેજના ભૂતપૂર્વ ધારાસભ્યની મિલકત જપ્ત કરવા ફરી આદેશ

## આદેશનું પાલન નહીં થતા અરજદારના વકીલે ફરી અરજી કરી

**સુરત**

સુરતના કામરેજના પૂર્વ ધારાસભ્ય વી ડી ઝાલાવાડિયાની મિલકત જપ્તીનો આદેશ કરાયો છે. મોટર એક્સિડન્ટ કેસમાં વળતર નહીં ચૂકવવા બદલ મિલકત જપ્તીનો આદેશ કરાયો છે. ૨૪ લાખ ૧૯ હજારની મિલકતો જપ્ત કરવા વોરન્ટ રિ-ઈશ્યૂ કરાયો છે. અરજદાર તરફથી એડવોકેટ ગૌતમ લાઠિયાએ જપ્તી માટે અરજી કરી હતી.

વી ડી ઝાલાવાડિયાને એક્સિડન્ટ કેસમાં વળતર ચૂકવવા કોર્ટે આદેશ કર્યો હતો જેણે તે વળતર ન ચુકવતા કોર્ટે મિલકત જપ્તીનો આદેશ કર્યો છે. ૨૦૧૬માં સરથાણામાં હિરેન લીંબાણીની ટ્રક સાથે બાઈક અથડાતા યુવકનું મોત થયું હતું. મૃતકના પરિવારે કોર્ટમાં અકસ્માત વળતર મામલે કેસ કર્યો હતો. જેમાં કોર્ટે ૨૪ લાખ ૭૫ હજાર ચૂકવવા હુકમ કર્યો હતો. કોર્ટના આદેશનું પાલન નહીં થતા અરજદારના વકીલે ફરી અરજી કરી હતી જે બાબતે કોર્ટે ફરી મિલકત જપ્તી માટે આદેશ કર્યો હતો. મિલકત જપ્તીના આદેશથી વી.ડી. ઝાલાવાડિયાની મુશ્કેલીઓ વધી છે.

# આંબેખડની સગીરા સાથે દુષ્કર્મ કરનાર કઠાણાના યુવકને 20 વર્ષની કેદની સજા

**આણંદ**

ખંભાત તાલુકાના આંબેખડા ગામની સગીરાને આજથી લગભગ સવા ચાર વર્ષ પૂર્વે બોરસદ તાલુકાના કઠાણા ગામની ભાટીયાપુરા સીમમાં રહેતા એક યુવકે ભગાડી લઈ જઈ સગીરા સાથે દુષ્કર્મ આચરવાના ગુનામાં આણંદની કોર્ટે કઠાણાના યુવકને વીસ વર્ષ સખત કેદની સજાનો હુકમ સંભળાવ્યો હતો.

બોરસદ તાલુકાના ધુવારણ-ખંભાત રોડ ઉપર આવેલ કઠાણા ગામની ભાટીયાપુરા સીમમાં રહેતો સંજયભાઈ ઉર્ફે અલ્લો ઈશ્વરભાઈ પરમાર ગત તા.૧૨ સપ્ટેમ્બર-૨૦૧૮ના રોજ



ખંભાતના આંબેખડા તાબે હરિપુરા સીમ વિસ્તારમાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને લગ્ન કરવાની લાલચ આપી પટાવી-ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ ગયો હતો. બાદમાં અલગ-અલગ જગ્યાએ લઈ જઈ સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવ અંગે ફરીયાદ બાદ પોલીસે સંજયભાઈ ઉર્ફે અલ્લો ઈશ્વરભાઈ પરમાર વિરુધ્ધ ગુનો નોંધી તા.૨૧મી સપ્ટેમ્બર-૨૦૧૮ના રોજ તેને ઝડપી પાડી ચાર્જશીટ રજૂ કરી હતી.આ કેસ આણંદના સ્પેશ્યલ પોક્સો જજ અને એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશે આરોપી સંજયભાઈ ઉર્ફે અલ્લો ઈશ્વરભાઈ પરમારને તકસીરવાન ઠેરવી વીસ વર્ષની સખત કેદની સજાનો હુકમ સંભળાવ્યો હતો. સાથે સાથે ભોગ બનનારને રૂા.૪ લાખ વળતર પેટે ચૂકવવાનો હુકમ પણ કર્યો હતો.

# પોરની હિન્દુ પરિણીતાનો અપમૃત્યુ કેસ હત્યા કરીને પ્રેમીએ જ લાશને દાટી દીધી

## કરજણાના ખેરડા ગામના ઇસ્માઇલ પરમારની પોલીસે અટકાયત કરી

**પોર**

પોર જીઆઈડીસીમાં રહેતી અને મૂળ ભાવનગરની વતની મિત્તલ રાજુભાઈ બાવળિયા તા.૨૨ના રોજ સાંજના સુમારે એકાએક ગુમ થઈ હતી. જે બાદ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. મિત્તલના કરજણ તાલુકાના ખેરડા ગામે રહેતા ઈસ્માઈલ ઈબ્રાહિમ પરમાર સાથે પ્રેમ સંબંધ હોવાની જાણ પણ પોલીસને આપી હતી. પોલીસે બાદમાં ઈસ્માઈલની પૂછપરછ કરી હતી. ઈસ્માઈલે પોલીસને જણાવ્યું હતું કે તા.૨૨ના રોજ સાંજે મિત્તલને પોર બોલાવી હતી અને ત્યાંથી બાઈક પર બેસાડીને જીઆઈડીસી પાસેના એક ખુલ્લા ખેતર પાસે લઈ જઈ તેની હત્યા કર્યા બાદ લાશને શેરડીના ડસ્ટમાં દાટી દીધી હતી. પોલીસે ઈસ્માઈલને સાથે રાખી તપાસ કરતા જે જગ્યાએ મિત્તલની લાશને દાટી હતી તે સ્થળે જેસીબી મશીનથી ખોદકામ કરાતા મિત્તલનો મૃતદેહ મળી આવ્યો હતો.

ઈસ્માઈલ પ્રાથમિક કબુલાત કરતાં પોલીસને જણાવ્યું હતું કે પૈસાની લેતીદેતી અને મિત્તલે મારો મોબાઈલ નંબર બ્લોકમાં મૂકી દીધો હોવાથી તેની રીસ રાખી હત્યા કરી હતી.

# પ્રેમલગ્ન કરનાર યુવતીના બીજે લગ્ન થતાં હતા ત્યાં જ પતિ મંડપમાં પહોંચ્યો

**સુરત**

મુંબઈ ઘાટકોપર રહેતો 33 વર્ષીય સ્વપનીલ તાનાજી સાબળે રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચાલવે છે. સ્વપનિલના સગા મામા રમેશભાઈ વિષ્ણુભાઈ નરવડે સુરતના ડીંડોલી વિસ્તારમાં રહે છે. જેથી તે અવાર નવાર તેમના ઘરે આવતો જતો હતો. આ દરમ્યાન સ્વપનિલને સગા મામાની દીકરી રીનલ સાથે 2014માં પ્રેમ સબંધ બંધાયો હતો અને બંને જણાએ 2017માં મુંબઈ સ્થિત મંદિરમાં લગ્ન કરી લીધા હતા.

લગ્નના 5 દિવસ બાદ તેના મામા મામી મુંબઈ આવ્યા હતા અને ફરીથી રીત રીવાજ મુજબ લગ્ન કરાવી આપશે. તેમ વાત કરી રીનલને પોતાની સાથે સુરત લઈ આવ્યા હતા. વર્ષ 2018માં સ્વપનિલ અને તેના ઘરના સભ્યો વિરુદ્ધ રીનલના અપહરણની ફરિયાદ ડીંડોલી પોલીસ મથકમાં નોંધાવી હતી. આ ઉપરાંત સ્વપનિલ દ્વારા બાંન્દ્રા સ્થિત ફેમીલી કોર્ટમાં લગ્ન હક્કના ફરીથી સ્થાપન માટે પીટીશન દાખલ કરી છે. જે પણ હાલમાં ચાલુ છે દરમ્યાન 31 જાન્યુઆરી 2023ના રોજ રીનલના લગ્નની જાણ સ્વપનિલને થતાં તે તેની માતા અને બહેન સાથે સુરત આવ્યો હતો અને લગ્ન ચાલુ હતો ત્યાં પહોચ્યો હતો. આ દરમ્યાન તેની મામી અને રીનલની બહેન સાથે સ્વપનિલને બોલાચાલી થઈ હતી અને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ સ્વપનિલને આપી હતી.

# વડોદરા પાસે વિશ્વામિત્રીના કોઝવે પરથી ટ્રેક્ટર પલટ્યું ડુબેલા ત્રણમાંથી બે બચ્યા

**આણંદ**

વડોદરાઃ વડોદરા જિલ્લાના પાદરા-કરજણ રોડ પર આજે નમતી બપોરે નદીમાં ટ્રેક્ટર પલટી જતાં ડુબેલા ત્રણમાંથી બે જણાને બચાવી લેવાયા હતા.જ્યારે એકનો પત્તો નથી. હુસેપુર ગામ નજીક બનેલા બનાવની પ્રાપ્ત વિગતો મુજબ,વિશ્વામિત્રી નદીના કોઝ વે પરથી સામે વાડી તરફથી ટ્રેક્ટર આવી રહ્યું હતું ત્યારે એકાએક નદીમાં પલટી જતાં તેમાં બેઠેલા ત્રણ જણા ડુબ્યા હતા. બનાવને પગલે સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને સ્થાનિક તરવૈયાઓએ હિંમતભેર વજેસંગ રાઠોડિયા અને પ્રવિણ ખુશાલભાઈને લોકોએ બચાવી લીધા હતા.જ્યારે,સુરતના મનુભાઈ ખુશાલભાઈ રૂડાણી (પટેલ-૬૦ વર્ષ) નો પત્તો લાગ્યો નથી.જેથી વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતીં.પરંતુ તેમનો કોઈ પત્તો લાગ્યો નથી.

# અર્બુદા રજતજયંતી મહોત્સવ અંતર્ગત પાલનપુરમાં 10 કિમી લાંબી શોભાયાત્રા

## ત્રિદિસીય મહોત્સવમાં આશરે 10 લાખ લોકો ઉમટશે

**પાલનપુર**

બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ પાલનપુર દ્વારા લાલાવાડા ખાતે 3 જી ફેબ્રુઆરીથી 5 મી ફેબ્રુઆરી દરમિયાન માં અર્બુદા રજત જયંતિ મહોત્સવ તથા 108 કુંડી સહસ્ત્ર ચંડી મહાયજ્ઞનું આયોજન કરાયું છે. જેમાં મહોત્સવના પ્રારંભે પાલનપુરમાં વાજતે ગાજતે આશરે 10 કિમી. જેટલી લાંબી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેમાં આંજણા સમાજના ભાવિક શ્રાધ્ધાળુ ભાઈ બહેનો સહિત આબાલવૃદ્ધ સૌ કોઈ લાખોની સંખ્યામાં જોડાયા હતા. હાથી, ઘોડા સાથેનો માતાજીનો દિવ્ય રથ, જવારાઓ સાથેની 5000 કરતાં વધુ મહિલાઓ, અને લાઈવ ડીજે ના તાલે નીકળેલી શોભાયાત્રાએ પાલનપુરના માર્ગો પર ભારે આકર્ષણ જમાવ્યું હતું. લાખોની સંખ્યામાં ઉમટેલા ભવિકોથી પાલનપુરના માર્ગો પર ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા. સવારે 7:30 કલાકે પાલનપુર આદર્શ વિદ્યાલય અર્બુદા મંદિરથી નીકળેલી શોભાયાત્રા ગલબા કાકા સર્કલથી સુરેશ મહેતા ચોક થઈ સંજય મહેતા ચોકથી પુન : સુરેશ મહેતા ચોક આવી બનાસડેરી થઈ લાલાવાડા યજ્ઞ સ્થળે પહોંચી હતી. આ ત્રિદિસીય મહોત્સવમાં આશરે 10 લાખ લોકો ઉમટશે.

# દમણથી સીધા જ દીવ અને સોમનાથ સુધીની હેલિકોપ્ટર સેવાની શરૂઆત

**દમણ**

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં એક નવી સેવાનો પ્રારંભ થયો છે. હવે દમણથી સીધા જ દીવ અને સોમનાથ હેલિકોપ્ટર દ્વારા જઈ શકાશે. આ સાથે જ દમણથી મુંબઈની હેલિકોપ્ટર સેવાની શરૂઆત કરવામાં આવી છે. મહત્ત્વપૂર્ણ છે કે, અત્યાર સુધી માત્ર દમણથી દીવ સુધીની જ હેલિકોપ્ટર સેવા ચાલતી હતી, હવે તેનો રૂટ લંબાવવામાં આવ્યો છે.દમણથી દીવ-સોમનાથ સુધી પવનહંસ હેલિકોપ્ટર સેવાનો આરંભ કરવામાં આવ્યો છે. તેને લઈને પર્યટકોમાં પણ ખાસ્સો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહત્ત્વપૂર્ણ છે કે, દમણથી દીવ રોડમાર્ગે જવું હોય તો અંદાજે ૧૫ કલાક જેટલો સમય લાગતો હોય છે. ત્યારે હેલિકોપ્ટર સેવાથી માત્ર એક કલાક જેટલો જ સમય લાગે છે.

# પેપરલીકથી સરકારની આબરૂના ધજાગરા: બજેટ સત્રમાં નવા કાયદાની હૈયાધરપત

## પેપરલીકમા સંડોવાયેલા લોકો સામે સખત સજાની જોગવાઈ કરાશે : ઋષિકેષ પટેલ

**ગાંધીનગર**

સોમવારે ગુજરાત સરકારના મંત્રીઓની કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી સમયમાં વિધાનસભામાં યોજાનાર બજેટ સત્રને લઈને ચર્ચાઓ કરવામાં આવી હતી. તે ઉપરાંત જુનિયર ક્લાર્કનું પેપર ફૂટ્યું તે અંગેની પણ ચર્ચાઓ કરવામાં આવી હતી. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મુદ્દે નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, વિધાનસભાના સત્રમાં પેપરલીક મામલે સરકાર નવો કાયદો લાવવામાં આવશે.

પેપર લીક મામલે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, પેપરલીક મામલે સરકાર નવો કાયદો લાવશે. બજેટ સત્ર દરમિયાન નવો કાયદો લાવવામાં આવશે અને પેપરલીકમા સંડોવાયેલા લોકો સામે સખત સજાની જોગવાઈ કરાશે. તેમણે ઉમેર્યું કે, પોલીસે રાત્રે દોઢ વાગ્યે દરોડા કરીને આરોપીઓની ધરપકડ કરી છે. ઉમેદવારો સાથે અન્યાય ન થાય તે માટે પરીક્ષા રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને પંચાયત સેવા પસંદગી મંડળે તમામને અવગત કર્યા હતાં.

### ઓરિસ્સાના સરકારી શિક્ષકની ધરપકડ

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જુનિયર ક્લાર્ક પરીક્ષાનું પેપર ફોડવાના કેસમાં એટીએસ દ્વારા ઓરિસ્સાના સરકારી શિક્ષકની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી. આ આરોપી શિક્ષક સરોજકુમારને વડોદરા કોર્ટમાં રજૂ કરીને એટીએસ દ્વારા રિમાન્ડની માગ કરાતા કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. એટીએસ દ્વારા વડોદરા કોર્ટમાં સોગંદનામુ રજૂ કરાયુ હતુ કે સરોજકુમાર સીમાચલ માલુ ઓરિસ્સામાં આવેલા કરતનપલ્લી ખાતે સરકારી હાઇસ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. પેપર લીક કૌભાંડનો માસ્ટર માઇન્ડ પ્રદીપ નાયક અને સરોજકુમાર વચ્ચે જુની ઓળખાણ છે અને પરીક્ષાના લીક થયેલા પેપરની ખરીદી કરી શકે તેવા ઉમેદવારોની શોધ માટે સરોજકુમારે પ્રદીપ નાયક સાથે મુરારી પાસવાનની ઓળખાણ કરાવી હતી.

### આવા બનાવો રોકાવા જોઈએ : હાર્દિક

જામનગર- ગુજરાતમાં થયેલ પેપરલીક મામલે વિરમગામના ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલે નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, આ ઘટનાનો અમારી વિદ્યાર્થી પાંખ એબીવીપી વિરોધ કરી જ રહી છે. કોઈપણ સંજોગોમાં પેપરલીકના બનાવો રોકાવા જોઈએ. તેના માટે કડક કાયદો લાવવો પડે તો તે પણ લાવવો જોઈએ. વર્ષ 2017માં જામનગરના ધુતારપર ગામમાં મંજૂરી વગર જાહેરસભા સંબોધવા માટે હાર્દિક પટેલ સામે ગુનો નોંધાયો હતો. આજે આ કેસની સુનાવણી હાથ ધરાઈ હતી જેમાં હાર્દિક પટેલે જામનગર કોર્ટમાં હાજરી આપી હતી.

# ગુજરાતના 6 મહાનગરો ઉપર 1081 કરોડનો નવો કરબોજ

## ભાજપને સર્વાધિક લીડ મળી ત્યાંના જ મ્યુનિ.કમિશનરોએ હાઉસટેક્સ, સફાઇ ચાર્જ, પાણીચાર્જમાં વધારો કર્યો

**રાજકોટ**

તાજેતરમાં ગુજરાતના ભાજપ શાસિત મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને જુનાગઢ મ્યુનિ.કોર્પોરેશનના બજેટ મ્યુનિસિપલ કમિશનરો દ્વારા સ્થાયી સમિતિમાં રજૂ થયા છે. આ અંદાજપત્રોમાં જાણે કે કમિશનરો અંદરોઅંદર નક્કી કર્યું હોય કે ઉપરથી સરકારની કોઈ સૂચના હોય તેમ એક સાથે તમામે વિક્રમી વેરા વધારો કર્યો છે. આ 6 મહાનગરો પર અંદાજિત રૂા. 1081 કરોડનો નવો વેરો કે વેરા વધારો સૂચવાયો છે.

વસ્તી મૂજબ આ વેરો વધારાયો છે. અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશે 8400 કરોડનું બજેટ આપીને રૂા. 500 કરોડનો વેરા વધારો સૂચવ્યો છે. સુરતના મ્યુનિ. કમિશનરે 7707 કરોડનું બજેટ રજૂ કરીને હાઉસટેક્સ,પાણીચાર્જ વગેરેમાં 308 કરોડનો વધારો, રાજકોટ મહાપાલિકાએ રૂા. 2587 કરોડના બજેટ રજૂ કરીને રૂા. 129 કરોડનો, વડોદરામાં રૂા. 4761 કરોડના બજેટમાં રૂા. 79.47 કરોડનો વેરો, જામનગરમાં રૂા.1091 કરોડનું બજેટ રજૂ કરાયું તેમાં રૂા. 53 કરોડનો અને સૌથી નાના જુનાગઢમાં રૂા. 835 કરોડના બજેટમાં રૂા. 13 કરોડનો વેરો વધારાયો છે.

વળી, આ વેરાવધારાની ગણત્રી વેરા વસુલાત થાય છે તે મિલ્કતોને ધ્યાને રાખીને અંદાજાય છે, જ્યારે વાસ્તવમાં તમામ મિલ્કતો જેમને વેરો લાગુ પડે છે તે સંખ્યા ગણતા રૂા. 1081 કરોડનો આંકડો બમણો થાય તેમ છે.

આશ્ચર્યની વાત એ છે કે તમામ છ મહાનગરોમાં ભાજપનું શાસન છે અને તમામ મ્યુનિ.કમિશનરોએ ભૂતકાળમાં કદિ ન થયો હોય કે વિચારાયો હોય તેવો તોતિંગ વધારો સૂચવ્યો છે. હાઉસટેક્સ, સફાઈ સહિત સર્વિસ ચાર્જ ઉપરાંત મ્યુનિ.કમિશનરોએ એક સાથે રાજકોટ, જામનગર, અમદાવાદ, સુરત, વડોદરામાં પ્રથમવાર જ એન્વાયરમેન્ટ ચાર્જ (પર્યાવરણ વેરો) ઝીંક્યો છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ): 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours. Phone 647-761-1317, 647-657-9631. ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM. : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631. ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM. FRIDAY WEEKLY OFF. : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga WE MOVED TO 6800 REXWOOD ROAD, UNIT - D : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631. ------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM. -----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM. ----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM
Bovaird: 2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT - 6477611317 / 6476579631
Monday-Holiday
Tuesday to Friday 12 pm to 7 pm
Saturday AND Sunday 11 am to 7 pm
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 : Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By: Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# મોરબી બ્રિજ દુર્ઘટનાના કેસમાં મુખ્ય સૂત્રધાર જયસુખ પટેલ રિમાન્ડ પર, જામીનમાં મુદ્દત

**મોરબી**

મોરબી ઝુલતા બ્રીજ દુર્ઘટનાના મુખ્ય આરોપી અને ઓરેવા ગૃપના ચેરમેન જયસુખ પટેલના મોરબી કોર્ટે 8 દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે. મંગળવારે મોરબી કોર્ટમાં શરણાગતિ સ્વીકાર્યા બાદ બુધવારે પોલીસે આરોપી જયસુખ પટેલને કોર્ટમાં રજૂ કર્યો હતો અને તેના 14 દિવસના રીમાન્ડની માગ કરી હતી. જયસુખ પટેલને પોલીસની સુરક્ષા વચ્ચે કોર્ટમાં લાવવામાં આવ્યો હતો અને તેને કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો. આ કેસને પગલે મોરબી કોર્ટના પરિસરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં



આવ્યો હતો. આજના દિવસ સહીત જયસુખ પટેલ કુલ 8 દિવસ પોલીસ રીમાન્ડમાં રહેશે. જયસુખ પટેલના રીમાન્ડની પૂછપરછ દરમિયાન કેસમાં નવા ખુલાસો થાય એવી શક્યતા છે.

મોરબીમાં ગતવર્ષે દિવાળીની રજાઓમાં પ્રખ્યાત ઝૂલતો પૂલ તૂટવાની દુર્ઘટના બની હતી. આ દુર્ઘટનામાં 135 જેટલા લોકોનું મૃત્યુ થયું હતું. જે બાદ આ બ્રીજનું સમારકામ કરનાર ઓરેવા કંપની અને તેના માલિક જયસુખ પટેલ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. જયસુખ પટેલ ઘણા દિવસોથી ફરાર હતો પરંતુ ગઈ કાલે તેણે મોરબી કોર્ટમાં શરણાગતિ સ્વીકારી હતી. જે બાદ પોલીસે તેની ધરપકડ કરી હતી. પૂલનું સંચાલન કરતી ઓરેવા ગ્રુપના જયસુખ પટેલે ધરપકડ પહેલા મોરબી સેશન્સ કોર્ટ ખાતે આગોતરા જામીન મેળવવા માટે પણ અરજી કરી હતી. જોકે તેમાં 4થીની મુદત પડી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પેપરલીક કૌભાંડમાં નગરસેવકની કોલેજકર્મી સામે ફરિયાદ

**અમદાવાદ**

ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં સોરાષ્ટ્ર યુનિવર્સિટીના BBA અને B.COM સેમેસ્ટર 5ની પરીક્ષા લેવાય તે પહેલા જ પેપર લીકની ઘટના બની હતી. હવે આ ઘટનામાં અંતે FIR નોંધાઈ છે. આ મામલે ગત રાત્રે રાજકોટમાં સોરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજિસ્ટ્રાર દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં ભાજપના નગરસેવકની કોલેજની ભુમિકા બહાર આવી હતી. આ મામલે FSLની ટીમ તપાસ કરી રહી હતી.

રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હંમેશા કોઈના કોઈ મુદ્દે ચર્ચામાં રહે છે. ગયા વર્ષે ઓકટોબર મહિનામાં યોજાનારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષાના પેપર ફૂટ્યાની ઘટના સામે આવી હતી. આ ઘટનાના આજે 111 દિવસ બાદ ફરિયાદ નોંધાઈ હતી. ગઈકાલે રાજકોટના ગાંધીગ્રામ પોલીસમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજિસ્ટ્રાર અમિત પારેખે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદથી ભાજપના નગરસેવકની કોલેજના કર્મી જીગર ભટ્ટ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આ ઉપરાંત તપાસમાં ખૂલે એવા અન્ય નામો પણ આપવામાં આવ્યા હતા.

# રાજકોટમાં એક જ દિવસમાં 2 યુવાનોને હાર્ટ એટેક આવ્યો

## એક યુવાનને ક્રિકેટ રમતાં બોલ વાગ્યો, છાતીમાં દુઃખાવો ઉપડ્યો, બીજો યુવાન ફૂટબોલ રમતાં બેભાન થઈ ગયો

**રાજકોટ**

રાજકોટમાં રવિ વેગડા નામનો યુવના તેના મિત્રો સાથે રવિવારે રેસકોર્સ ગ્રાઉન્ડમાં ક્રિકેટ રમવા ગયો હતો. તેને બેટિંગ કરતાં બોલ વાગ્યો હતો અને શ્વાસ ચડતાં તેને રનર પણ રાખ્યો હતો. તે આઉટ થઈ જતાં પોતાની ટીમના સભ્યો સાથે બેઠો હતો પરંતુ છાતીમાં સહેજ દુઃખાવો થતાં પોતાની કારમાં જઈને બેઠો હતો. ત્યાર બાદ તે અચાનક કારમાંથી નીચે પડ્યો અને બેભાન થઈ ગયો હતો. જે બાદ તેનું મોત થયું હતું. બીજી ઘટનામાં રાજકોટની મારવાડી કોલેજમાં કોમ્પ્યુટર સાયન્સના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો વિવેકકુમાર ભાસ્કર નામનો વિદ્યાર્થી ગઈકાલે મારવાડી કોલેજના કેમ્પસમાં ગ્રાઉન્ડમાં ફૂટબોલ રમતો હતો. ત્યારે અચાનક બેભાન થઈ જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહીં સારવાર મળે તે પૂર્વે જ તેનું મોત

# રાજકોટમાં સંબંધો બાંધી યુવાનોને ડ્રગ્સની એડિક્ટ બનાવતી યુવતી MD સાથે ઝડપાઈ

**રાજકોટ**

રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા મેફેડ્રોન ડ્રગ સાથે નામચીન અમી ચોલેરા નામની ડ્રગ પેડલરને ઝડપી પાડવામાં આવી છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા અમી ચોલેરાને 12.36 ગ્રામ ડ્રગ ના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવી છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા અમિ ચોલેરા વિરોધ એન.ડી.પી.એસ એક્ટ અંતર્ગત ગુનો પણ દાખલ કરવામાં આવ્યો છે. તેમજ પોલીસ દ્વારા મેફેડ્રોન ડ્રગ એપલ કંપનીનો મોબાઈલ ફોન એકટીવા મોટરસાયકલ તેમજ એક વજન કાંટા સહિત કુલ 1,78,700 નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ગોહિલને બાતમી મળી હતી કે, બાલ ભવન ગેટથી અંદર સરગમ ક્લબ સંચાલિત પ્રમુખ સ્વામી પ્લેટિનિયમની બહાર એક યુવતી એમડી ડ્રગના જથ્થા સાથે ઊભેલી છે. જે સચોટ બાતમીના આધારે મહિલા પોલીસ કોન્સ્ટેબલને સાથે લઈ જઈ મહિલાની અંગજડતી કરતા તેની પાસેથી માદક પદાર્થ મેફેડ્રોનનો 12.36 ગ્રામ જથ્થો ઝડપાયો છે. જે તે સમયે હોટલ શિવ શક્તિના રૂમ નંબર 301 માંથી અમી ચોલેરા તેના પૂર્વ પતિ આકાશ અને ઘાંચીવાડના શખ્સ ઈમરાન વાઢેર ઝડપાયો હતો. જે તે સમયે અમી ચોલેરાએ પોતાને પોલીસ બનવું છે તેવું કહેતા રાજકોટ શહેરના મહિલા પોલીસ દ્વારા તેને પોલીસ બનવાની ટ્રેનિંગ પણ આપવામાં આવી હતી.

આ કેસમાં પકડાયેલી યુવતી શહેરના યુવાનો સાથે સંબંધ બાંધી તેમને ડ્રગ્સના બંધાણી બનાવતી હોવાનું પણ પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

# જૂનાગઢના યુવકે પબજી રમી પ્રેમજાળમાં ફસાવી યુવતી સાથે 4 વર્ષ દુષ્કર્મ કરાયું

## સબંધ બાંધી વીડિયો ઉતારી બદનામ કરવાની ધમકી આપી રૂ. 65 હજાર પડાવ્યાં

**અમદાવાદ**

ખોખરા વિસ્તારમાં રહેતી અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતી યુવતીએ ખોખરા પોલીસ સ્ટેશનમાં જૂનાગઢમાં રહેતા અક્ષય રાજેશભાઈ નિમાવત સામે ફરિયાદ નોંધાવી છે કે, ૨૦૧૯માં કોરાના કાળ દરમિયાન લોકડાઉન વખતે ઓનલાઈન પબજી ગેમ રમતી વખતે જૂનાગઢના આરોપી સાથે ઓનલાઈન મિત્રતા થઈ હતી. બાદમાં અવારનવાર ફોન ઉપર વાતચીત કરતા હતાં અને સોશિયલ મિડિયામાં વોટસએપ અને ફેસબુક પર ચેટિંગ કરતા હતાં. આ દરમિયાન બંનેનો પ્રેમ સબંધ ગાઢ બન્યો હતો યુવકે યુવતીને લગ્નની લાલચ આપી તે અવારનવાર અમદાવાદ યુવતીને મળવા માટે આવતો હતો અને ફરવાના બહાને ખોખરા, સરખેજ તેમજ નવરંગપુરાની હોટલમાં લઈ જઈને યુવતી સાથે શારીરિક અડપલા કરી ચાર વર્ષ સુધી દુષ્કર્મ આચર્યું હતું. એટલું નહીં, શેતાન યુવકે શારીરિક સબંધનો વિડિયો ઉતાર્યો હતો અને ફોટા પાડી લીધા હતાં. બાદમાં લગ્નનો ઈન્કાર કરીને બદનામ કરવાની ધમકી આપીને ઓનલાઈન રૂ. ૬૫,૦૦૦ પડાવ્યાં હતાં.

# રાજકોટ મેડિકલ કોલેજના PSM વિભાગના વડાની ઘરમાંથી લાશ મળી આવતાં ચકચાર

## પોલીસે તેમના મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો

**રાજકોટ**

રાજકોટ મેડિકલ કોલેજના PSM વિભાગના વડા ડો. શોભા મિશ્રાને તેમની ગોધરા રહેતી દીકરીએ અનેક ફોન કર્યાં હતાં પરતુ તેમણે ફોન રીસીવ કર્યો નહોતો. ત્યાર બાદ તેમની દીકરીએ પાડોશીને ફોન કર્યો હતો. જ્યારે પાડોશી તેમના ઘરે પહોંચ્યા તો દરવાજો બંધ હતો. આ દરમિયાન કંઈક અજૂગતુ થયાની જાણ થતાં તેમણે આસપાસના પાડોશીઓને પણ બોલાવી દીધા હતા. બીજી બાજુ મેડિકલ કોલેજનો સ્ટાફ પણ ત્યાં તાત્કાલિક રીતે દોડી આવ્યો હતો.

દરવાજો બંધ હોવાથી તેને તોડવામાં આવ્યો હતો અને અંદર ડો. શોભા મિશ્રા તેમના બેડ પર મૃત હાલતમાં જોવા મળ્યા હતાં. કોલેજના સ્ટાફ દ્વારા પમ્પિંગ સહિતની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ કોઈ સફળતા મળી નહોતી. આ બાબતની જાણ પ્રદ્યુમ્નનગર પોલીસને કરતાં પોલીસ તાત્કાલિક ધોરણે દોડી આવી હતી. પોલીસે તેમના મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. તેમના મોતનું સાચુ કારણ પોસ્ટમોર્ટમનો રીપોર્ટ આવ્યા બાદ જાણવા મળશે.

# ચોટીલા પાસે ચાલુ કાર પર કોલસા ભરેલું ડમ્પર પડ્યું, સસરા અને જમાઈનું મોત

**ચોટીલા**

ગુજરાતમાં અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ ગયો છે. બેકાબુ સ્પીડ પર હાઈવે પર દોડતા વાહનો અકસ્માતો સર્જી રહ્યાં છે. પરંતુ રાજકોટ અમદાવાદ હાઈવે પર એક વિચિત્ર અકસ્માત થયો છે. આ અકસ્માતમાં બેના મોત નિપજ્યાં છે. જ્યારે બે લોકોનો ચમત્કારિક બચાવ થયો છે. અકસ્માતમાં કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ક્રેન બોલાવવી પડી હતી. ક્રેનની મદદથી તેમને બહાર કાઢવામાં આવ્યાં હતાં. પ્રાપ્ત વિગતો પ્રમાણે ચોટીલા-સાયલા પાસે આજે જામનગરનો એક પરિવાર નડિયાદમાં લગ્ન પ્રસંગે જઈ રહ્યો હતો. તેમની કાર પર કોલસા ભરેલું ડમ્પર પડતા કારમાં સવાર સસરા અને જમાઈનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

# પિત્રાઈ પર હુમલામાં ફરાર ભાજપના પૂર્વ કોર્પોરેટરના બંને પુત્રો ઝડપાયા

## મોપેડને કારથી ટક્કર મારી યુવાનને પટકી નીચે પટકી દેવાયો હતો

**રાજકોટ**

પોતાના પિત્રાઈ ભાઈ પર હુમલો કરવાના ગુનામાં છેલ્લા એકાદ માસથી ફરાર ભાજપના પૂર્વ કોર્પોરેટર અનિલ રાઠોડના બે પુત્રો પારસ અને કરણને બી-ડીવીઝન પોલીસે ઝડપી લીધા હતા. ભાવનગર રોડ પરની સિલ્વર નેસ્ટ સોસાયટી શેરી નં.૧માં રહેતો અને કન્ટ્રકશનનું કામ કરતો જીજ્ઞોશ દિનેશભાઈ રાઠોડ (ઉ.વ.૩૪) મિત્ર હિરેન સાથે એકટીવા પર જતો હતો ત્યારે પેડક રોડ પર બંને આરોપીઓએ પાછળથી તેના એકટીવાને કારની ટકકર મારી પછાડી દીધા બાદ ધોકા, પાઈપ વડે હુમલો કર્યો હતો. હિરેન વચ્ચે પડતા તેની ઉપર પણ હુમલો કરી બંને આરોપીઓ ભાગી ગયા હતા. જેમાં ફરિયાદી જીજ્ઞોશે પોલીસને જણાવ્યું હતું કે, ૬ વર્ષ પહેલા સંયુકત બાંધકામના ધંધામાં બીજા નંબરના કાકા અનિલ અને તેના પરિવારને પૈસા અને કામ બાબતે વાંધા પડયા હતા. જેને કારણે અનિલભાઈ અને તેના ત્રણેય પુત્રો અવાર નવાર તેમની સાથે ઝઘડો અને બોલાચાલી, ઉપરાંત મારામારી કરતા હતા. જે બાબતે અગાઉ ફરિયાદ નોંધાવી હતી.

# સૌરાષ્ટ્રના માજી ધારાસભ્ય અને ક્ષત્રિય અગ્રણી મહિપતસિંહનું નિધન

**રાજકોટ**

પીઢ ક્ષત્રિય અગ્રણી અને માજી ધારાસભ્ય મહિપતસિંહ જાડેજાનુ નિધન થયું છે. મહિપતસિંહ જાડેજા ગોંડલના રીબડા ગામનું બહુચર્ચિત નામ હતું. સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા મહિપતસિંહ જાડેજા અપક્ષ ધારાસભ્ય સભ્ય તરીકે ગોંડલમાંથી ચૂંટાઈને આવ્યા હતા. મહિપતસિંહ જાડેજા ગુજરાતના ટોચના ક્ષત્રિય આગેવાન હતા. મહિપતસિંહ જાડેજાએ ધારાસભ્ય કાળ દરમિયાન સૌરાષ્ટ્રના ખેડૂતોના પ્રશ્નો ઉઠાવ્યા હતા. રીબડા તેમના નિવાસ્થાનેથી 9:30 વાગ્યે અંતિમયાત્રા નીકળશે. મહિપતસિંહ જાડેજા સૌરાષ્ટ્રના રાજકારણનું મોટું અને બહુચર્ચિત નામ હતું. તેઓને સરકાર દ્વારા બારવટીયા પણ જાહેર કરાયા હતા. બાદમાં રાજકારણમાં પ્રવેશ કર્યો હતો અને ત્યારબાદ તેઓ ગોંડલના ધારાસભ્ય બન્યા હતા.

સ્વદેશ



## કર્ણાટકમાં કૈલાસ ખેર પર બોટલો ફેંકી હુમલો

મુંબઇ : કર્ણાટકમાં હમ્પી મહોત્વમાં કૈલાસ ખેર પર ચાલુ કોન્સર્ટ દરમિયાન કાચની બે બોટલ ફેંકાઈ હતી. સ્ટેજ પર હાજર લોકોએ બોટલો ખાળી લેતાં કૈલાસ ખેરનો બચાવ થયો હતો. પોલીસે આ હુમલા અંગે બે લોકોની ધરપકડ કરી હતી. ઓડિયન્સમાંથી બે લોકો ઇચ્છતા હતા કે કૈલાસ ખેર કન્નડ ગીતો પણ ગાય. પરંતુ. તેમની વાત સ્ટેજ સુધી પહોંચી જ ન હતી. આથી ઉશ્કેરાઇને તેમણે કૈલાસ ખેરને નિશાન બનાવી કાચની બોટલો ફેંકી હતી. અચાનક બોટલો ફેંકાતાં દોડધામ મચી હતી. સ્ટેજ પર કેટલાક લોકોએ આ બોટલ આંતરી હતી.



# મારા જીવનમાં મારી નંબર 1 પ્રાથમિકતા મારી પુત્રી છે: આલિયા

બોલીવુડ એક્ટ્રેસ આલિયા ભટ્ટે ગત વર્ષે રણબીર કપૂર સાથે લગ્ન કરી લીધા હતા. થોડા મહિના બાદ તે પુત્રી રાહાની માતા પણ બની ગઈ હતી. જેના કારણે તે ખૂબ જ વ્યસ્ત મજર આવી રહી છે. જોકે, તે તેની ફિલ્મોને લઈને પણ ખૂબ જ ચર્ચામાં છે. આલિયા ભટ્ટ બ્રહ્માસ્ત્ર બાદ હોલીવુડ ફિલ્મ હાર્ટ ઓફ સ્ટોનમાં નજર આવશે. જેની ઝલક હાલમાં જ જોવા મળી હતી. આ દરમિયાન તે એક ઈવેન્ટમાં પહોંચી હતી. ત્યાં તેણે પોતાની નંબર 1 પ્રાયોરિટી વિશે વાત કરી હતી. મુંબઈમાં એક કાર્યક્રમમાં એક્ટર વરુણ ધવન સાથે આલિયા ભટ્ટ સામેલ થઈ હતી. ત્યાં એક્ટ્રેસે મીડિયા સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન પાપારાઝી દ્વારા એક્ટ્રેસને સવાલ કરવામાં આવ્યો કે, શું પુત્રી રાહાના જન્મ બાદ તેમનું કરિયર ધીમુ પડી ગયુ છે? તેના પર આલ્યાએ કહ્યું કે, હાલમાં મારા જીવનમાં મારી નંબર 1 પ્રાથમિકતા મારી પુત્રી છે જેને ખૂબ જ પ્રેમ કરુ છું. પરંતુ સિનેમા અને ફિલ્મ મારો પ્રથમ પ્રેમ છે. હું મારું શ્રેષ્ઠ આપવાનો પ્રયાસ કરીશ. કદાચ તે ક્વોન્ટિટીના બદલે ક્વોલિટી હશે. જે કોઈ ખરાબ વાત નથી. આલિયા ભટ્ટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તેમાં આલિયા આ વાતો કહેતી નજર મળી રહી છે. આલિયાની વાત સાંભળીને યુઝર્સની ખૂબ જ રસપ્રદ પ્રતિક્રિયાઓ મળી રહી છે. દરેક વ્યક્તિ એક્ટ્રેસના વખાણ કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું, 'દીકરીને જન્મ આપ્યા બાદ તમે આટલી જલ્દી નોર્મલ જીવનમાં પાછા આવી ગયા છો. તમે એક પ્રેરણા છો.

## વર્લ્ડ રેકોર્ડ: અલકા યાજ્ઞિકના ગીતોને લોકોએ 15.3 અબજ વાર સાંભળ્યા



બોલીવુડની એક મશહૂર ગાયિકા અલકા યાજ્ઞિકનું નામ કોઈથી અજાણ્યું નથી. તીણો-મધુરો અવાજ બોલીવૂડ ૯૦ના ગીતોમાં પૂરબહાર ચાલ્યો હતો. આ ગાયિકાએ અનેક હિટ ગીતો ગાઇને એવોર્ડ પુરસ્કાર અને ચાહકોના દિલ જીત્યા છે. એ જાણીને નવાઈ લાગશે કે તાજેતરમાં અલકા યાજ્ઞિકના નામે એક વિશ્વ રેકોર્ડ નોંધાયો છે. તેણે ટેલર સ્વિફ્ટ, ડ્રેક અને બેયોન્સે જેવા દુનિયા ગાયકોને પાછળ રાખીને ૨૦૨૨માં વિશ્વમાં યુ ટ્યૂબ પર સૌથી વધુ સાંભળવામાં આવેલી ગાયિકા બની છે.અલકા યાજ્ઞિકના ગીતો બીજા ગાયકોના સાંભળવામાં આવેલા ગીતો કરતા ખૂબ વધારે છે. એક માહિતી મુજબ યુ ટ્યૂબના દુનિયાના સબસ્ક્રાઈબરમાં ૨૦ ટકા તો માત્ર ભારતના જ છે. અલકા યાજ્ઞિકનું ગીત એક દિન આપ... સૌથી લોકપ્રિય રહ્યું છે.ગિનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝના એક રિપોર્ટ અનુસાર અલકા યાજ્ઞિકના ગીતો ૧૫.૩ અબજ વાર સાંભળવામાં આવ્યા, ગણતરી માંડીએ તો રોજના ૪૨ મીલિયન વાર થાય છે.

## પ્રિયંકા ચોપરાની દીકરીનો ચહેરો પહેલીવાર સામે આવ્યો

લાંબી રાહ જોયા બાદ આખરે પ્રિયંકા ચોપરાએ તેની પુત્રી માલતી મેરી ચોપરા જોનસનો ચહેરો તેના ચાહકો સમક્ષ જાહેર કર્યો છે. અભિનેત્રીએ આ માટે એક ખાસ અવસર પસંદ કર્યો હતો. તે નિક જોનાસ અને તેના ભાઈઓ કેવિન અને જો જોનાસ બ્રધર્સના વોક ઓફ ફેમ સમારોહમાં સામેલ થઈ હતી. આ અવસર પર પ્રિયંકાના ખોળામાં પુત્રી માલતી મેરી નજર આવી હતી. આ



ખાસ અવસર પર માલતીની સાથે તેનો આખો પરિવાર એટલે કે કાકા-કાકી, કઝીન સોફી ટર્નર, ડેનિયલ જોનાસ અને તેમની દીકરીઓ પણ સાથે નજર આવી હતી.

જોનાસ બ્રધર્સે સ્ટેજ લીધું ત્યારે પ્રિયંકા, તેની પુત્રી માલતી મેરી અને પરિવારના અન્ય સભ્યો આગળની હરોળમાં બેઠેલા જોવા મળ્યા હતા. તેઓએ ત્રણેય પોપ સ્ટાર્સ માટે જોરથી ચીયર કર્યા હતા. તસ્વીરોમાં પ્રિયંકા માલતીને પોતાના ખોળામાં પકડેલી જોવા મળી રહી છે

## ફિલ્મોમાં ફ્લોપ વાણી કપૂર પણ હવે ઓટીટી પર




મુંબઇ : ફિલ્મોમાં સતત ફ્લોપ જઈ રહેલી વાણી કપૂરે પણ આખરે ઓટીટીનું શરણું શોધ્યું છે. તેને એક વેબ સીરિઝ માટે સાઈન કરવામાં આવી છે. ઓટીટી પર યશરાજ ફિલ્મ્સ બેનરનો એક વેબ શો આવી રહ્યો છે. મર્દાની ફિલ્મથી પ્રખ્યાત થયેલા ગોપી પુથરન આ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. સીરીઝમાં મુખ્ય અભિનેત્રી તરીકે વાણીને કાસ્ટ કરવામાં આવી છે. ગોપીપુથરન આ શો માટે ઓટીટી પ્લેટફોર્મ પર ફ્રેશ હોય તેવી અભિનેત્રીની શોધમાં હતા. વાણી આ શો દ્વારા ઓટીટી પર ડેબ્યુ કરી રહી છે. વાણી કપૂરને યશરાજ સહિતના જાણીતાં બેનર્સની ફિલ્મો મળી છે. પરંતુ, તે પોતાની અભિનય ક્ષમતા પુરવાર કરી શકી નથી અને ટોચની હિરોઈનોમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ ગઈ છે.

## પઠાને સર્જી રેકોર્ડ્સની હારમાળા, આઠ જ દિવસમાં કર્યુ 670 કરોડનું કલેક્શન

નવીદિલ્હી : શાહરૂખ ખાનની ફિલ્મ 'પઠાન' માત્ર ભારતમાં જ નહિ પણ વિદેશોમાં પણ ખૂબ પસંદગી પામી રહી છે. રીલીઝના માત્ર 8 દિવસોમાં 'પઠાન'એ બોક્સ ઓફિસ પર 670 કરોડની જબરદસ્ત કમાણી કરી રેકોર્ડ સર્જી દીધો છે. આ ફિલ્મ રીલીઝ પહેલા જ વિવાદોમાં આવી ગઈ હતી પરંતુ બજારમાં તેણે જે રીતે પરફોર્મન્સ આપ્યું છે અને કલેક્શન કર્યું છે તેનાથી તેના વિરોધ કરનારાઓને જડબાતોડ જવાબ મળી ગયો છે. આ ફિલ્મે રીલીઝના પહેલા જ દિવસે 57 કરોડ રૂપિયાની કમાણીએ મોટાભાગના રેકોર્ડ ધરાશાયી કરી દીધા હતા.

શાહરૂખ ખાન, દીપિકા પાદુકોણ અને જ્હોન અબ્રાહમ સ્ટારર 'પઠાન' માત્ર ભારતમાં જ નહિ પણ ભારત બહાર પણ લોકોને ખુબ ગમી રહી છે. આ ફિલ્મે રીલીઝના માત્ર 8 દિવસોમાં બોક્સ ઓફિસના ઘણાં મોટા રેકોર્ડ તોડી કાઢ્યા છે.પ્રજાસત્તાકના એક દિવસ પહેલ




રીલીઝ થઈ શાહરૂખ ખાનની ફિલ્મ 'પઠાન'એ રીલીઝની સાથે જ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી હતી. આ ફિલ્મ રીલીઝના 8 દિવસોમાં 300 કરોડ ક્લબમાં સામેલ થવાની સાથે સાથે બોક્સ ઓફિસ પર 350 કરોડનું કલેક્શન કર્યું છે. એક રિપોર્ટ મુજબ, 'પઠાન'એ આઠમાં દિવસે વર્લ્ડ વાઈડ આશરે 35 કરોડની કમાણી કરી છે અને ફિલ્મની કુલ કમાણી 670 કરોડે પહોંચી ગઈ છે.

OAKBROOK
SILVER OAK COLLECTION
CRYSTAL HOMES
Fernbrook HOMES
CENTRAL PARK
3 BEDROOM/4 BEDROOM OPTION (END UNIT)
ELEV A & B - 2693 SQ. FT. I ELEV C - 2768 SQ. FT. (END UNIT)
OAKVILLE



LIMITED TIME CLIENT INCENTIVE*
EXTENDED DEPOSIT STRUCTURE
~~$30,000 on signing~~
~~$30,000 in 90 days~~
~~Balance to 10% in 180 days~~
$30,000 on signing
$10,000/mth for 10 months
Balance to 10% in 365 days
+
$10,000 DÉCOR DOLLARS
+
$10,000 DEVELOPMENT CHARGE CAP**
+
$10,000 ASSIGNMENT FEE***
+
3 STAINLESS KITCHEN APPLIANCES****
+
WHITE WASHER/DRYER****
+
SMOOTH CEILINGS THROUGHOUT

A PLACE TO GROW, LIVE AND PLAY
Discover an enclave of beautiful modern townhomes set amidst one of the GTA's most Prestigious neighbourhoods, and one of canada's best places to live
• Located a Burnhamthorpe Road East and Sixth Line
• Bordering a neighbourhood park, pond and elementary school



Sandeep Gupta
Sales Representative, REALTOR®,
Cell : 416-669-2538
HOMELIFE G1 REALTY
2260 Bovaird Dr. E., Brampton, ON L6R 2J5
e-mail : realtorsandeepgupta@gmail.com
Tel : 905-793-7797.









Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### બે હત્યા અને હુમલાઓની ઘટનાઓ છતાં પીડિતાએ દાખવેલી અભૂતપૂર્વ હિમ્મતે તેઓને ન્યાય અપાવ્યો

# ઢોંગી આસારામને અંતે પાપલીલાની મળી સજા

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ધર્મને નામે ધતીંગો કરનારા આસારામને આખરે તેના પાપોની સજા મળી રહી છે. સુરતમાં મહિલા પર બળાત્કાર કેસમાં આસારામને ગાંધીનગરની કોર્ટે જન્મટીપની સજા ફટકારતા જ તેના સમર્થકોમાં પણ સોપો પડી છે. આમ તો આસારામ અને તેના પુત્ર નારાયણ સાઈ સામે હત્યા સહિતના કેસ છે. પરંતુ જોધપુર અને સુરતની યુવતી સાથે રેપ કેસમાં તેઓ દોષી ઠર્યા અને કોર્ટે જન્મટીપની સજા ફટકારી દીધી છે.

એક જમાનામાં આસારામનો એટલો દબદબો હતો કે, તેને હાથ અડાડવાનુ તો દુર પરંતુ તેના આશ્રમ તરફ જતાં પણ પોલીસ ફફડતી હતી. આસારામે ધર્મના નામે શરુ કરેલા ધતીંગો અને માયાજાળમાં ગુજરાત સહિત દેશના અનેક વિસ્તારના લાખો અનુયાયીઓ ફસાયા હતા. જો કે, બે દાયકા પહેલાં કેટલાક અનુયાયીઓને આસારામ અને તેના પુત્ર નારાયણ સાઈની પાપલીલાની ભનક લાગી ગઈ. કેટલાકે તેની સામે અવાજ ઉઠાવ્યો તો તેને અત્યારથી દબાવી દેવા ભરપુર પ્રયાસો થયા.

બીજી તરફ વિવાદ વધતા આસારામને મળતુ રાજકીય પીઠબળ ધીમે ધીમે સમાપ્ત થતુ ગયુ અને આખરે તે અને તેના પુત્ર સામે ફરિયાદોની વણઝાર થઈ. આસારામને બચાવવાના ચક્કરમાં રાજકીય પક્ષોને પણ નુકસાનનો અંદેશો આવતા છેવટે પોલીસે તેનુ કામ ચાલુ કરી દીધુ. જેને કારણે આસારામ અને તેના પુત્રને જેલમાં જવાની નોબત આવી હતી. સૌથી પહેલા કિસ્સામાં આસારામને જોધપુરમાં ૧૬ વર્ષની છોકરી પર બળાત્કારના કેસમાં પહેલાં જ આજીવન કારાવાસની સજા થઈ હતી. જોધપુર બળાત્કાર કાંડ બાદ ગાંધીનગર કોર્ટમાં બળાત્કારનો કેસ ચાલી રહ્યો હતો. જેમાં સુરતની પીડિતા સાથે થયેલા દુષ્કર્મના કેસમાં નક્કર પુરાવા અને સરકારી વકીલની દલીલોને ધ્યાનમાં લઈ કોર્ટે આસારામને દોષી ઠેરવ્યા અને આજીવન કેદની સજા ફટકારી. આ સાથે જ આસારામ માટે જેલની બહાર આવવાની બધી શક્યતા પૂરી થઈ ગઈ છે. કોઈ ચમત્કાર ના થાય તો આસારામની બાકીની જીંદગી જેલમાં જ જશે એ પણ નક્કી થઈ ગયું છે.

આસારામને જન્મટીપ પડી એ કેસ સુરતની યુવતીનો છે. આસારામે ૧૯૯૭માં પહેલીવાર આ યુવતીને હવસનો શિકાર બનાવી હતી. ગુરુપૂર્ણિમાના દિવસે યુવતીને આસારામના ફાર્મહાઉસ શાંતિવાટિકા પર લઈ જવાયા બાદ આસારામે તેને માથામાં માલિશ કરવાનું કહ્યું



હતું. યુવતી માલિશ કરતી હતી ત્યારે આસારામે અડપલાં શરૂ કરીને અંતે બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો. આ ઉપરાંત અકુદરતી શરીર સંબધો બાંધીને ધમકી આપી હતી. આ ઘટના પછી યુવતીના શારીરિક શોષણનો સિલસિલો શરૂ થઈ ગયો હતો. આ યુવતી પર ૧૯૯૭થી ૨૦૦૬ દરમિયાન અમદાવાદના મોટેરા આશ્રમમાં આસારામ દ્વારા વારંવાર બળાત્કાર ગુજારાયો હતો. જયારે આ જ યુવતીની નાની બહેન સાથે આસારામના કપૂત નારાયણ સાઈએ દુષ્કર્મ આચર્યું હતુ. જે કેસમાં નારાયણને જન્મટીપ થઈ ચુકી છે.

બાપ-દીકરાએ વર્ષો સુધી બંને બહેનોનું શારીરિક શોષણ કર્યું હતું. માંડ માંડ બાપ-દીકરાની ચુંગાલમાંથી છૂટેલી બંને યુવતી આસારામ કે નારાયણ સાઈના ડરથી ફરિયાદ નોંધાવતાં પણ ડરતી હતી. જો કે, જોધપુરની છોકરીએ હિંમત કરતાં સુરતની આ બંને યુવતીઓમાં પણ હિંમત આવી અને ૨૦૧૩માં

## સુરતમાં શાંતિ વાટિકા ખાતે માલિશને નામે લઈ જવાયેલી યુવતી પર આસારામે રેપ કર્યા બાદ તે સિલસિલો 2006 સુધી ચાલુ રહ્યો, જયારે લપંટ નારાયણ સાંઈએ તે પીડિતાની નાની બહેન પર જ બળાત્કાર ગુજાર્યા

તેણીએ આસારામ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી.

આ ફરિયાદ ગાંધીનગર ટ્રાન્સફર કરાતા ત્યાં કેસ ચાલ્યો હતો. આ કેસમાં આસારામના પત્ની લીલા અને પુત્રી ભારતી સહિત કુલ ૬ સહઆરોપી હતા. તેમણે છોકરીના શારિરીક શોષણમાં સક્રિય ભૂમિકા ભજવી હોવાનો આરોપ મૂકાયો હતો. એક આરોપી અખિલને પ્રોસિક્યુશને સાક્ષી બનાવ્યો હતો અને તેણે જ આ કેસમાં મહત્વના પુરાવા કોર્ટને આપ્યા છે. કોર્ટે બાકીના આરોપીને શંકાનો લાભ આપીને નિર્દોષ જાહેર કર્યા છે પણ આસારામને છોડ્યો નથી. સુરતની બંને બહેનોએ આસારામ સામે ફરિયાદ નોંધાવી પછી તેમને કનડવામાં આસારામે કોઈ કસર નહોતી છોડી. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ આસારામ પર બળાત્કારનો આરોપ મૂકનારી સુરતની યુવતીના પતિ પર સુરતમાં જીવલેણ હુમલો થયો હતો. આ ઘટનાના ૧૫ દિવસ પછી રાકેશ પટેલ નામના આસારામના વીડિયોગ્રાફર અને કેસના સાક્ષી પર પણ હુમલો થયો હતો. થોડા દિવસ પછી ત્રીજા સાક્ષી દિનેશ ભગનાણી પર સુરતમાં એસિડ ફેંકવામાં આવ્યો હતો. એક મહિનામાં જ ચોથો મોટો હુમલાની ઘટના પછી ૨૩ માર્ચ ૨૦૧૪ના રોજ બીજા એક સાક્ષી અમૃત પ્રજાપતિને પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ગળામાં ગોળી મારીને ઠાર મરાયા હતા. અમૃત પ્રજાપતિ એ આસારામના અંગત મદદનીશ તરીકે કામ કરી ચુક્યા હતા.

અમૃત પ્રજાપતિની હત્યાના નવ મહિના પછી જાન્યુઆરી ૨૦૧૫માં વધુ એક સાક્ષી અખિલ ગુપ્તાની યુપીમા મુઝઝફરનગરમાં ગોળી મારીને હત્યા કરાઈ હતી. જે પછી આસારામના અંગત મદદનીશ રહી ચૂકેલા રાહુલ સચાન જોધપુર કોર્ટમાં જુબાની આપવા આવ્યા ત્યારે તેની પર જીવલેણ હુમલો થયો હતો. સચાન તે સમયે બચી ગયા પણ નવ મહિનામાં જ ગુમ થઈ ગયા અને તે પછી આજ દિન સુધી તેનો પતો લાગ્યો નથી. ત્યારપછી ૨૦૧૫ના મે મહિનામાં મહેન્દ્ર ચાવલા પર પાણીપતમાં હુમલો થયો હતો. સાક્ષીઓ પરનો તે આઠમો હુમલો હતો. એ પછી જોધપુરમાં એક સાક્ષી કૃપાલ સિંહની હત્યા કરી દેવાઈ હતી. આ ઘટનાઓ જોયા પછી કોઈ પણ ડગી જાય પણ સુરતની બંને દીકરીઓ મક્કમ રહી. તેમણે કોઈ પણ ભોગે આસારામને સજા કરાવવાનું નક્કી કર્યું અને આજે પીડિતાઓને ન્યાય મળ્યો છે. આસારામ અને તેના સમર્થકોએ છેલ્લા બે દાયકામાં તેની વિરુદ્ધના પુરાવાઓ નાશ કરવા તેમજ તેમની વિરુદ્ધના માણસોને ડામવા માટે તમામ નીતિ અપનાવી છે. પરંતુ તેમ છતાં કોર્ટ સુધી પહોંચેલા પુરાવા તેને સજા કરાવવામાં પર્યાપ્ત રહ્યા છે. આસારામને જોધપુરના બળાત્કારના કેસમાં સજા થઈ તેનો શ્રેય ૧૬ વર્ષની છોકરી અને તેના પરિવારની અભૂતપૂર્વ હિંમત છે. જયારે ગાંધીનગરમાં ચાલેલા કેસમાં પણ સુરતની બંને બહેનો મર્દાની સાબિત થઈ છે. જોધપુર અને ગાંધીનગરના કેસમાં સાથીઓની હત્યા અને હુમલાના સિલસિલા છતાં બંને બહેનો અડગ રહી છે.

આસારામ સામે ગાંધીનગરનો કેસ તો પછી નોંધાયો પણ પહેલો કેસ જોધપુરમાં નોંધાયેલો. ૧૬ વર્ષની એક છોકરી પર બળાત્કારનો કેસ નોંધાયો ત્યારે કહેવાતા હિંદુવાદીઓ તેમની દલાલી કરવા કૂદી પડ્યા હતા. લંપટ આસારામને એક હિન્દુ છોકરીની ઈજ્જત પર હાથ નાખવા બદલ પોલીસે જેલમાં ધકેલ્યો તેમાં તો હિન્દુત્વ પર ખતરો છે તેવી કાગારોળ હિન્દુવાદી સંગઠનોના નેતાઓએ મચાવી દીધો હતો. આસારામે પોતાની પૌત્રીની ઉંમરની છોકરીને હવસનો શિકાર બનાવીને અક્ષમ્ય અપરાધ કર્યો હતો. જેથી આજે તેણે કરેલા પાપોની સજા તેને મળી રહી છે. જોધપુર બાદ સુરતના કેસમાં પણ તેને જનમટીપની સજા કોર્ટે ફટકારી દેતા હવે બાકી જિંદગી તેણે જેલમાં જ વિતાવી પડશે. તેવી શક્યતા વધી ગઈ છે. આસારામની જેમ જ તેના લંપટ પુત્રને પણ તેની કરતુતોની સજા મળી રહી છે.

# આર્થિક સ્થિતિ કથળતા અનેક કેનેડિયનને પાર્ટટાઈમ નોકરીની શોધ

## કેનેડિયન કાઉન્સેલિંગ સોસાયટી દ્વારા જારી નવા કન્ઝ્યુમર ડેટ રિપોર્ટમાં ચોંકાવનારા તારણ

**ઓન્ટેરિયો**

કેનેડિયન કાઉન્સેલિંગ સોસાયટી દ્વારા નવા કન્ઝ્યુમર ડેટ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે, ઘણા કેનેડિયનો તેમની 2023 નાણાકિય સ્થિતિથી નિરાશ છે. ક્રેડિટ કાઉન્સેલિંગ સોસાયટી સાથે સ્ટ્રેટેજિક પાર્ટનરશિપના ડાયરેક્ટર એન્ડ્રે આર્બરે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, હવે એવું નથી કે એક ચોક્કસ વર્ગ જ નાણાંભીડ અનુભવે છે, બલ્કે હાલના સમયમાં દરેક વ્યક્તિ નાણાંભીડ અનુભવે છે. સર્વેક્ષણમાં સામેલ 82 ટકા કેનેડિયનોએ જણાવ્યું હતું કે, આવશ્યક ચીજવસ્તુઓ ઉપર ખર્ચ કરવો એ તેમની બગડતી જતી નાણાકીય સ્થિતિનું મુખ્ય કારણ છે અને 63 ટકાએ જણાવ્યું હતું કે, તેઓ તેમના ખર્ચમાં, ખાસ કરીને ખોરાક ઉપર કાપ મૂકવાની યોજના ધરાવે છે. આર્બરે કહ્યું હતું કે, આપણે બધાને કરિયાણાની જરૂર છે, આપણે બધાને ગેસ અથવા બસના




પૈસાની જરૂર છે અને તે ખર્ચ વધી રહ્યા છે. તેથી તે રજા ન લેવા જેટલું સરળ નથી. આ બધું આપણે જરૂરી વસ્તુઓ ખરીદવા સાથે જ કરવાનું છે. સર્વેમાં એવું પણ જાણવા મળ્યું છે કે, સર્વેમાં ભાગ લેનારા 42 ટકા લોકોએ કહ્યું હતું કે, પાછલા વર્ષમાં એમનું દેવું વધ્યું છે અને 35 ટકા લોકોએ કહ્યું હતું કે જો પરિસ્થિતિ વધુ ખરાબ થશે તો તેઓ પાર્ટટાઈમ જોબ કરવા વિશે જરૂર વિચારશે. દેવા સાથે વ્યવહાર કરતી કંપનીઓ માટે આ આશ્ચર્યજનક નથી. ફુગાવો વધી રહ્યો છે અને ઘણા લોકોની આવક આ મોંઘવારી સાથે મેળ ખાતી નથી. આ સ્થિતિને ફુગાવાનું વાવાઝોડું કહેવામાં આવી રહ્યું છે. વધતા વ્યાજ દરો અને ઓછી કે બંધ થઈ ગયેલી આવકને કારણે ઘણા પરિવારોની નાણાકીય સ્થિતિ વિકટ બની ગઈ છે. ઘણી લોન આપતી કંપનીઓએ રોગચાળા દરમિયાન કલેક્શન કરવામાંથી વિરામ લીધો હતો, પરંતુ હવે તે ફરી શરૂ થઈ છે અને હવે કેટલીક કંપનીઓ લોન ચુકવણીની માંગ કરી રહી છે અને એને કારણે ઘણાં ગ્રાહકોને નાણાકીય પરિસ્થિતિ બગડી રહી છે.

# કેનેડામાં મંદિરની દિવાલો પર ભારત વિરોધી અને ખાલિસ્તાનના સમર્થનમાં નારા લખાયા

## ભારત વિરોધી તત્ત્વોને અધિકારીઓ અને પોલીસનું સંરક્ષણ મળતુ હોવાનો આક્ષેપ

**ઓન્ટેરિયો**

ઓસ્ટ્રેલિયામાં મંદિરો ઉપર હુમલા પછી હવે કેનેડાના એક મંદિરની દીવાલો ઉપર ભારત વિરોધી અને ખાલિસ્તાન સમર્થક નારા લખવાની ઘટના પ્રકાશમાં આવી છે.

ઓન્ટેરિયોના બ્રામ્પટનમાં ગૌરીશંકર મંદિરમાં મંગળવારે આ ઘટના ઘટી હતી. કેનેડામાં રહેતો હિન્દુ સમુદાય આ ઘટનાથી ગુસ્સે ભરાયો છે. મંદિરમાં નિયમિત રીતે આવતા શ્રદ્ધાળુ અનુરાગે કહ્યું કે, કેનેડામાં રહેતો શાંતિપ્રિય ભારતીય સમુદાય નિયમિત રીતે કરોડો ડોલરનો ટેક્સ ભરે છે, પરંતુ અમારી સુરક્ષાની ગેરન્ટી નથી. ભારત વિરોધી તત્ત્વોને કેનેડાના અધિકારીઓ અને પોલીસનું સંરક્ષણ મળે છે. બ્રામ્પટનના શ્રદ્ધાળુએ કહ્યું કે, અમે અહીં સલામતી અનુભવતા નથી. મેયર દરેક ઘટના પછી નિવેદનો આપે છે, પરંતુ હવે તેમના પર ભરોસો નથી. ખાલિસ્તાન સમર્થકો જાણે છે કે, તેઓ કોઈ પણ ઘટના કરશે, તેમના પર કોઈ કાર્યવાહી થવાની નથી.

અન્ય એક નાગરિક ગુપ્તાએ કહ્યું હતુ કે, હિન્દુઓ વિરુદ્ધ હેટ ક્રાઈમની ઘટનાઓ અટકાવી શકાઈ નથી. પોલીસે મંદિરો પર હુમલાની ઘટનાઓમાં હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરી નથી. ગૌરીશંકર મંદિરના મુખ્ય પુજારી આચાર્ય ધીરેન્દ્ર ત્રિપાઠીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, તંત્ર દોષિતો વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે. ગયા વર્ષે જુલાઈમાં રિચમંડના વિષ્ણુ મંદિર અને પછી સપ્ટેમ્બરમાં ટોરેન્ટોના સ્વામિનારાયમ મંદિરમાં ભારત વિરોધી નારા લખવાની ઘટના ઘટી હતી. ગૌરીશંકર મંદિરની ઘટના પછી ભારતીય કોન્સ્યુલેટ જનરલે દોષિતોની ધરપકડની માગણી કરી છે. આ બાજુ બ્રામ્પટનના મેયર પેટ્રિક બ્રાઉને મંગળવારે ઝડપી કાર્યવાહીનું આશ્વાસન આપ્યું છે.

# નર્સો દ્વારા કરાર અંગે વાટાઘાટો 'એસ્કેલેટિંગ એક્શન'ની યોજના

**ઓન્ટેરિયો**

ઓન્ટારિયો નર્સ એસોસિએશને હોસ્પિટલની નર્સો માટે નવા કરાર અંગે વાટાઘાટો શરૂ કરી હતી અને યુનિયન સોદાબાજી અંતર્ગત ઊંચા વેતન માટે હોસ્પિટલને દબાણ કરવાનું નક્કી કર્યું છે. ONAના વચગાળાના પ્રમુખ બર્ની રોબિન્સને જણાવ્યું હતું કે, છેલ્લા કરારથી નર્સોએ અપમાન અને અવમૂલ્યનની લાગણી અનુભવી હતી. વાટાઘાટોમાંથી વિરામ દરમિયાન તેણીએ કહ્યું કે, તે કહેવું યોગ્ય રહેશે કે અમે વધુ સારાની શોધમાં છીએ. અમે વેતનમાં સન્માનીય વધારો ઈચ્છીએ છીએ. મૂળભૂત રીતે નર્સોને બીજે જતી અટકાવવા માટે સક્ષમ થવા માંગીએ છીએ. જેથી અમારી પાસે કામ કરવાની પરિસ્થિતિઓમાં સુધારો કરવા અને દર્દીઓની સંભાળ રાખવા માટે ત્યાંનો સ્ટાફ મળી શકે. ઓન્ટેરિયોની એક અદાલતે ગત વર્ષના અંતમાં બિલ 124ને ગેરબંધારણીય ગણાવ્યું હતું, પરંતુ સરકારે અપીલ કરવાના હેતુથી નોટિસ દાખલ કરી છે. જેમ જેમ વાટાઘાટો આગળ વધી રહી છે તેમ, યુનિયન 'એસ્કેલેટિંગ એક્શન'નું પણ આયોજન કરી રહ્યું છે, જેમાં કામ કરતી વખતે નર્સો સ્ટીકરો પહેરે છે તે વધુ સારા વેતન, બહેતર સ્ટાફિંગ અને યોગ્ય સારસંભાળની સોદાબાજીની પ્રાથમિકતાઓને દર્શાવે છે. આવતા મહિનાના અંતમાં, નર્સો હોસ્પિટલો તેમજ પ્રાંતીય સંસદના સભ્યોનાં કાર્યાલયોમાં માહિતી ધરણાં આપવાનું શરૂ કરશે.







# ટાઇટન સ્ટીલર માલવેર


નવા ગોલાંગ-આધારિત માહિતી ચોરનાર માલવેરને ટાઇટન સ્ટીલર તરીકે ઓળખવામાં આવે છે જેની જાહેરાત હેકર્સ ગ્રુપ દ્વારા તેમની ટેલિગ્રામ ચેનલ દ્વારા કરવામાં આવી રહી છે.

Uptycs સુરક્ષા સંશોધકો કાર્તિકકુમાર કથીરેસન અને શિલ્પેશ ત્રિવેદીના અહેવાલ મુજબ આ માલવેર ચેપગ્રસ્ત વિન્ડોઝ મશીનોમાંથી વિવિધ પ્રકારની માહિતીની ચોરી કરવામાં સક્ષમ છે. જેમાં બ્રાઉઝર્સ અને ક્રિપ્ટો વોલેટ્સ, FTP ક્લાયંટની વિગતો, સ્ક્રીનશૉટ્સ, સિસ્ટમની માહિતી અને ડોક્યુમેન્ટ ફાઈલોનો સમાવેશ થાય છે.

માલવેરની વિગતો સૌપ્રથમ નવેમ્બર 2022માં સાયબર સુરક્ષા સંશોધક વિલ થોમસ દ્વારા IoT સર્ચ એન્જિન શોદાનને ક્વેરી કરીને દસ્તાવેજીકૃત કરવામાં આવી હતી.

ટાઇટનને બિલ્ડર તરીકે ઓફર કરવામાં આવે છે. જે યુઝર્સની ચોક્કસ કાર્યક્ષમતા અને યુઝર્સના મશીનમાંથી બહાર કાઢવાની માહિતીના પ્રકારનો સમાવેશ કરવા માટે માલવેર બાઈનરીને કસ્ટમાઈઝ કરવા સક્ષમ બનાવે છે. માલવેર એક્ઝેક્યુશન પર AppLaunch.exe તરીકે ઓળખાતી કાયદેસર પ્રક્રિયાની મેમરીમાં મેલીસીયસ પેલોડને ઈન્જેક્ટ કરવા માટે પ્રોસેસ હોલોઈંગ તરીકે ઓળખાતી તકનીકનો ઉપયોગ કરે છે જે Microsoft .NET ClickOnce લોન્ચ યુટિલિટી છે.

ઇટન સ્ટીલર દ્વારા લક્ષિત કેટલાક મુખ્ય વેબ બ્રાઉઝર્સમાં Google Chrome, Mozilla Firefox, Microsoft Edge, Yandex, Opera, Brave, Vivaldi, 7 Star Browser, Iridium Browser અને અન્યનો સમાવેશ થાય છે. ક્રીપ્ટો વોલેટ માટે Armory, Atomic, Bytecoin, Coinomi, Edge Wallet, Ethereum, Exodus, Guarda, Jaxx Liberty, અને Zcash નો ઉપયોગ કરે છે. આ માલવેર હોસ્ટ પર ઈન્સ્ટોલ કરેલ એપ્લિકેશનોની સૂચિ એકત્ર કરવા અને ટેલિગ્રામ ડેસ્કટોપ એપ્લિકેશન સાથે સંકળાયેલ ડેટા કેપ્ચર કરવામાં પણ સક્ષમ છે.



એકઠી કરેલી માહિતી પછીથી એટેકરના નિયંત્રણ હેઠળના રિમોટ સર્વર પર બેઝ 64-એનકોડેડ આર્કાઈવ ફાઈલ તરીકે પ્રસારિત થાય છે. વધુમાં, માલવેર વેબ પેનલ સાથે આવે છે જે પ્રતિસ્પર્ધીઓને ચોરેલો ડેટા એક્સેસ કરવામાં સક્ષમ બનાવે છે.

માલવેરને વિતરિત કરવા માટે ઉપયોગમાં લેવાતી ચોક્કસ મોડસ ઓપરેન્ડી હજુ સુધી અસ્પષ્ટ છે પરંતુ પરંપરાગત રીતે હેકર્સ દ્વારા ફિશિંગ, એડ-વેર અને ક્રેક્ડ સોફ્ટવેર જેવી ઘણી પદ્ધતિઓનો લાભ લેવામાં આવે છે. એન્ટીવાયરસ સૉફ્ટવેર દ્વારા શોધ ટાળવા માટે રેન્ડમ ડેટા ઉમેરીને એક્ઝિક્યુટેબલના કદને કૃત્રિમ રીતે 260MB સુધી વધારવા માટે પેડિંગ તરીકે ઓળખાતી પદ્ધતિનો લાભ લેતા જોવામાં આવ્યું છે.

ટીમ સિમરુ આ મહિનાની શરૂઆતમાં પ્રકાશિત થયેલા એક વિશ્લેષણમાં નોંધ્યું હતું કે વિદાર ઓપરેટરોએ તેમના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બે ભાગોમાં વિભાજિત કર્યું છે. એક તેમના નિયમિત ગ્રાહકો માટે અને બીજો મેનેજમેન્ટ ટીમ માટે અને સંભવિત પ્રીમિયમ અને મહત્વપૂર્ણ યુઝર્સ માટે સમર્પિત છે.

beinghumanmj

## શીર્ષક : મા સાથે સંવાદ
## યાચક : હિના મોદી

હે...મા...
જગદંબા
તારાં ચરણોમાં શીશ નમાવી વંદન કરું છું.
હે મા...
આજે પગ ડગમગે છે
છતાં, મન અવસ્થાથી
એક વૃક્ષ નીચે બેઠી છું.
વૃક્ષની નમેલી ડાળીઓ
આશીર્વાદ આપી રહી છે.
ફૂલેલાં ફાલેલાં ફળફૂલો વૃષ્ટિ કરી રહ્યા છે.
વૃષ્ટિની પૃષ્ટિથી અનુભૂતિ આહલાદકતા આપી રહી છે.
મનઅવસ્થા પ્રફુલ્લિત છે.
અત્ર-તત્ર-સર્વત્ર આનંદ ... આનંદ...
ત્યાં-
અચાનક નજર વૃક્ષની બખોલ તરફ મંડાય રહી છે.
નરપંખી અને માદાપંખીની આવનજાવન ચાલુ છે.
બખોલમાં બાળપંખી અવતરશેની ભ્રાંતિ થઈ રહી છે.
માતૃપંખી અને પિતૃપંખીની મમતા, ક્ષમતા, સમતા પર મન
વારી રહ્યું છે. હૈયે કરુણા નીપજી રહી છે.
હે ...મા...
બાળપંખીની જન્મવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે.
એમની ચિચિયારીથી હૈયું વલોવાય રહ્યું છે.
હે મા...
આ બ્રહ્માંડનું સંગીત જ હશે ને...
કશું સમજાતું નથી.
હે... મા...
આ શેનો વલોપાત છે નવજાત પંખીનો!
જન્મથી મૃત્યુ તરફની યાત્રા શરૂ થઈ ચુક્યાનો !!!
મા...
મારી કરુણા વેદનામાં પરિવર્તિત થઈ રહી છે.
શું ! મા...
કરુણા જ વેદનાનું બીજ છે !? મા...
આ વેદનાને ભસ્મીભૂત કર ને મા...
મા...
તારી કરુણા મારા પર વરસાવને મા...

# ચહેરા પરના ખીલથી છૂટકારો મેળવવા લગાવો આ ઘરેલૂ ચીજો, દેખાશે અસર

ચહેરા પર ખીલનું આવવું એ એક કોમન સમસ્યા છે. કેટલાક લોકો ખાવા પીવાની ભૂલ, ખરાબ લાઈફસ્ટાઈલ અને હોર્મોનલ ઈમ્બેલેન્સના કારણે આ સમસ્યાનો ભોગ બને છે. અનેક મહિલાઓને માસિકની તારીખો પહેલા પિમ્પલ



જોવા મળે છે. તેઓએ પરેશાન થવું નહીં. તમે આ સમયે વધારે રૂપિયા ખર્ચ કરવાના બદલે તમે તમારા ઘરની કેટલીક ખાસ ચીજોનો ઉપયોગ કરી લેશો તો તમે તેને ઝડપથી હટાવી શકશો. તો જાણો કઈ ચીજોનો ઉપયોગ કરવાથી થશે ફાયદો.

### બરફ લગાવો

પિમ્પલથી છૂટકારો મેળવવા માટે બરફનો ટુકડો ઘસો. બરફ પિમ્પલની રેડનેસને ઘટાડે છે અને તેનાથી સોજા ઓછા થાય છે. આ સિવાય તેની બળતરામાં પણ રાહત મળે છે. તેને લગાવવા માટે બરફના ટુકડાને કપડામાં લપેટી લો અને તેને થોડી વાર માટે રહેવા દો.

શિયાળામાં લિપબામથી નહીં ચાલે કામ, ઘરે બનાવો અસરકારક લિપમાસ્કશિયાળામાં લિપબામથી નહીં ચાલે કામ, ઘરે બનાવો અસરકારક લિપમાસ્ક

વાળનું ડેન્ડ્રફ ઝડપથી દૂર કરવાના અકસીર ઘરેલૂ નુસખા, ફટાફટ કરો ટ્રાયવાળનું ડેન્ડ્રફ ઝડપથી દૂર કરવાના અકસીર ઘરેલૂ નુસખા, ફટાફટ કરો ટ્રાય

Dead Skinથી છો પરેશાન, તો રસોઈની આ વસ્તુ કરશે તમારી મદદDead Skinથી છો પરેશાન, તો રસોઈની આ વસ્તુ કરશે તમારી મદદ.

### લસણનો કરો ઉપયોગ

પિંપલને હટાવવા માટે લસણનો ઉપયોગ કરી શકાય છે. તેમાં એન્ટીવાયરસ, એન્ટી ફંગલ, એન્ટીસેપ્ટિક અને એન્ટીઓક્સીડન્ટ્સ છે જે છૂટકારો આપી શકે છે. તેને લગાવવા માટે લસણને છોલી લો અને પછી તેને પિમ્પલ પર લગાવો.

### નારંગીની છાલ

નારંગીની છાલને ક્યારેય ફેંકવાની ભૂલ ન કરશો. સ્કીન કેરમાં તે લાભદાયી માનવામાં આવે છે. તેમાં વિટામિન સી હોય છે. તેને લગાવતા પહેલા હૂંફાળા પાણીથી ફેસવોશ કરો. હવે નારંગીની છાલની પેસ્ટને પિમ્પલ પર લગાવી લો.

### ટૂથપેસ્ટ લગાવો

આ એક સૌથી ઈફેક્ટિવ ઉપાય છે. તમે થોડી ટૂથપેસ્ટ આંગળી પર લો અને તેને ખીલ પર લગાવી લો. ધ્યાન રાખો કે ટૂથપેસ્ટ સાદી હોય. જેલ વાળી નહીં.

# અપનાવી જુઓ આ ઘરેલું અને હેલ્થ ટીપ્સ




- નારંગીની છાલ ખીલ પર ઘસવાથી રાહત થાય છે.
- કોથમીરની ચટણીમાં થોડી પાલખ નાખવાથી ચટણીનો રંગ લીલોછમ થશે.
- ખારી પૂરીનો લોટ વધ્યો હોય તો તેમાં મૂળા કે પાલખના પાન સમારી ભેળવવાથી સ્વાદિષ્ટ પરોઠાં તૈયાર થશે.
- કઢી ઉકાળતી વખતે રાંધણ ગેસની બચત કરવાના હેતુથી પ્રેશર કુકરમાં કઢી નાખી બે સીટી મારવી. કઢી સરસ ઉકળી જશે. પછી તેને તપેલામાં કાઢી તેમાં પકોડા નાખવા હોય તો પણ નાખી શકાય.
- કાતર પરનો કાટ દૂર કરવા કાતર પર સરકો લગાડી બે-ત્રણ કલાક રહેવા દેવીઅને પછી રગડીને સાફ કરવી. નવા જેવી જ ચકચકિત થઈ જશે.
- શિયાળામાં પગ પર રાતના કોપરલ લગાડી સુવાથી ત્વચા મુલાયમ રહેશે.
- શિયાળામાં રાતના હોઠ પર ઘી લગાડીને સુવાથી હોઠ મુલાયમ થાય છે.
- લીમડાની છાલને પાણી સાથે વાટી પેસ્ટ બનાવી ફોડલાં પર લગાડી પાટો બાંધી દેવો. ફોડલો ફૂટી જશે.
- ચાની ગરણીને ટૂથબ્રશથી સાફ કરવાથી ચોખી થશે.
- પુલાવ પર તળેલા કાંદા નાખવાથી સ્વાદ તથા સોડમ બન્ને વધે છે. કાંદાનીપાતળી ચીરીઓ કરી તેને તળી નાખવા.
- પનીરને શાકમાં નાખતી વખતે તેને તળ્યા પછી તરત પર પાણી નાખવું.
- વધેલા ભાતમાં વાટેલા આદુ-મરચાં, ઝીણો સમારેલો કાંદો, લસણ તથા થોડો ચણાનો લોટ ભેળવી તવા પર સ્વાદિષ્ટ પેટિસ ઉતારવી. આમા તમે ઝીણી સમારેલી મેથીની ભાજી પણ નાખી શકો છો.
- દસ ગ્રામ જેટલો ચણાનો લોટ અને દસ ગ્રામ જેટલી હળદર દહીંમાં ભેળવી ચહેરા પર માલિશ કરવું. સુકાઇ ગયા બાદ ચહેરો ધોઇ નાખવો. ખીલમાં રાહત થશે.

# કેનેડાના વિઝાના નામે યુવક સાથે 8 લાખની ઠગાઈ

## કંપનીના સંચાલકના બેંક એકાઉન્ટમાં ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરી ઠગોએ પાંચ લાખની ઠગાઈ આચરી

**અમદાવાદ**

શહેરના પશ્ચિમ વિસ્તારમાં સાયબર ક્રાઈમના બે બનાવ શનિવારે સાંજે પોલીસ ચોપડે નોંધાયા છે. જે મુજબ ચાંદખેડાના યુવકને ઠગે કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ આપીને રૂ.આઠ લાખની ઓનલાઈન ઠગાઈ આચરી હતી. આનંદનગર વિસ્તારમાં ટાઈટેનિયમ સ્કેવરમાં કંપનીની ઓફિસ ધરાવતા સંચાલકના ખાતામાંથી ઠગોએ નેટ બેકિંગથી ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરી રૂ.૫.૨૬ લાખની મત્તા ટ્રાન્સફર કરી લીધી હતી. બંને બનાવ અંગે સાયબર સેલ અને આનંદનગર પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. યુવકને આરોપીએ તમારા ખાતામાં હું પૈસા ભરી દઉ તેમ કહી તેના બેંક એકાઉન્ટની વિગતો,પાસવર્ડ અને ઓટીપી લઈ ખાતામાં પડેલી રકમ ટ્રાન્સફર કરી નાંખી હતી.

ચાંદખેડાના કળશ બંગલોમાં રહેતાં અને એલઆઈસી એજન્ટના પુત્ર ચીરાગ અશોકકુમાર શર્મા (ઉ,૩૦)એ સાયબર સેલમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ કરી છે. જે મુજબ ફરિયાદીએ ઓનલાઈન કેનેડાના વર્ક પરમિટ વિઝાની એડ જોઈ ફોન કર્યો હતો. જે મુજબ ડી.કે. નામના આરોપીએ ફરિયાદીને તમારા વિઝા થઈ જશે પણ તમારે બેંકમાં ૮ લાખ બેલેન્સ બતાવવું પડશે તેવી વાત કરી પૈસા ભરાવ્યા હતા. બાદમાં આરોપીએ ૧૧ લાખ બેલેન્સ વાત કરી બાકીના ત્રણ લાખ પોતે ઓનલાઈન ભરી દેશે તેવી વાત કરી હતી. આરોપીએ યુવકના ખાતામાં ત્રણ લાખ ભરવા માટે ફરિયાદીના એકાઉન્ટમાં આઈસીઆઈસીઆઈ બેંકનો ખાતા નંબર બેનિફિશીયરી તરીકે એડ કરાવ્યો હતો. ફરિયાદીને આરોપીએ ટીમ વીવર્સ કવીકસપોર્ટ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી તેનો પ્રોસેસ કોડ આરોપીએ વિઝા પ્રોસેસ કરવાના નામે લીધો હતો. આ રીતે આરોપીએ ફરિયાદીનો ફોનનો એક્સેસ મેળવીને બેંક એકાઉન્ટમાંથી રૂ.૭.૯૬ હજારની રકમ જૂદા જૂદા ટ્રાન્ઝેકશન કરી પોતાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધી હતી. ઠગાઈના અન્ય બનાવમાં ટાઈટેનિયમ સીટી સેન્ટર મોલમાં કંપનીની ઓફિસ ધરાવતા ચીંતન કિરણભાઈ શાહ (ઉ,૪૩)એ આનંદનગર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો સામે ફરિયાદ કરી છે. જે મુજબ ફરિયાદીના બેંક એકાઉન્ટમાંથી ગત તા.૨૨ જાન્યુઆરીના રોજ જૂદા જૂદા ત્રણ ટ્રાન્ઝેકશન થકી રૂ.૫,૨૬,૮૪૭ની રકમ નેટ બેકિંગથી ટ્રાન્સફર થઈ હતી.

CLASSIFIED
ક્લાસીફાઈડ

House for Rent

House Available From 1st March 2023 in Brampton, Nearest intersection chinguacousy & Queen, 4 Bedroom 2 Living Room, Kitchen- Dining Room 2 1/2 Washroom, 3 Outside Car Parking, Suitable for two small family can live in sharing – Boys + Girl Students welcome. Gujarati Preferred. Email : kanu_amin@hotmail.com

For More Details Contact 416-456-8334

## ગેમ બાબતે 3થી 4 સગીરોએ ચપ્પું મારી સગીરની હત્યા કરી

કલોલ : ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુરમાં મોબાઈલની ગેમ બાબતે સગીર યુવકને ચપ્પાના ઘા મારી પતાવી દીધો. બે દિવસ અગાઉ તેના મિત્રો સાથે સગીરને મોબાઈલની ગેમ બાબતે માથાકૂટ થઈ હતી. જેની અદાવતમાં ત્રણથી ચાર સગીરોએ ભેગા મળી સગીર ઉપર ચપ્પા વડે હુમલો કરતા મોત નીપજયું હતું. ખભા ઉપર મારેલો છરીનો ઘા સગીર માટે જીવલેણ બન્યો હતો.

## રાજકુમારે ચીફ સેક્રેટરી તરીકે ચાર્જ સંભાળ્યો, 3 IASને વધારાનો ચાર્જ

**ગાંધીનગર**

ગુજરાતના મુખ્ય સચિવ પંકજ કુમાર વયનિવૃત્ત થતાં નવા મુખ્ય સચિવ તરીકે રાજકુમારની નિમણુંક કરવામાં આવી હતી. બુધવારે મુખ્ય સચિવ તરીકે રાજકુમારે ચાર્જ સંભાળ્યો હતો. તેમની નિયુક્તિ બાદ ત્રણ આઈએએસ અધિકારીઓને વધારાના ચાર્જ સોંપવામાં આવ્યાં છે. ગૃહ વિભાગનો વધારાનો હવાલો એ કે રાકેશ, ઉદ્યોગ અને ખાણ ખનીજ નો વધારાનો હવાલો કમલ દયાણી, પંચાયત અને રૂરલ ડેવલોપમેન્ટ નો હવાલો સોનલ મિશ્રાને આપવામાં આવ્યો છે. જ્યારે ગૃહ વિભાગનો વધારાનો હવાલો એ કે રાકેશ, ઉદ્યોગ અને ખાણ ખનીજ નો વધારાનો હવાલો કમલ દયાણી, પંચાયત અને રૂરલ



ડેવલોપમેન્ટ નો હવાલો સોનલ મિશ્રાને આપવામાં આવ્યો છે. ગુજરાતના 1997ની બેચના મહિલા આઈએએસ સોનલ મિશ્રાનું દિલ્હી ડેપ્યુટેશન થયું છે. ભારત સરકારે તેમની નિમણૂક મિનિસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિનિયોરશીપમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે કરી છે. તેમની આ નિયુક્તિ પાંચ વર્ષ માટે કરવામાં આવી છે.

## વિકાસ સહાય ગુજરાતના નવા ઈન્ચાર્જ DGP, આશિષ ભાટીયાની નિવૃતિ બાદ ચાર્જ સંભાળશે

**ગાંધીનગર**

ગુજરાતના નવા પોલીસ વડા તરીકે 1989 બેચના IPSઅધિકારી વિકાસ સહાયને ચાર્જ સોંપવામાં આવ્યો છે. તેઓ આશિષ ભાટીયાની નિવૃત્તિ બાદ ચાર્જ સંભાળી લેશે. નવા DGP માટે 3 IPSઅધિકારીઓ રેસમાં હતા. જેમાં સંજય શ્રીવાસ્તવ, વિકાસ સહાય અને અજય તોમરના નામની ચર્ચા હતી. જેમાં આખરે વિકાસ સહાયને ચાર્જ સોંપવામાં આવ્યો છે. વિકાસ સહાય 1989 બેચના IPS અધિકારી છે અને તેમણે સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ પોલીસ એકેડમી, હૈદરાબાદમાં તાલીમ મેળવી હતી.

## ભગવાન, તમારા નામે સત્તામાં બેઠેલા લોકો નિષ્ફળઃ પૂર્વ MLAનો કટાક્ષ

**અમદાવાદ**

ગુજરાતમાં જુનિયર ક્લાર્કની પરીક્ષાનુ પેપર લીક થઈ ગયું હતું. આ મામલે રાજ્યમાં ઠેરઠેર ચક્કાજામ, ટાયર સળગાવવા, સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. ગુજરાત એટીએસ દ્વારા વડોદરાથી 15 શખ્સોને પેપર સાથે ઝડપી પાડવામાં આવ્યા છે.આ મામલે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના પક્ષોએ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દૂધાતે આ મામલે ભગવાન શ્રીરામને પત્ર લખ્યો છે. પત્રમાં જણાવ્યું કે, ગુજરાતમાં ઘણા વર્ષોથી આપના નામ પર ચૂંટાતી સરકાર સાશનમાં છે. હવે ભગવાન શ્રીરામ તમેજ એકજ અમારા યુવાનોને બચાવી શકો છો.

કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દૂધાત ખેડૂતોના પ્રશ્ને અનેક વખત અધિકારીઓને ખખડાવતા જોવા મળ્યા છે. રાજ્યમાં સતત પેપર લીક થવા મામલે પ્રતાપ દૂધાતે ભગવાન શ્રી રામને પત્ર લખ્યો છે.તેમા જણાવ્યું કે, આજે પ્રભુ આપને પત્ર પાઠવવાની જરૂરિયાત એટલા માટે ઊભી થઈ છે કે ગુજરાતમાં ઘણા વર્ષોથી આપના નામ પર ચુંટાતી સરકાર સાશન માં છે. ગુજરાતમાં લાખો બે રોજગાર યુવાનો છે.

# રાજસ્થાન ભીલવાડાના દર્દીએ ગુજરાતના ચાર જરૂરિયાતમંદોને નવું જીવન બક્ષ્યું

## બ્રેઈનડેડ યુવાનની બે કિડની, લીવર અને હૃદયનું દાન કરાયું

**અમદાવાદ**

રાજસ્થાન ભીલવાડાના ૩૫ વર્ષીય ભંવરલાલ ખટીકને માથાના ભાગમાં ગંભીર ઈજા પહોંચતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા.અહીં સારવાર દરમિયાન તેઓને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા.

બ્રેઈનડેડ જાહેર થતાં અમદાવાદ સિવિલની SOTTOની ટીમે તેના



સ્વજનોને અંગદાન અંગેની સમજ આપતા સ્વજનોએ જનકલ્યાણને સર્વોપરી રાખીને ભંવરલાલ ના અંગોના દાન કરવાનો નિર્ણય કર્યો હતો. બ્રેઈનડેડ ભંવરલાલના અંગોને રીટ્રાઈવ કરતાં બે કિડની, એક લીવર અને હૃદયનું દાન મેળવવામાં સફળતા મળી છે. હૃદયને અમદાવાદની સીમ્સ હોસ્પિટલ ખાતે જ્યારે કિડની અને લીવરને સિવિલ મેડીસીટીની કિડની ઈન્સ્ટિટ્યૂટ ખાતે સારવાર મેળવી રહેલા જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે.

## કોંગ્રેસ હાથ સે હાથ જોડો યાત્રા કરશે રાહુલ ગાંધીનો સંદેશ ઘરે-ઘરે પહોચાડાશે

**અમદાવાદ**

અમદાવાદમાં કોંગ્રેસ ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે રાહુલ ગાંધીના નેતૃત્વમાં સર્વ સમાજને સાથે રાખીને નીકળેલી ભારત જોડો યાત્રાનું સમાપન થયું છે. કન્યાકુમારીથી કાશ્મીર સુધીની ભારત જોડો યાત્રાને ખુબજ અભુતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. આ યાત્રાથી પ્રેરાઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ હાથ સે હાથ જોડોયાત્રા શરૂ કરશે. દિલ્હીમાં રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં મિટિંગ થઈ જેમાં તારીખ 20થી 30 ડિસેમ્બર સુધી જીલ્લા કારોબારીમાં હાથ સે હાથ જોડો યાત્રાઅંગે ચર્ચા થઈ હતી. તારીખ 1 થી 10 જાન્યુઆરી સુધી યાત્રાના રૂટ નક્કી કરવા મિટિંગો થઈ અને 60-70 ટકા રૂટ નક્કી થઈ ગયા છે. ગુજરાતમાં તારીખ 01 ફેબ્રુઆરીથી હાથ સે હાથ જોડો યાત્રાની શરૂઆત કરવામાં આવશે. જેમાં સૌપ્રથમ 71 નગરપાલિકાની જ્યાં ચૂંટણીઓ આવી રહી છે ત્યાંથી શરૂઆત કરવામાં આવશે.

## આધારકાર્ડમાં સરનામુ બદલવા જ ચૂંટાયેલા પ્રતિનિધિ સર્ટિફિકેટ આપી શકશે

**અમદાવાદ**

બોગસ આધારકાર્ડ બનતા અટકાવવા કેન્દ્ર સરકાર દ્વારા ૨૭ જાન્યુઆરી-૨૦૨૩થી નવી નિતી અમલમાં મુકી છે. નવી નિતી અનુસાર હવેથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ માત્ર આધારકાર્ડમાં સરનામુ બદલવા માટે જ તેમના સર્ટિફિકેટ આપી શકશે. આ સિવાય નવુ આધારકાર્ડ કઢાવવા, આધારકાર્ડમાં નામ કે જન્મ તારીખમાં સુધારો કરવા માટે કોર્પોરેટર, ધારાસભ્ય કે કલાસ વન ગેઝેટેડ ઓફિસર દ્વારા આપવામાં આવેલા સર્ટિફિકેટને માન્ય રાખવામાં આવશે નહીં. અમદાવાદ વાડજ વોર્ડના ભાજપના મહિલા કોર્પોરેટર ભાવનાબહેન હસમુખભાઈ વાઘેલાના નામના ખોટા સહી-સિકકા કરીને આધારકાર્ડમાં સુધારા વધારા કરવાનુ કૌભાંડ તાજેતરમાં બહાર આવ્યા બાદ નવી નીતિની જાહેરાત કરાઈ છે.

## ગણતંત્ર દિવસની પરેડમાં ગુજરાતના ટેબ્લોએ પબ્લિક પોલમાં મેદાન માર્યું

**નવીદિલ્હી**

26 જાન્યુઆરીએ ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે દિલ્હીમાં કર્તવ્ય પથ પર પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરેડમાં વિવિધ રાજ્યો, કેન્દ્રીય મંત્રાલયો, ભારતીય સેના સહિત અન્ય ટેબ્લા જોવા મળ્યા હતા. જેમાં ગુજરાતનો ટેબ્લો પણ હતો. ગુજરાતની ''ક્લિન-ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત'' વિષય આધારિત સાંસ્કૃતિક ઝાંખીએ અનેક લોકોને આકર્ષિત કર્યાં હતા. ત્યારબાદ ક્યો ટેબ્લો સૌથી શ્રેષ્ઠ છે તેને વિજેતા બનાવવા માટે પબ્લિક પોલનો પણ સહારો લેવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતનો ટેબ્લો ઓનલાઈન પબ્લિક પોલમાં પ્રથમ સ્થાને આવ્યો છે. પબ્લિક પોલમાં બીજા સ્થાને ઉત્તરપ્રદેશનો ટેબલો આવ્યો છે. જ્યારે ત્રીજા સ્થાને મહારાષ્ટ્રનો ટેબલો આવ્યો છે. ગુજરાતની ''ક્લિન-ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત'' વિષય આધારિત સાંસ્કૃતિક ઝાંખીએ ઉપસ્થિત સૌમાં અનેરુ આકર્ષણ જન્માવ્યું હતું. કચ્છ-મોઢેરાની સાંસ્કૃતિક ઝલક અને સૌર-પવનઊર્જાના વિજ્ઞાનિક-તકનીકી અભિગમનું એકીકરણ કરીને પુનઃપ્રાપ્ય-હરિત અને શુદ્ધ ઊર્જાના નિર્માણ દ્વારા ઊર્જાક્ષેત્રે દેશ અને દુનિયાને નવી રાહ ચીંધવાનો ઝાંખી દ્વારા જે સુંદર પ્રયાસ કરવામાં આવ્યો છે,

## ગુજરાતમાં ફેબ્રુઆરીમાં બદલાઈ શકે છે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ,હાઈકમાન્ડે નામ મંગાવ્યા

**અમદાવાદ**

રાજ્યમાં કોંગ્રેસે આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડાને કોંગ્રેસ દળના નેતા અને દાણિલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારને ઉપનેતા તરીકે જાહેર કર્યાં છે. પરંતુ હજી કોંગ્રેસને વિપક્ષનું પદ મળ્યું નથી. તો બીજી બાજુ હાઈકમાન્ડે ફેબ્રુઆરીમાં કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખની વરણી કરવાનું નક્કી કરી લીધું હોવાનું કોંગ્રેસના આંતરિક સુત્રો જણાવી રહ્યાં છે. હવે જગદીશ ઠાકોરના સ્થાને નવા પ્રમુખ પદ માટે હાઈકમાન્ડે નામ પણ મંગાવ્યા હોવાની જાણકારી પ્રાપ્ત થઈ છે. ગુજરાતમાં ચૂંટણીમાં કારમો પરાજય મળ્યા બાદ હારેલા નેતાઓએ ગુજરાતના પ્રદેશ પ્રમુખ પર આક્ષેપો કર્યાં હતાં. ક્યાંક ટીકિટો વેચાઈ ગઈ હોવાની પણ બુમો ઉઠી હતી. દરમિયાન ઠાકોરના નેતૃત્વમાં કોંગ્રેસના ખસ્તા હાલ જોવા મળ્યાં છે.

# ડીજીટલ કરન્સીના વેપારમાં લેતીદેતીનો વિવાદ ભાગીદારના પિતા પર ફાયરિંગ બાદ સાત ઝબ્બે

## મુખ્ય સૂત્રધાર મુદસર સહિત ચાર આરોપી ફરાર:પોલીસે પિસ્તોલ જપ્ત કરી

**અમદાવાદ**

સરખેજમાં ડીજીટલ કરન્સીના વેપારમાં લેતીદેતીના વિવાદમાં ભાગીદારના પિતા પર ફાયરિંગ કરનાર મુદસરખાન પઠાણના સાત સાગરિતોને પોલીસે ઝડપી લીધા છે. આ કેસમાં મુદસરખાન સહિત ચાર આરોપી ફરાર છે. પોલીસે પિસ્તોલ અને કારતૂસ સહિતના હથિયાર કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

સરખેજ તાજપીરના ટેકરા ખાતે પ્લોટ નં-૧૧માં રહેતાં સરફરાજખાન પઠાણના ઘરે ગત તા.૨૫મીના રોજ પરોઢે કેટલાક શખ્સોએ કેમિકલ ભરેલો કેરબો નાંખી સળગતું લાઈટર ફેંકી આગ લગાવવાની કોશિષ કરી હતી. ફરિયાદી જોવા માટે ઘરની બહાર આવતા તેઓ પર આરોપીઓએ ફાયરિંગ કર્યું હતું. બનાવ અંગે સરખેજ પોલીસે હત્યાની કોશિષ સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ફરિયાદીના પુત્ર સલમાન અને આરોપી મુદસરખાન પઠાણને ડીજીટલ કરન્સીના વેપારમાં નાણાંકીય લેતીદેતી મામલે વિવાદ ચાલતો હતો. જેના પગલે મુદસરે આ હુમલો કર્યા હતો. આ અગાઉ પણ આરોપીએ ફરિયાદીની રિક્ષાને આગ લગાડી તેમજ સલમાનને મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે સરખેજ પોલીસે મુદસરખાન પઠાણના સાત સાગરિતો જાવેદખાન ઉર્ફે ઠાકરે મકસુદખાન પઠાણ, મહંમદ સુફીયાન ઉર્ફે અરકાન મઝહરઅલી શેખ, સાહીલ શકીલભાઈ સૈયદ, આશીષ અશોકભાઈ કોળી, શોએબ ઉર્ફે રાજા ઈશાકભાઈ શેખ, સમીરખાન ઉર્ફે સમીસ જોધપુરી સલીમ ચૌહાણ અને લાલુસિંઘ ઉર્ફે હિરાસિંઘ રઘુવંશીની ધરપકડ કરી હતી.

# ભરશિયાળે રાજકીય ગરમાવો, રાજ્યની 23 APMCમાં ચૂંટણીઓની જાહેરાત

**ગાંધીનગર**



ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ બાદ ગુજરાતમાં ફરી એકવાર રાજકીય માહોલ જામશે. કારણકે, એપીએમસી એટલેકે, ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિની ચૂંટણીઓની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. ચૂંટણીની જાહેરાત થતા જ સહકારી આગેવાનોએ પણ પોતપોતાની લોબીંગ શરૂ કરી દીધી છે.

એપીએમસીની ચૂંટણી સહકારી ક્ષેત્રની સૌથી મહત્ત્વની ચૂંટણીઓ પૈકીની એક છે. જેમાં શાકભાજી અને ફળફળાદી તેમજ અનાજની વિવિધ જણસીઓનો વેપાર અને વહીવટ થતો હોય છે. આ એવો ધંધો છે જેમાં વિવિધ સમિતિઓ કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવે છે. એજ કારણ છેકે, કરોડો કારોબાર કરતી સમિતિમાં કારોબારી સભ્ય બનવા માટે અને સમિતિનો વહીવટ પોતાના હાથમાં લેવા માટે સૌ કોઈ તલપાપડ હોય છે. આ ચૂંટણીઓ સહકારી ક્ષેત્રની ચૂંટણી ગણાય છે. પણ એ વાત પણ એટલી જ સાચી છેકે, રાજકીયો પક્ષોની પરોક્ષ હાજરીથી જ આ ચૂંટણીઓ થાય છે.

# ગુજરાતમાં અકસ્માત રોકવા રેલવે ટ્રેક આસપાસ ફેન્સિંગ લગાવવામાં આવશે

**અમદાવાદ**

વંદે ભારત ટ્રેન શરૂ થયા બાદ પશુઓ અથડાવવાની અનેક ઘટના બની છે. ત્યારે ઘણા કિસ્સામાં પશુઓના મોત નીપજ્યા છે તો ઘણા કિસ્સામાં ટ્રેનને પણ નુકશાન થયું હતું. ત્યારે રેલ્વે દ્વારા એક મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે કે, અમદાવાદથી મુંબઈ સુધીના ટ્રેકની સેફ્ટી વધારી દેવામાં આવી છે. અમદાવાદથી મુંબઈ રેલવે ટ્રેકને સુરક્ષિત કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

રેલવે મુંબઈથી અમદાવાદ સુધીના ૬૨૨ કિલોમીટર લાંબા રૂટ પર મેટલ બીમ ફેન્સિંગ લગાવવાનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યું છે. ૨૪૫.૨૬ કરોડ રૂપિયાના ખર્ચે ફેન્સિંગનું કામ મેના અંત સુધીમાં પૂર્ણ કરવાનો ટ્રાગેટ છે. મુંબઈ-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૩૦ સપ્ટેમ્બરે શરૂ થઈ હતી અને અત્યાર સુધીમાં પથી વધુ પશુઓ તેની ઝપટમાં આવ્યાં છે. ટ્રેનની સ્પીડ વધારે હોય તો પશુ વચ્ચે આવે તો પણ રોકવી મુશ્કેલ બની જાય છે.

અમદાવાદથી મુંબઈ વચ્ચે ચાલતી વંદે ભારત ટ્રેન શરૂ થઈ ત્યારથી લઈ અનેક વખત પશુઓ અથડાવવાની ઘટના બની છે અને ટ્રેનને નુકસાન થયું છે. સદનસીબે પેસેન્જર સુરક્ષિત રહ્યા છે.

# વર્લ્ડ હેરીટેજ શહેર બનશે યજમાન, 20 દેશના ડેલિગેટસ સમિટમાં ભાગ લેશે

## પર્યાવરણ અને જળ સુરક્ષા ઉપરાંત કલાઈમેટ સહિતના મુદ્દા ઉપર રોડમેપ તૈયાર થશે

**અમદાવાદ**

વર્લ્ડ હેરીટેજ શહેર અમદાવાદ આગામી માસમાં ૯ અને ૧૦ ફેબ્રુઆરીના રોજ યુ-૨૦ રાષ્ટ્રોની યોજનારી સમિટ માટે યજમાન શહેર બનવા જઈ રહયુ છે. આર્થિકક્ષેત્રે જી-૨૦માં ભારતને અધ્યક્ષપદ મળ્યા બાદ અમદાવાદને યુ-૨૦ રાષ્ટ્રોની સમિટના યજમાન બનવાની તક મળી છે. આ સમિટને લઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટી તંત્ર તરફથી તમામ પ્રકારની તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહયો છે. અમદાવાદમાં ફેબ્રુઆરી માસમાં યોજનારી યુ-૨૦ સમિટને વડાપ્રધાન દ્વારા વર્ચ્યુલ સંબોધન કરવામાં આવશે. આ અગાઉ યુ-૨૦ની પાંચ સમિટ યોજાઈ ગઈ છે. પરંતુ અમદાવાદમાં યોજનારી સમિટમાં પર્યાવરણને અનુરુપ વર્તન અને પ્રોત્સાહન, જળસુરક્ષા, કલાઈમેટ ફાયનાન્સને પ્રોત્સાહન, સ્થાનિક ઓળખની જાળવણી, શહેરી વહીવટ અને આયોજનમાં નવા પ્રયોગો ઉપરાંત ડીજીટાઈઝેશન દ્વારા વહીવટીતંત્રમાં સુધારા સહિતના મુદ્દાઓ ઉપર વિશ્વના દેશોમાંથી સમિટમાં ભાગ લેવા આવનાર ડેલિગેટસ ચોકકસ રોડમેપ તૈયાર કરશે જેનુ વૈશ્વિક સ્તરે અમલીકરણ કરવામાં આવશે.

# લો બોલો..! ભાજપના નેતાઓ ડિરેક્ટર બની ગયા પણ હોદો ભોગવ્યા વિના જ ઘરભેગા

**નવીદિલ્હી**

થોડા દિવસો પહેલાં ગુજરાત રાજ્ય વકફ બોર્ડમાં નિમાયેલાં સભ્યો મુદ્દે થયેલા વિવાદ સર્જાયો હતો. આ આખોય મામલો છે ક ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. આખરે રાજ્ય સરકારે ગુજરાત વકફ બોર્ડને વિખેરી નાંખવા મજબૂર થવુ પડ્યું હતું. આમ આ વિવાદમાં ડિરેક્ટર બની જનારને ઝટકો લાગ્યો છે.

વિધાનસભાની ચૂંટણી પહેલાં જ ભાજપે આ બોર્ડમાં ૧૨ ડિરેક્ટરોની નિમણૂંક કરી હતી. જેઓએ હોદો ભોગવ્યા વિના ઘરભેગા થવું પડ્યું છે. વિધાનસભાની ચૂંટણી પહેલાં જ ભાજપે હજ કમિટી ઉપરાંત ગુજરાત રાજ્ય વકફ બોર્ડમાં ડિરેક્ટરપદે નિમણૂંક કરી હતી. ગુજરાત વકફ બોર્ડમાં ભાજપા નેતાઓને પદ મળી ગયા હતા.સંગઠન સાથે જોડાયેલાં ૧૨ મુસ્લિમ આગેવાનોની ડિરેક્ટર તરીકે નિમણૂંકો કરવામાં આવી હતી. જોકે, આનિમણૂંકને લઈને વિવાદ સર્જાયો હતો. કહેવાય છે કે એવો વિવાદ હતો કે, વકફ બોર્ડના ધારાધોરણોને કોરાણે મૂકીને નિમણૂંકો કરાઈ હતી. આ આખોય મામલો છેક ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો જયાં સરકાર પક્ષે પણ આ વાતને કબૂલ કરવામાં આવી હતી. આખરે ગુજરાત રાજ્ય કાયદા વિભાગે નોટિફિકેશન બહાર પાડીને ગુજરાત રાજ્ય વકફ બોર્ડને વિખેરી નાખ્યું છે. આમ સરકારે સંગઠનના અધિકારીઓને પદો આપવાનો પ્રયાસ કર્યો હતો પણ હાઈકોર્ટમાં મામલો પહોંચતાં સરકારે પીછેહઠ કરવી પડી હતી. સરકારના આ નિર્ણયને પગલે ભાજપના ૧૨ હોદેદારો વકફ બોર્ડમાં હોદો ભોગવ્યા વિના જ ઘરભેગા થયા હતાં.

# ગુજરાતી સાહિત્યના વિદ્વાન સંશોધક 'પ્રિયદર્શની'નું 100 વર્ષની વયે નિધન

## શેક્સપિયરના નાટકો અને પારસી સાહિત્યમાં સંશોધન કર્યું હતું

**અમદાવાદ**

ગુજરાતી સાહિત્યકાર મધુસૂદન પારેખનું 100 વર્ષની વયે નિધન થયું છે. તેમના અવસાન બાદ ગુજરાતી સાહિત્યજગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે. 2022ની 14મી જુલાઈએ તેમણે 100માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો.

મૂળ સુરતના મધુસૂદન પારેખ 1923ની 14મી જુલાઈએ જન્મ્યા હતા. ગુજરાતી ભાષામાં હાસ્ય લેખક તરીકે તેઓ જાણીતા છે. પરંતુ ગુજરાતી ભાષા-સાહિત્યમાં તેમણે કરેલું સંશોધન પણ એટલું જ મહત્વનું છે. ગુજરાતી સાહિત્ય પરિષદે તેમની ઓળખમાં તેમને હાસ્યલેખક, વિવેચક, સંપાદક, અનુવાદક ગણાવ્યા છે. પારસી રંગભૂમી પરનું તેમનું સંશોધન નોંધપાત્ર છે. તો વળી શેક્સપિયરના નાટકોનો તેમણે કરેલો અનુવાદ પણ નમુનેદાર છે. સુરતમાં જન્મ્યા પછી તેઓ અમદાવાદ સ્થિર થયા હતા. ગુજરાતી સારસ્વત હિરાલાલ પારેખના તેઓ પુત્ર હતા એટલે સરસ્વતીના સંસ્કારો તેમને લોહીમાં જ મળ્યા હતા. અમદાવાદની એચ.કે.આર્ટ્સ કોલેજમાં તેઓ પ્રાધ્યાપક રહ્યા હતા.

# કોંગ્રેસના પૂર્વ MLA સોઢાનું રાજીનામું, કેસરીયો પહેરી કહ્યું, ભાજપ કાર્યકરોને સાચવે છે

**અમદાવાદ**

ગુજરાત કોંગ્રેસને વધુ એક ફટકો પડ્યો છે. કોંગ્રેસના પૂર્વ MLA કાંતી સોઢા પરમારે કોંગ્રેસના તમામ હોદા પરથી રાજીનામું આપી દીધું હતું. તેમણે કમલમ પહોંચી ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના હસ્તે કેસરિયો ખેસ ધારણ કર્યો હતો.

કાંતિ સોઢા પરમાર 2017માં આણંદ બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તાજેતરમાં સ્થાનિકોએ મતવિસ્તારમાં પડતી અગવડોને લઈને કાંતિ સોઢા પરમારને ઘેર્યા હતા. તેમના દિકરા ઉપર એક યુવકને માર માર્યાનો આક્ષેપ લાગ્યો હતો.

# ગેરકાયદે કતલખાના મુદ્દે હાઈકોર્ટે ગુજરાત સરકારની ઝાટકણી કાઢી

**અમદાવાદ**

ગુજરાતમાં ચાલતાં ગેરકાયદે કતલખાના મુદ્દે હાઈકોર્ટમાં સુનાવણી યોજાઈ હતી. હાઈકોર્ટે આવા કતલખાનાને લઈને સરકારને બરાબરની ઝાટકી હતી. હાઈકોર્ટે લાયસન્સ વિનાની તમામ મીટ શોપ બંધ કરવા સરકારને આદેશ આપ્યો હતો. બીજી તરફ AMCની કાર્યવાહી સામે કોર્ટે નારાજગી વ્યક્ત કરીને આકરી ટીકા કરી હતી. હાઈકોર્ટે AMCને ટકોર કરતાં કહ્યું હતું કે, કતલખાના મુદ્દે જેટલી ફરિયાદો આવી છે એમાંથી હજી કેટલી મીટશોપ ચાલુ છે. લોકોના સ્વાસ્થ્ય સાથે થતાં ચેડાં કેમ ચલાવી લેવામાં આવે છે. તમે અધિકારીઓના કાગળ પર જવાબો નહીં પણ કામ બતાવો. બીજી તરફ સરકારે હાઈકોર્ટમાં કતલખાના મુદ્દે જવાબ રજૂ કર્યો હતો. જ્યારે AMCએ 25 દુકાનો સીલ કરી હોવાનો જવાબ રજૂ કર્યો હતો. હાઈકોર્ટે સુરત મહાનગર પાલિકાને પણ ઝાટકી હતી. સુરત મનપા કોઈ કાર્યવાહી જ નથી કરી રહી. રાજ્યભરમાં ગેરકાયદેસર રીતે ધમધમતા કતલખાના મુદ્દે હાઈકોર્ટ મપનાની કામગીરી પર ઉધડો લીધો હતો.

# હવે કોંગ્રેસને નહીં મળે વિપક્ષનું પદ, વિધાનસભાના પાર્કિંગમાંથી જગ્યા પણ ગાયબ

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભામાં હજી વિપક્ષના નેતા તરીકે પદગ્રહણ થયું નથી. સત્તાપક્ષ કોંગ્રેસને વિપક્ષનું પદ આપવાના મુડમાં નથી. કોંગ્રેસે આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડાને કોંગ્રેસ દળના નેતા તરીકે પસંદગી કરી છે. જ્યારે દાણીલિમડાના ધારાસભ્ય શૈલેષ પરમારની ઉપનેતા તરીકે પસંદગી કરાઈ છે. પરંતુ હજી અમિત ચાવડાને વિપક્ષના નેતા તરીકેનું પદ મળ્યું નથી. સત્તાપક્ષ કોંગ્રેસને વિપક્ષનું પદ નહીં આપે તેવો સ્પષ્ટ સંકેત હવે વિધાનસભાના પાર્કિંગમાંથી દેખાઈ આવ્યો છે. પાર્કિંગમાં વિપક્ષના નેતાની ગાડી માટેની જગ્યા પણ હટાવી દેવામાં આવી છે.

# સુપ્રીમકોર્ટે ઉમેદવારને બે સીટ પર ચૂંટણી લડતા રોકવાની માગ કરતી અરજી ફગાવી

## કાયદો બનાવવાનું કામ તો સંસદનું છે અમારું નહીં, યોગ્ય લાગતું હોય તો તે કાયદો બનાવે

**નવી દિલ્હી**

દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમકોર્ટે કોઈ ઉમેદવારને ૨ સીટ પર ચૂંટણી લડતા રોકવાની માગ કરતી અરજી ફગાવી દીધી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કાયદો બનાવવાનું કામ તો સંસદનું છે અમારું નહીં. જો તેમને યોગ્ય લાગતું હોય તો તે કાયદો બનાવે.

અરજીમાં અરજદારે કહ્યું હતું કે કોઈ ૨ જગ્યાએથી ચૂંટણી લડી અને પછી એક સીટ છોડી દે આ તો મતદારો સાથે અન્યાય ગણાય. તેનું ભારણ તો સરકારી ભંડોળ પર જ પડે છે ને. ૨૦૧૭માં એડવોકેટ અશ્વિની ઉપાધ્યાય તરફથી દાખલ આ અરજી પર અગાઉ સુનાવણીમાં કેન્દ્ર સરકારે તેનો વિરોધ કર્યો હતો.

કેન્દ્ર સરકારે આ અરજીનો વિરોધ કરતા જણાવ્યું હતું કે લોકપ્રતિનિધિત્વ કાયદાની કલમ ૩૩ (૭)માં એ વાતની મંજૂરી આપવામાં આવી છે કે કોઈ વ્યક્તિ ૨ સીટ પરથી ચૂંટણી લડી શકે છે. આ કાયદામાં ફેરફાર કરે સુધારો કરવો એ સંસદનું કામ છે.

બીજી બાજુ ચૂંટણી પંચે આ અરજીને સમર્થન આપ્યું હતું. પંચે કહ્યું હતું કે અમે ખુદ આ મામલે ૫ જુલાઈ ૨૦૦૪ના રોજ આ બાબતે આગ્રહ કરતો એક પત્ર પીએમ મોદીને લખ્યો હતો. પંચે તેમાં કહ્યું હતું કે જ્યારે ઉમેદવાર બંને સીટો પર જીતી જાય તો તે એક સીટ છોડી દે છે.

એવામાં છોડેલી સીટ પર નવેસરથી ચૂંટણી યોજવા માટે નવેસરથી ખર્ચ કરવો પડે છે. આ સરકારી ભંડોળનો વેડફાટ જ કહેવાય. સીટ ખાલી કરવામાં આવે તો નવેસરથી ચૂંટણી યોજવા માટે ખર્ચની વસૂલી કરવામાં આવે.

# આસામમાં બાળલગ્નને રોકવા માટે સરકાર મક્કમ, 4004 કેસ નોંધાયા

**ગુવાહાટી**

બાળ લગ્નને રોકવા માટે આસામ સરકારે કમર કસી લીધી છે. અને તેની સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગુરુવારે રાજ્યના મુખ્ય મંત્રી હિમંત બિસ્વા સરમાએ ટ્વિટ કર્યું હતું કે, આસામ સરકાર રાજ્યમાં બાળ લગ્નના જોખમને સમાપ્ત કરવાના તેના સંકલ્પ પર મક્કમ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, અત્યાર સુધીમાં આસામ પોલીસે સમગ્ર રાજ્યમાં ૪,૦૦૪ કેસ નોંધ્યા છે અને આગામી દિવસોમાં વધુ પોલીસ કાર્યવાહી થવાની સંભાવના છે. તેમણે કહ્યું કે, તમામ મામલાઓ પર ૩ ફેબ્રુઆરીથી કાર્યવાહી શરૂ થશે. એટલા માટે સૌના સહકારની અપીલ છે. તમને જણાવી દઈએ કે, આસામની હેમંત બિસ્વા સરકારે હાલમાં જ ૧૪ વર્ષથી ઓછી ઉંમરના લગ્નો પર પોક્સોએક્ટ હેઠળ કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. આ ઉપરાંત આસામમાં ૧૪ થી ૧૮ વર્ષની વય જૂથમાં લગ્ન કરવા માટે બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ હેઠળ કેસ નોંધવામાં આવશે. આસામમાં માતા અને બાળ મૃત્યુદર ઊંચો છે. રાજ્યમાં બાળ લગ્નો એટલો બધો વધી રહ્યો છે કે રાષ્ટ્રીય સર્વેક્ષણ મુજબ રાજ્યમાં ૩૧ ટકા લગ્ન ૧૮ વર્ષથી ઓછી ઉંમરમાં થઈ રહ્યા છે.

# રેપ કરીને પુત્રીને ગર્ભવતી કરનારા મદરેસાના શિક્ષક પિતાને 3 જન્મટીપ

**તિરુવનંતપુરમ**

કેરળની એક કોર્ટે એક પિતાને ત્રણ વખત આજીવન કેદની સજા ફટકારી હતી. રાક્ષસ પિતાનો અપરાધ એટલો ક્રુર હતો કે તેને કોર્ટે આ આકરી સજા ફટકારી હતી. કોર્ટે માન્યું હતું કે મલપ્પુરમના રહેવાસી અને મદરેસામાં શિક્ષક પિતાએ પોતાની જ બાળકી પર બળાત્કાર કરી ગર્ભવતી કરી હતી. પિતા સામે ભારતીય દંડ સંહિતા અને પોક્સો કાયદાની જોગવાઈ હેઠળ બળાત્કાર, ગંભીર યૌન ઉત્પીડન અને નિર્દયી યૌન મામલાની સાથે સાથે પીડિતાને ડરાવવા-ધમકાવવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. મંજેરી ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટના ન્યાયાધીશ રાજેશ કેએ કેસના આરોપીને દોષી ઠેરવ્યો હતો અને પોક્સો કાયદા હેઠળ અપરાધો માટે ત્રણ વખત આજીવન કેદની સજા ફટકારી હતી. એસપીપીના મામલાની જાણકારી આપતા જણાવ્યું હતું કે રેપની પહેલી ઘટના માર્ચ ૨૦૨૧માં થઈ હતી, જ્યારે ઘરે કોઈ હાજર નહોતુ. તે સમયે પીડિતાની ઉંમર ૧૫ વર્ષની હતી. કોરોના મહામારીને કારણે સગીરાના ઓનલાઈન ક્લાસ ચાલતા હતા. તે જ્યારે ઘર પર શિક્ષણ લઈ રહી હતી ત્યારે તેના પિતાએ તેને પોતાના બેડરૂમમાં ખેંચી લીધી હતી અને તેના પર બળાત્કાર કર્યો હતો. તે સમયે ઘર પર કોઈ જ હાજર નહોતું.

# તમિલનાડુમાં વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાતા શાળા-કોલેજો બંધ કરાઈ

## અંદમાન, નિકોબાર સહિતના ટાપુ અને અરુણાચલ પ્રદેશમાં પર વરસાદની આગાહી

**ત્રિવેન્દ્રમ**

દક્ષિણ ભારતના તમિલનાડુ રાજ્યમાં કમોસમી વરસાદે સ્થિતિ વધુ ખરાબ કરી છે. રાજધાની ચેન્નાઈ સહિત તિરુવરુર અને અન્ય જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. બુધવાર રાતથી પડી રહેલા વરસાદને કારણે અહીંની શાળા-કોલેજો પણ બંધ કરી દેવામાં આવી છે. તિરુવરુર જિલ્લામાં શાળાઓ બંધ કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. વિભાગના



જણાવ્યા અનુસાર દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડીમાં સર્જાયેલા ડિપ્રેશનને કારણે દરિયાકાંઠાના રાજ્યમાં વરસાદ થઈ રહ્યો છે. ત્યારે તે ખૂબ જ અસમાન્ય છે કે જાન્યુઆરી-ફેબ્રુઆરી મહિનામાં બંગાળની ખાડીમાં ડિપ્રેશન જેવી સ્થિતિ ઊભી થઈ છે. નિષ્ણાતો કહે છે કે ૧૯૭૧ પછી આ ૯મી વખત છે જ્યારે બંગાળની ખાડીમાં આવી હવામાનની સ્થિતિ સર્જાઈ છે.

હવામાન અહેવાલ અનુસાર, તમિલનાડુ, પુડુચેરી, લક્ષદ્વીપ, કરાઈકલ, કેરળ અને માહેમાં ગાજવીજ સાથે વરસાદની અપેક્ષા છે. આ ઉપરાંત આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ અને અરુણાચલ પ્રદેશમાં પણ વરસાદની સંભાવના છે.

# ફાર્મા કંપની સિપ્લાના પરિસરોમાં ITની તપાસઃ બેલેન્સ શીટ-પુરાવા ચેક કરાયા

## કંપનીના પ્રમોટરો-ડાયરેક્ટરોના રહેઠાણ-પરિસરોમાં તપાસ કરવામાં આવી ન હતી

**નવી દિલ્હી**

આવકવેરા વિભાગે ફાર્માની અગ્રણી કંપની સિપ્લા વિરુદ્ધ તપાસ કરી હતી તેમ સૂત્રોએ એક નિવેદનમાં જણાવ્યું હતું. કથિત કરચોરી આરોપોની તપાસ માટે આ ઓચિંતી કાર્યવાહી કરવામાં આવી હતી.

મુંબઈમાં હેડકવાર્ટર ધરાવતી ફાર્મા કંપનીની બેલેન્સ શીટ અને અન્ય બિઝનેસ પુરાવા ચેક કરવામાં આવ્યા હતાં. આ કાર્યવાહી અંગે કંપની દ્વારા કોઇ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

તપાસ હેઠળ આવકવેરા વિભાગે ફક્ત કંપનીના બિઝનેસ પરિસરોમાં જ તપાસ કરી હતી કંપનીના પ્રમોટરો અને ડાયરેક્ટરોના રહેઠાણ સહિતના પરિસરોમાં તપાસ કરવામાં આવી ન હતી.

કંપનીએ ગયા સપ્તાહમાં પોતાના નિયમિત પરિણામો જાહેર કર્યા હતાં જેમાં તેનો નેટ નફો સાત ટકા વધીને ૮૦૮ કરોડ રૂપિયા દર્શાવવામાં આવ્યો હતો. આ પરિણામો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ પૂર્ણ થતાં ત્રીજા કવાર્ટરના હતાં.

સિપ્લા દેશની અગ્રણી ફાર્મા કંપનીઓ પૈકીની એક છે. તેની પાસે ૧૫૦૦થી વધારે પ્રોડક્ટ છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ પૂર્ણ થતાં ત્રીજા કવાર્ટરમાં કંપનીની કુલ આવક ૫૮૧૦ કરોડ રૂપિયા રહી છે. જે એક વર્ષ અગાઉના સમાન ગાળામાં ૫૪૭૯ કરોડ રૂપિયા હતી.

# સંસદથી શેરબજાર સુધી અદાણી મુદ્દે ભારે ધમાલ, તપાસની માંગ

**નવી દિલ્હી**

વિપક્ષો દ્વારા અદાણી ગ્રૂપ સામે તપાસની માગણી સાથે સંસદમાં હંગામો મચાવવામાં આવ્યો હતો. 13 વિપક્ષોએ અદાણી ગ્રૂપ સામે સંસદની સંયુક્ત સમિતિ (JPC) દ્વારા કે સુપ્રીમ કોર્ટની સમિતિ દ્વારા તપાસની માગણી સાથે સંસદથી સડક સુધી હોબાળો મચાવ્યો હતો. આને કારણે ગુરુવારે પહેલા બપોરે 2 વાગ્યા સુધી અને પછી આખા દિવસ માટે સંસદની કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી. વિરોધપક્ષનાં સાંસદોએ માગણી કરી હતી કે, અદાણી ગ્રૂપ દ્વારા આચરવામાં આવેલા નાણાકીય ગોટાળાની JPC દ્વારા કે સુપ્રીમ કોર્ટની સમિતિ દ્વારા તપાસ કરાય જેથી રોકાણકારોને થતું વધુ નુકસાન રોકી શકાય. સંસદની કાર્યવાહી સ્થગિત થયા પછી વિપક્ષોએ વિજય ચોક ખાતે ધરણા કર્યા હતા. વિપક્ષી સાંસદોએ આખો મામલો સંસદથી હવે સડક સુધી લઈ જવાનું નક્કી કર્યું હતું. કોંગ્રેસના મનીષ તિવારીએ જેપીસી તપાસની માગણી કરી હતી. વિપક્ષે એલઆઈસી સહિતના મુદ્દાઓ પર પણ ગૃહમાં હોબાળો મચાવ્યો હતો અને સરકારને ભીંસમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.

# માઓવાદીઓને આત્મસમર્પણ કરવા પર કેરળ સરકાર ઘર આપશે

**બેંગ્લોર**

કેરળમાં માઓવાદીઓને આત્મસમર્પણ કરવા અને મુખ્ય પ્રવાહમાં પાછા ફરવા માટે પ્રોત્સાહિત કરવા સરકારે મોટી જાહેરાત કરી છે. પિનરાઈ વિજયન સરકાર વતી કહેવામાં આવ્યું છે કે આત્મસમર્પણ કરનારા માઓવાદીઓને પુનર્વસન પેકેજના ભાગરૂપે પેકેજના ભાગ રૂપે ઘર આપવામાં આવશે. આ યોજના હેઠળ સરકારે તાજેતરમાં જ મુખ્ય પ્રવાહમાં પાછા ફરેલા એક માઓવાદી લિજેશ ઉર્ફે રામુ માટે ઘર બનાવવાનું નક્કી કર્યું છે. સરકારે એર્નાકુલમ જિલ્લાના કલેક્ટર અને પોલીસ વડાને રામુના ઘર માટે યોગ્ય જમીન શોધવાનો આદેશ આપ્યો છે.

# ભૂકંપઃ રાજસ્થાન પાસે પાકિસ્તાનની સરહદમાં 4.3ની તીવ્રતાના આંચકા

## જયપુર, ટોંક, જાલોર, શ્રીગંગાનગર, બુંદી અને બિકાનેરનો સમાવેશ

**જયપુર**

રાજસ્થાનને અડીને આવેલી પાકિસ્તાનની સરહદમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. ભૂકંપનું કેન્દ્ર પાકિસ્તાન સરહદી વિસ્તારની અંદર છે. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 4.3 માપવામાં આવી છે. પાકિસ્તાનના સરહદી વિસ્તારમાં ભૂકંપની આ ઘટના 2 ફેબ્રુઆરીના રોજ સવારે 9:14 વાગ્યે બની હતી. ભૂકંપની ઊંડાઈ જમીનથી 10 કિલોમીટર નીચે છે. પાકિસ્તાન સરહદની એકદમ નજીક 17 ઓક્ટોબર 2022ના રોજ રાજસ્થાનના 6 જિલ્લામાં અલગ-અલગ સમયે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

જે જિલ્લાઓમાં આ આંચકા અનુભવાયા હતા તેમાં જયપુર, ટોંક, જાલોર, શ્રીગંગાનગર, બુંદી અને બિકાનેરનો સમાવેશ થાય છે. તે સમયે ભૂકંપના આંચકાને કારણે કોઈ જાન-માલનું નુકસાન નહોતુ થયુ. ભૂકંપની તીવ્રતા ઓછી હોવાને કારણે મોટાભાગના લોકોએ આંચકાનો અનુભવ પણ નહોતો થયો.

# પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહને બ્રિટનમાં લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ મળ્યો

**નવી દિલ્હી**

આજે સવારથી બજેટના સમાચાર વચ્ચે એક મહત્વના સમાચાર આવ્યા છે. પુર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહને લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. લંડન-યુકે દ્વારા પુર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહને આર્થિક અને રાજકીય ક્ષેત્રે યોગદાન આપવા બદલ લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. લાઈફટાઈમ એચીવમેન્ટ ઓનર ઓક્સફર્ડ અને કેમ્બ્રિજ વિશ્વ વિદ્યાલયમાં ડૉ. મનમોહન સિંહના યોગદાન બદલ NISAU-UK દ્વારા તેમનુ નામ જાહેર કરવામાં આવ્યુ છે.

# ભારતમાં હેલ્થ સેક્ટર માટે રૂ. 89,155 કરોડ ફાળવાશે

## ગયા વર્ષે આરોગ્ય સેક્ટર માટે રૂ. 79145 કરોડ ફાળવાયા હતાં : 157 નવી નર્સિંગ કોલેજો શરૂ કરવામાં આવશે

**નવી દિલ્હી**

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના કેન્દ્રીય બજેટમાં હેલ્થ સેક્ટર માટે ૮૯,૧૫૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ૨૦૨૨-૨૩ના બજેટ કરતા આ રકમ ૧૩ ટકા વધારે છે. ૨૦૨૨-૨૩ના બજેટમાં આરોગ્ય સેક્ટર માટે ૭૯,૧૪૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતાં.

સરકારે આજના બજેટમાં વર્ષ ૨૦૪૭ સુધી સિકલ સેલ એનેમિયાને સમાપ્ત કરવા માટે એક મિશન શરૂ કરવાની જાહેરાત કરી છે. નાણા પ્રધાન નિર્મલા સિતારમને નવી ૧૫૭ નર્સિંગ કોલેજો શરૂ કરવાની પણ જાહેરાત કરી છે. આ નર્સિંગ કોલેજો ૨૦૧૪ પછી શરૂ થયેલી મેડિકલ કોલેજોને સંલગ્ન હશે.

તેમણે જણાવ્યું હતું કે ૨૦૪૭ સુધી સિકલ એનેમિયાને નાબુદ કરવા માટેનું મિશન શરૂ કરવામાં આવશે. આ અભિયાન હેઠળ લોકોમાં જાગૃતિ ફેલાવવામાં આવશે એને અસરગ્રસ્ત આદિવાસી વિસ્તારોમાં ૪૦ વર્ષ સુધીની ઉમરના સાત કરોડ લોકોનો એનેમિયા ટેસ્ટ કરવામાં આવશે. આ માટે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોની મદદ લેશે.

આ માટે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ની પસંદગીની લેબોરેટરીમાં સંશોધન કરવામાં આવશે. આયુશ મંત્રાલયની ફાળવણી ૨૮૪૫.૭૫ કરોડ રૂપિયાથી વધારી ૩૬૪૭.૫૦ કરોડ રૂપિયા કરવામાં આવી છે. ૨૦૨૨-૨૩ના બજેટ કરતા આ રકમ ૨૮ ટકા વધારે છે.

### ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં મૂડી ખર્ચની મર્યાદા ૧૦ લાખ કરોડ

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ પર મૂડી ખર્ચ 33 ટકા વધીને ૧૦ લાખ કરોડ રૂપિયા કરવાની જાહેરાત કરવામાં આવી છે. જે જીડીપીના ૩.૩ ટકા થાય છે. નાણા પ્રધાન નિર્મલા સિતારમને બજેટ ભાષણમાં જણાવ્યું હતું કે તાજેતરમાં સ્થાપિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફાઇનાન્સ સેક્રેટરીએટની મદદથી વધુ ખાનગી રોકાણ આકર્ષિત કરી શકાશે. તેમણે જણાવ્યું હતું કે એક નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવશે જે નાણાકીય રૂપરેખાને અમૃત કાળ માટે યોગ્ય બનાવવાનું કાર્ય કરશે.

### રેલવે માટે સૌથી વધુ રૂપિયા 2.40 લાખ કરોડની ફાળવણી

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના કેન્દ્રીય બજેટમાં રેલવેને અત્યાર સુધીની સૌથી મોટી રકમ ૨.૪૦ લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે તેમ નાણા પ્રધાન નિર્મલા સિતારમને પોતાના બજેટ ભાષણમાં જણાવ્યું હતું.ઉલ્લેખનીય છે કે ૨૦૨૨-૨૩ના બજેટમાં ૧.૪ લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતાં. સિતારમને જણાવ્યું હતું કે ૨૦૧૩-૧૪માં રેલવે માટે ફાળવવામાં આવેલી રકમ કરતા ચાલુ વર્ષે ફાળવવામાં આવેલી રકમ ૯ ગણી વધારે છે.

# વિશ્વ ભારતી જમીન વિવાદ મામલે સીએમ મમતાની ચીમકી, કહ્યું PMને પત્ર લખીશ

**કોલકાતા**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારે વિરભૂમમાં યોજાયેલા એક કાર્યક્રમમાં સંબોધન કરતા વિશ્વ ભારતી યુનિવર્સિટીના ભગવાકરણનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, તેઓ આ બાબતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખશે. મમતાએ જણાવ્યું કે, શું તમે આ યુનિવર્સિટીના ધોરણો જોયા છે. અમને વિશ્વ ભારતીય યુનિવર્સિટી પર ગર્વ હતો, જોકે આજે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓ આંસુ વહાવી રહ્યા છે. મને શરમ આવી રહી છે કે, વિશ્વ ભારતીની સ્થાપના આપણા રવિન્દ્રનાથ ટાગોરે કરી હતી.



મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, હું તે લોકોને છોડીશ નહીં. એટલું જ નહીં રવિન્દ્રનાથ ઠાકુરના છેલ્લા વંશજ સુપ્રિયો ઠાકુર પણ આવ્યા છે અને અફસોસ વ્યક્ત કરી રહ્યા હતા કે, તેમણે મારા ઘર સામે દીવાલ ઉભી કરી દીધી છે. તેઓ આ વિશ્વ વિદ્યાલયનું ભગવાકરણ કરી રહ્યા છે.

# ઝારખંડના આશીર્વાદ ટાવરમાં ભીષણ આગ ત્રણ બાળકો સહિત 14 લોકો જીવતા ભૂંજાયા

## 24થી વધુ લોકો દાઝ્યા, ગેસ સેલિન્ડરમાં વિસ્ફોટથી આગ લાગવાની ઘટના બની

**ધનબાદ**

ઝારખંડના ધનબાદમાં આશીર્વાદ ટાવરમાં ગઈકાલે મોડી સાંજે ભીષણ આગ ફાટી નીકળી છે જેના પગલે બિલ્ડીંગમાં અફરા-તફરીનો માહોલ મચી ગયો છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ આગની ઘટનામાં અત્યાર સુધીમાં 14 લોકોના મોત નિપજ્યાના સમાચાર છે. આ ઘટનાની માહિતી મળતા જ ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો.

આ આગની ઘટનામાં 10 મહિલાઓ, 3 બાળકો અને 1 પુરુષનો સમાવેશ થાય છે. આ 10 માળના ટ્વીન ટાવરના બીજા માળે આગ લાગી હતી અને જોતજોતામાં જ આગ 5માં માળ સુધી પહોંચી ગઈ હતી. આગ એટલી ભીષણ



હતી કે આગમાં સળગી જવાને કારણે મૃતદેહોની ઓળખ કરવી મુશકેલ બની હતી. ગેસ સેલિન્ડરનો વિસ્ફોટ થતા આગ લાગવાની ઘટના બની હતી. આ ઘટનામાં 24થી વધુ લોકો દાઝી ગયા હતા.

# ગુલમર્ગમાં ભીષણ હિમસ્ખલન, 2ના મોત, અનેક લોકો ફસાયાની આશંકા

## સ્કી રિસોર્ટમાં અફરવાત ચોટી 'હપથ ખડુ'થી ટકરાયું, હિમવર્ષાથી જનજીવન અસ્તવ્યસ્ત

**ગુલમર્ગ**

જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં 'ગુલમર્ગ સ્કીઈંગ રિસોર્ટ'ના ઊંચાઈવાળા વિસ્તારમાં બુધવારના રોજ એક ભીષણ હિમસ્ખલન થયું છે. અધિકારીઓએ આ માહિતી આપી છે. બારામુલ્લા જિલ્લા પોલીસના એક પ્રવકતાએ ટ્વિટ કરી કે હિમસ્ખલન ગુલમર્ગમાં એક પ્રસિદ્ધ સ્કી રિસોર્ટમાં થયું છે. બારામુલ્લા પોલીસે અન્ય એજન્સીઓ સાથે મળીને રેસ્ક્યૂ



ઓપરેશન શરૂ કરી દીધું છે. કેટલાંક લોકો ફસાયાની આશંકા છે. હિમસ્ખલન ગુલમર્ગમાં પ્રસિદ્ધ સ્કી રિસોર્ટમાં અફરવાત ચોટી 'હપથ ખડુ'થી ટકરાયું.

અધિકારીઓના મતે બે લોકોના મૃતદેહ બરફની નીચેથી નીકળ્યા છે. જ્યારે ઉત્તર કાશ્મીરાન બારામુલ્લા જિલ્લાના પ્રસિદ્ધ ગુલમર્ગમાં અફારવાટની ટોચ પર ભારે હિમસ્ખલન બાદ ચાર અન્ય લોકોને બચાવ્યા. તેમણે કહ્યું કે મૃતકની ઓળખ કરવામાં આવી રહી છે. કાશ્મીરમાં હિમવર્ષાના કારણે ગઈકાલે જનજીવન અસ્તવ્યસ્થ થયા પડ્યા બાદ મંગળવારે વિમાની સેવા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી.

# તલાક માટે પીડિત મુસ્લિમ મહિલાઓએ કોર્ટમાં જવું આવશ્યક : મદ્રાસ હાઈકોર્ટ

**ચેન્નાઈ**

મદ્રાસ હાઈકોર્ટે એક કેસમાં મોટો ચુકાદો આપતા કહ્યું હતું કે શરિયત કાઉન્સિલ કોઈ કોર્ટ નથી. તેથી તલાક લેવા માટે મહિલાઓએ કોર્ટમાં જવું જરૂરી છે. હાઈકોર્ટે કહ્યું હતું કે જો મહિલાઓ કાયદેસર રીતે છૂટાછેડા લેવા માંગે છે તો તેમણે ફેમિલી કોર્ટનો દરવાજો ખખડાવવો જોઈએ. 'ખુલા' પ્રમાણપત્રને ફગાવી દેતા જસ્ટિસ સી સરવણને કહ્યું હતું કે, 'મુસ્લિમ પર્સનલ લો (શરિયત) એપ્લિકેશન એક્ટ હેઠળ મહિલાને સ્વતંત્રતા છે કે તે 'ખુલા' દ્વારા લગ્નને તોડી શકે છે પરંતુ તે માત્ર પારિવારિક સ્તરે જ માન્ય છે. કાયદાકીય છૂટાછેડા લેવા માટે કોર્ટમાં જવું જરૂરી છે.'

જસ્ટિસ સરવનને કહ્યું હતું કે, પરંપરાગત કાયદા હેઠળ ચાલતી સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલા પ્રમાણપત્રો કાયદેસર રીતે માન્ય નથી. જમાતના કેટલાક સભ્યોને સામેલ કરીને કોઈપણ સ્વ-ઘોષિત સંસ્થા આવું પ્રમાણપત્ર આપી શકે નહીં. પિટિશનમાં પતિએ દલીલ કરી હતી કે ફતવા કે 'ખુલા' જેવા સર્ટિફિકેટથી કોઈના પર કાયદાનું દબાણ ન થઈ શકે.

# જન્મ કુંડળીના બદલે હેલ્થ કુંડળી મેળવી થશે લગ્ન: સરકાર કરશે નવી પહેલ

**નવી દિલ્હી**

આપણા સમાજમાં લગ્ન પહેલા કુંડળી મેળવવાનો રિવાજ હોય છે. છોકરો અને છોકરીના ગ્રહ દશાઓ જોઈને તેમના સુખી ભવિષ્યની આશા રાખવામાં આવે છે. જો કે ભવિષ્યમાં માત્ર કુંડળી જ મેળવવાથી લગ્ન થાય એવું કદાચ ન બને કારણ કે સરકાર નવી પહેલ કરવા જઈ રહી છે. આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં સિકલ સેલ નામના રોગના દર્દીઓ વધુ નહીં નોંધાય તે માટે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય એક એવું કાર્ડ તૈયાર કરી રહી છે જેના દ્વારા ભવિષ્યમાં લગ્ન શક્ય બનશે. જેમાં બંનેના હેલ્થ કાર્ડ જોઈ લગ્ન નક્કી કરાશે.

# કેરળમાં કારમાં આગ લાગતાં સગર્ભા મહિલા અને તેનો પતિ બળીને ખાખ

**કેરળ**

ઉત્તર કેરળના કન્નુરમાં ગુરુવારે રાત્રે એક દુઃખદ ઘટના બની હતી. એક સગર્ભા મહિલા અને તેના પતિનું કારમાં આગ લાગવાથી મોત થયું હતું. જે દુર્ઘટનાની માહિતી પોલીસે આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે, કારમાં પાંચ લોકો સવાર હતા અને પાછળના ભાગે બેઠેલા ત્રણ વ્યક્તિઓને રાહદારીઓએ બહાર કાઢ્યા હતા જેથી તેમનો બચાવ થયો હતો. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે, આગળ સવાર કપલે સીટ બેલ્ટ બાંધેલ હોઈ બહાર નીકળી શક્યું ન હતું. પોલીસે મૃતકોની ઓળખ આપતા જણાવ્યું હતું કે, ગર્ભવતી મહિલાનું નામ રીશા જેમની ઉમર 26 વર્ષ અને તેના પતિ પ્રાજિત ઉ.વ.32 હતી. સંબંધીઓએ જણાવ્યું કે રીશા પ્રેગ્નન્સીના એડવાન્સ સ્ટેજમાં હતી અને તેણીને દુખાવો થતાં તેઓ કન્નુર જિલ્લા હોસ્પિટલમાં જઈ રહ્યા હતા. એક પ્રત્યક્ષદર્શી રાહદારીઓએ જણાવ્યું કે, અમે તેમને બચાવવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા પરંતુ ગાડીમાં આગ ફેલાઈ ગઈ હતી અને આગના કારણે પેટ્રોલની ટાંકી ફાટી જવાનો ભય હતો એટલે કોઈ ગાડીની નજીક ગયું ન હતું.

# ભાજપે અરુણાચલ પ્રદેશ, બંગાળની વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારો જાહેર કર્યા

**કોલકાતા**

ભાજપે પશ્ચિમ બંગાળ અને અરુણાચલ પ્રદેશમાં એક-એક બેઠક પર યોજાનારી વિધાનસભા પેટાચૂંટણી માટે ઉમેદવારો જાહેર કર્યા છે. ભારતીય જનતા પાર્ટીએ અરુણાચલ પ્રદેશની લુમલા સીટ પરથી ત્સેરિંગ લ્હામુને ઉમેદવાર બનાવ્યા છે જ્યારે પશ્ચિમ બંગાળના સાગરદિઘીથી દિલીપ સાહાને ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર આ બે બેઠકો માટે નામાંકન ભરવાની છેલ્લી તારીખ 7 ફેબ્રુઆરી છે. 8મી ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે. આ બેઠકો પર 27 ફેબ્રુઆરીએ મતદાન થશે અને 2 માર્ચે પરિણામ જાહેર કરવામાં આવશે.

# WHOના વડાની ચેતવણી...વિશ્વમાંથી કોવિડ-19 ક્યારેય પણ ખતમ નહીં થાય

## છેલ્લા આઠ સપ્તાહમાં કોવિડ-19ને કારણે 1.70 લાખ લોકોના મોત થયા

**ન્યૂયોર્ક**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મહાનિર્દેશક ટેડ્રોસ અધાનમ ઘેબ્રેસસે કહ્યું છે કે છેલ્લા આઠ સપ્તાહમાં કોવિડ-19ને કારણે 1.70 લાખ લોકોના મોત થયા છે. આ એવા આંકડા છે જેના રિપોર્ટ સામે આવ્યા છે. આપણે જાણીએ છીએ કે વાસ્તવિક સંખ્યા આના કરતા ઘણી વધારે હશે.

WHOની ઈન્ટરનેશનલ હેલ્થ રેગ્યુલેશન ઈમરજન્સી કમિટીએ કહ્યું કે આ કોવિડ-19 કોરોનાવાયરસને મનુષ્યો અને પ્રાણીઓમાંથી ખતમ કરવો લગભગ અશક્ય છે, પરંતુ આપણે તેના ભયંકર પરિણામોને ઘટાડી શકીએ છીએ. લોકોના મૃત્યુઆંકને ઘટાડી શકાય. તેનાથી લોકોને ચેપ લાગતા બચાવી શકાય. પરંતુ આ રોગચાળો વૈશ્વિક આરોગ્ય કટોકટી બની રહેશે.

કમિટીએ અવલોકન કર્યું છે કે વિશ્વભરની આરોગ્ય પ્રણાલીઓ કોવિડ-19 સાથે સંઘર્ષ કરી રહી છે. જેના કારણે અન્ય મોટી બીમારીઓ પર પણ ધ્યાન આપવું મુશ્કેલ બની રહ્યું છે. કારણ કે કોવિડને હજુ પણ મુખ્ય બિમારી તરીકે લેવામાં આવી રહ્યો છે. કોવિડ-19 મહામારીના કારણે સમગ્ર વિશ્વની આરોગ્ય વ્યવસ્થા કથળી ગઈ છે. તબીબી કર્મચારીઓની અછત અનુભવાઈ રહી છે.

WHOના વડાએ કહ્યું કે મારો સંદેશ સ્પષ્ટ છે. કોરોનાવાયરસને નજરઅંદાજ કરવો એ એક મોટી ભૂલ હોઈ શકે છે. તે આપણને સતત સરપ્રાઈઝ આપી રહ્યો છે. તે સતત આપણને ખતમ કરવાનો પ્રયાસો કરી રહ્યો છે. એટલા માટે અમને વધુ તબીબી સાધનો અને તબીબી સ્ટાફની જરૂર છે.

# યુએઈના મંત્રી હસ્તે દુબઈમાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કરાયું

## લેખીએ વિદેશ પ્રધાન સાથે સહકાર અંગે ચર્ચા કરી

**દુબઈ**

યુએઈના મંત્રી શેખ નાહયાન બિન મુબારકલ નાહ્યાને મંગળવારે દુબઈમાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. નાહ્યાને ભારતને યુએઈનો નજીકનો મિત્ર ગણાવ્યો હતો. તેમની સાથે ભારતના રાજદૂત સંજય સુધીર પણ હતા. શેખ નાહ્યાને આ પ્રસંગે મહાત્મા ગાંધીના અહિંસા અને શાંતિના સંદેશનો ઉલ્લેખ કર્યો હતો. વિદેશ રાજ્યમંત્રી મીનાક્ષી લેખીએ તેમના ગ્રીક સમકક્ષ નિકોસ ડેંડિયાસને મળ્યા હતા દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રીય સહયોગને વધુ વેગ આપવાના માર્ગો પર ચર્ચા કરી હતી.



લેખીએ ટ્વીટ કર્યું, "ડેન્ડિયાસ સાથે ખૂબ જ ઉપયોગી ટોપીક થઈ. ડેન્ડિયાસે જણાવ્યું હતું કે, "અમારી ચર્ચાઓ અર્થતંત્ર અને સંસ્કૃતિ સ્થળાંતરના ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા પર કેન્દ્રિત છે.

# ઓસ્ટ્રેલિયા ખાતે રેડીયો - એક્ટિવ દુર્ઘટનાઃ કેપ્શ્યુલ માર્ગમાં પડી ગઈ

## કેપ્શ્યુલમાં કેસિયમ- 137 પ્રકારની કીરણોત્સર્ગી ધાતુ હતી

**પર્થ**

પશ્ચિમ- ઑસ્ટ્રેલિયામાં કીરણોત્સર્ગી ધાતુઓ ધરાવતા પ્રદેશ ન્યુમેન નામક એક માઈનિંગ ટાઉનમાંથી પર્થ લઈ જવાથી એક રેડિયો એક્ટિવ કેપ્શ્યુલ તે ૧૪૦૦ કિ.મી. લાંબા હાઈવે પર ગયા મહિને પડી જતા સમગ્ર વિસ્તારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. કારણ કે ભલે તે કેપ્શ્યુલ માત્ર ૦.૩૧ ઈંચ X ૦.૨૪ ઈંચની જ હોય પરંતુ તે કેપ્શ્યુલમાં રહેલી કેસિયમ-૧૩૭ પ્રકારની ધાતુના કીરણોત્સર્ગની ઘાતક શક્તિ '૧૦ એક્સ-રે/અવર' જેટલી તીવ્ર હોય છે જો વધુ સમય સુધી તેનેથી 'એક્સપોઝ' થઈએ તો કેન્સર થવાની પૂરી સંભાવના રહેલી છે. તેથી તેને શોધવા માટે વિશેષ ટુકડીઓ બનાવવામાં આવી હતી. આ ઘટના અંગે ઈમરજન્સી સર્વિસિઝ મીનીસ્ટર સ્ટીફન ડાઉસને જણાવ્યું હતું કે, તે કેપ્શ્યુલ શોધવી તે શબ્દશઃ ઘાસની ગંજીમાંથી સોય શોધવા જેવું મુશ્કેલ હતું છતાં ઈમરજન્સી વિભાગના કર્મચારીઓએ તે શોધી કાઢી છે તે માટે તેમને ધન્યવાદ હવે તે કેપ્શ્યુલ પર્થ સ્થિત 'હેલ્થ ફેસીલીટી'માં રાખવામાં આવશે.

# ઈંગ્લેન્ડમાં ફરી હડતાળ : શિક્ષકો, કામદારો, બસ અને રેલવેના કર્મચારીઓ પણ જોડાયા

## યુકેના શિક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, પગાર વધારો અશક્ય જ છે, ચર્ચા ચાલી રહી છે

**લંડન**

બ્રિટન આફતોના ચક્રવ્યૂહમાં તેના શિક્ષક યુનિવર્સિટી પ્રોફેસરો, ટ્રેન અને બસ ડ્રાઈવરો તથા જાહેર ક્ષેત્રના કામદારો અને કર્મચારીઓ એકી સાથે હડતાળ પર જતાં ઋષિ શુનકની સરકાર તેમની જનતા પણ ભારે મુંઝવણમાં મુકાઈ ગઈ છે. તે સર્વે વધુ પગાર અને વધુ સારી સર્વિસીસ કંડીશન માગી રહ્યા છે.

શુનકના સત્તાવાર પ્રવક્તાએ પણ કબૂલ્યું હતું કે આ 'માસ સ્ટ્રાઈક' જનતા




માટે પણ ભારે મુશ્કેલીરૂપ બની રહેશે.

નેશનલ એજ્યુકેશન યુનિયન (NEu) ના સભ્યો તેવા શિક્ષકોએ શિક્ષણ આપવાનો બહિષ્કાર કરી બહાર નીકળી જતાં ઈંગ્લેન્ડ અને વેલ્સની મળીને આશરે ૮૫ ટકા જેટલી ૨૩,૦૦૦ જેટલી શાળાઓ બંધ રહી હતી કે અપૂરતી ચાલુ રહી હતી. તેથી બાળકોના વાલીઓ પણ ચિંતાગ્રસ્ત બની ગયાં છે. આમ છતાં યુ.કે.ના શિક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, 'પગાર વધારો' અશક્ય જ છે તેમણે વધુમાં કહ્યું કે, પગાર વધારા માટે ચર્ચા ચાલી રહી છે તે દરમિયાન જ પડેલી આ હડતાળથી હું ઘણો જ હતાશ થઈ ગયેલો છું. હડતાલ તે કૈં છેલ્લું પગલું ન બની શકે આગાહી વચ્ચે પણ મંત્રણાઓ ચાલુ છે.

# ચીન હવે તાઈવાન પર હુમલાની તૈયારીમાં યુદ્ધના જહાજો તૈનાત કર્યા, સેનાનું એલર્ટ

## મંગળવારે ચીનના 20 વિમાનો તાઈવાન સ્ટ્રેટમાં મધ્ય રેખા પાર કરી ઘૂસ્યા હતા

**તાઈવાન**

ચીન તાઈવન પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે. દરમિયાન ચીને તાઈવાન સામે 34 લશ્કરી વિમાનો અને 9 યુદ્ધ જહાજો તૈનાત કર્યા છે, તો તાઈવાને પણ ફાઈટર જેટ તૈનાત કરી પોતાની સેનાને સાવધાન રહેવા જણાવી મિસાઈલ સિસ્ટમ સક્રિય કરી દીધી છે. ચીને તાઈવાન વિરુદ્ધ સંભવિત નાકાબંધી અને હુમલાની તૈયારીઓ



વધાતા તાઈવાને પણ સામે પડકાર ફેંક્યો છે. ગત મહિને એક પત્રમાં અમેરિકાના વાયુ સેનાના જનરલ માઈક મિનિહાને અધિકારીઓને 2025માં તાઈવાનને લઈને અમેરિકા-ચીન સંઘર્ષ માટે તૈયાર રહેવાનો આદેશ આપ્યો હતો. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે, મંગળવારે ચીનના 20 વિમાનો અનૌપચારિક બફર ઝોન તાઈવાન સ્ટ્રેટમાં મધ્ય રેખા પાર કરી ઘૂસ્યા હતા. ચીન તાઈવાનને પોતાનું ક્ષેત્ર કહી રહ્યો છે, તો બીજી તરફ તાઈવાનના મોટાભાગના લોકો ચીનની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટીના નિયંત્રણ હેઠળ આવવાનો વિરોધ કરી રહ્યા છે.

# અમેરિકામાં કોવિડ પબ્લિક હેલ્થ ઈમરજન્સી ખતમ થશે : બાઈડેન

**વોશિંગ્ટન**

કોરોના મહામારીનો સામનો કરવા માટે જાન્યુઆરી 2020માં તત્કાલીન ટ્રમ્પ સરકારે અમેરિકામાં આ ઈમરજન્સી લાગુ કરી હતી. હાઉસ ઓફ રિપબ્લિકન લેજિસ્લેશનમાં માંગણી કરી હતી કે કોવિડ ઈમરજન્સી તાત્કાલિક ખતમ કરવામાં આવે પરંતુ વિપક્ષની માગ ન માનીને સરકારે ઈમરજન્સી ખતમ કરવાની તારીખ 11 મે નક્કી કરી છે.

અમેરિકાના હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસ ડિપાર્ટમેન્ટે વચન આપ્યુ છે કે તેઓ રાજ્યોને ઈમરજન્સી ખતમ થયાના 60 દિવસ પહેલા નોટિસ આપશે, જેનાથી રાજ્ય પોતાના હેલ્થ કેર સિસ્ટમને ફરીથી તૈયાર કરી લે. અમેરિકામાં કોવિડ ઈમરજન્સી લાગુ થયા બાદ દર 90 દિવસે તેને વધારવામાં આવતી હતી. જેમ અમેરિકામાં કોરોનાના નવા વેરિઅન્ટની અસર જોવા મળી રહી હતી તેવી જ રીતે હેલ્થ ઈમરજન્સીને વધારાઈ હતી. હવે જ્યારે અમેરિકામાં કોવિડની પરિસ્થિતિ સામાન્ય છે અને સ્થિતિ નિયંત્રણમાં છે તો અમેરિકા સરકારે ઈમરજન્સી પૂર્ણ કરવાનો નિર્ણય કર્યો છે.

# ભારત ઝડપી સૌથી વિકાસદર ધરાવશે, વિશ્વની અર્થવ્યવસ્થા ધીમી થવાનું અનુમાન:IMF

**લંડન**

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ દ્વારા આજે વિશ્વની અર્થવ્યવસ્થા અને ભારતીય અર્થવ્યવસ્થાને લઈને મહત્વનું નિવેદન આપ્યું છે. વિશ્વ અર્થવ્યવસ્થાના સંદર્ભમાં, IMFએ કહ્યું છે કે, વર્ષ 2023માં વૈશ્વિક વૃદ્ધિમાં પાછળના વર્ષ કરતા ઘટાડો નોંધવાની સંભાવના છે. IMF અનુસાર, વર્ષ 2023માં વિશ્વની અર્થવ્યવસ્થા 2.9 ટકાના દરે વૃદ્ધિ કરી શકે છે. વર્ષ 2022 માં, તેનો અંદાજ 3.4 ટકા હતો. બીજી તરફ, વર્ષ 2024 વિશે એક સારો અંદાજ લગાવાઈ રહ્યો છે કે, વિશ્વની અર્થવ્યવસ્થામાં ફરી એકવાર તેજી જોવા મળી શકે છે અને તે 3.1 ટકાના દરે વૃદ્ધિ કરી શકે છે.

# પેશાવરની મસ્જીદમાં વિસ્ફોટ થતાં 28નાં મોત, 150થી વધુ લોકો ઘાયલ

## મસ્જીદનો ભાગ તૂટતાં અનેક દટાયા હોવાની સેવાતી શંકા

**ઇસ્લામાબાદ**

પાકિસ્તાનનાં પેશાવરમાં પોલીસ લાઈન વિસ્તારમાં આવેલી એક મસ્જીદમાં જોરદાર આત્મઘાતી હુમલો થયો હતો. સોમવાર સાંજે બનેલી આ ઘટના સમયે ઘણા લોકો ત્યાં નમાઝ પઢવા એકઠા થયા હતા. તે સમયે જ થયેલા આ વિસ્ફોટને લીધે ૨૮ લોકોના જાન ગયા હતા, જ્યારે ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. સિકંદર ખાને જણાવ્યું હતું કે, મસ્જીદનો એક ભાગ તુટી પડતાં તેની નીચે ઘણા લોકો દબાયા હોવાની શંકા છે. પેશાવરની લેડી રીડિંગ હોસ્પિટલના પ્રવક્તા મોહમ્મદ અસીમે જણાવ્યું હતું કે, આ ધડાકાથી ૯૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાનું અનુમાન છે જે પૈકી ઘણાની હાલત ગંભીર છે. સમાચાર સંસ્થા એએફપી પ્રમાણે તો ઘણાનાં મૃત્યુ થયા હોવાની આશંકા છે. બધા નમાઝ પઢી રહ્યા હતા, ત્યારે તે હુમલાખોર મસ્જીદમાં ઘુસી ગયો હતો. તે નમાઝ દરમિયાન પહેલી હરોળમાં જ હતો અને વિસ્ફોટ સાથે તેણે પોતાને ઉડાડી દીધો.

# અમેરિકામાં ૫૭ વર્ષીય પ્રમિલા જયપાલને મહત્વનું પદ મળ્યું

**વોશિંગ્ટન**

અમેરિકામાં ફરી એકવાર ભારતીયમૂળના લોકોની બોલબાલા થઈ રહી છે. આ વખતે ભારતવંશી પ્રમિલા જયપાલને ઈમિગ્રેશન માટે બનાવાયેલી શક્તિશાળી હાઉસ જ્યૂડિશિયરી કમિટીની પેનલના રેક્નિંગ સભ્ય તરીકે નોમિનેટ કરાયા છે. તે આ પેટાસમિતિનું નેતૃત્વ કરનાર પ્રથમ અપ્રવાસી બની ગયા છે. ૫૭ વર્ષીય પ્રમિલા જયપાલ વોશિંગ્ટનના સાતમા કોંગ્રેસનલ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે ઈમિગ્રેશન અખંડતા, સુરક્ષા અને એન્ફોર્સમેન્ટ અંગે કામ કરતી પેટાસમિતિની મહિલા સભ્ય જો લોફગ્રેનનું સ્થાન લીધું છે. રેક્નિંગ સભ્ય તરીકે નોમિનેટ થયા બાદ પ્રમિલા જયપાલે કહ્યું કે અમેરિકી પ્રતિનિધિ સભા માટે ચૂંટાયેલી પ્રથમ દક્ષિણ એશિયાઈ મહિલા તરીકે હું સન્માનિત અનુભવી રહી છું.

# ભારતની સૌથી મોટી જીત, ત્રીજી T20માં ન્યુઝીલેન્ડને 168 રને હરાવ્યું

## અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં ભારતની શાનદાર જીત: શુભમન ગીલની ધમાકેદાર બેટીંગ

**અમદાવાદ**

અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં ન્યુઝીલેન્ડ સામે ભારતે રેકોર્ડ બ્રેક જીત મેળવી T20 સિરીઝ પર કબજો કર્યો હતો. ટીમ ઈન્ડિયાએ T20 ઈતિહાસની બીજી સૌથી મોટી જીત મેળવતા ન્યુઝીલેન્ડને 168 રને હરાવ્યું હતું. આ જીત સાથે ભારતે T20 સિરીઝ 2-1થી જીતી હતી.

ત્રીજી અને નિર્ણાયક T20 મેચમાં ન્યૂઝીલેન્ડ સામે રમાઈ ટીમ ઈન્ડિયાએ 168 રનથી મેચ જીતી હતી. 235 રનના ટાર્ગેટ સામે ન્યૂઝીલેન્ડ 12.1 ઓવરમાં 66 રનમાં જ ઓલઆઉટ થઈ ગયું હતું. ભારતીય બોલરોએ દમદાર બોલિંગ કરી હતી. હાર્દિક પંડ્યાએ સૌથી વધુ 4 જ્યારે અર્શદીપ સિંહ, શીવમ માવી અને ઉમરાન મલિકને 2-2 વિકેટ ઝડપી હતી. ન્યૂઝીલેન્ડ તરફથી ડેરિલ મિચેલે સૌથી વધુ 35 રન બનાવ્યા હતા જ્યારે કેપ્ટન કેપ્ટન મિચેલ સેન્ટનર 13 રન બનાવી આઉટ થયો હતો.

ભારતીય ટીમે નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટે 234 રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયા તરફથી શાનદાર ફોર્મમાં ચાલી રહેલા શુભમન ગિલે T20 કરિયરની પહેલી સદી ફટકારી છે. શુભમને 63 બોલમાં 126 રન ફટકાર્યા હતા જ્યારે રાહુલ ત્રિપાઠીએ 22 બોલમાં 44 રન અને હાર્દિક પંડ્યાએ 17 બોલમાં 30 રન બનાવ્યા હતા. ન્યૂઝીલેન્ડ તરફથી બ્લેર ટિકનર, ઈશ સોઢી, ડેરિલ મિચેલ અને માઈકલ બ્રેસવેલને 1-1 વિકેટ ઝડપી હતી.



### ભારતીય ટીમ શાનદાર રીતે રમી

હાર બાદ સેનેટનેરે કહ્યું, “તે ખૂબ જ નિરાશાજનક હતું. અમને ટ્રોફી છીનવી લેવાનું સારું લાગત. પરંતુ તેનો શ્રેય ભારતને જાય છે. ભારતીય ટીમ શાનદાર રીતે રમી હતી. તેના કેટલાક ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. જ્યારે તમે પાવરપ્લેમાં જ પાંચ વિકેટ ગુમાવો છો, ત્યારે મેચ જીતવી સરળ નથી. જ્યારે બોલ સ્વિંગ થાય છે ત્યારે તે ખૂબ જ પડકારજનક હોય છે. જો તમે ભારતની રમત પર નજર નાખો તો, તેઓએ શરૂઆતમાં તેમનો સમય લીધો અને પછીથી અમારા પર હુમલો કર્યો.”

### ધોનીની જેમ ભારતીય ટીમને ચલાવવા માંગે છે પંડ્યા

**નવીદિલ્હી:** ભારતના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાનું માનવું છે કે તેણે પ્રેશર સામે ટકી રહેવાની ક્ષમતા વિકસાવી છે અને તેને ટીમ માટે મહાન મહેન્દ્રસિંહ ધોની જેવી ભૂમિકા ભજવવામાં કોઈ સમસ્યા નથી. 29 વર્ષીય ઓલરાઉન્ડર તેની બેટિંગ માટે જાણીતો છે પરંતુ તાજેતરમાં શ્રીલંકા અને ન્યુઝીલેન્ડ સામેની ટી -20 આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં ટીમનું નેતૃત્વ કરનારા આ ખેલાડીએ કહ્યું કે તેણે ઇનિંગ્સને સંભાળવાનું શીખી લીધું છે. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીના ઉત્તરાર્ધમાં આવી ભૂમિકા ભજવતો હતો. ત્રીજી ટી-20 ઈન્ટરનેશનલમાં ન્યૂઝીલેન્ડ સામે 168 રનથી વિજય મેળવીને શ્રેણી 2-1થી જીતનારા ભારતીય કેપ્ટને કહ્યું કે, “મારે બીજી રીતે જવાબદારી લેવી પડશે. જ્યાં મેં હંમેશા ભાગીદારીમાં વિશ્વાસ કર્યો છે. હું મારી ટીમ અને અન્ય લોકોને વધુ આત્મવિશ્વાસ અને ખાતરી આપવા માંગુ છું કે ઓછામાં ઓછું હું ત્યાં છું.

### અમદાવાદમાં યોજાનારી ટેસ્ટ મેચ જોવા મોદીનું ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનને આમંત્રણ

નવી દિલ્હી : અમદાવાદમાં બોર્ડર- ગાવસ્કર ટ્રોફી અંતર્ગત ચોથી ટેસ્ટ મેચ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 9મી માર્ચે રમાવાની છે. આ મેચ દરમિયાન ભારતના વડાપ્રધાન મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની આલ્બાનેસે પણ હાજર રહેશે. પીએમ મોદીએ એન્થની આલ્બાનેસેને આ મેચ જોવા માટેનું આમંત્રણ પાઠવ્યું હોવાની માહિતી મળી છે. આલ્બાનેસે ભારતમાં યોજાનાર ટ્રેડ ડેલિગેશનની સત્તાવાર મુલાકાતે આવનાર છે. સિડની ખાતે આલ્બાનેસેએ જણાવ્યું હતું કે, મને ભારતના વડાપ્રધાનના હોમ સ્ટેટમાં યોજાનાર ક્રિકેટ મેચ જોવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

### વિઝાની સમસ્યાના કારણે ઉસ્માન ખ્વાજા ભારતની ફ્લાઈટ પકડી ના શક્યો



**સિડની** : ભારત સામેની ટેસ્ટ શ્રોણી માટે ઓસ્ટ્રેલિયન ટીમ ભારત આવી પહોંચી છે. પેટ કમિન્સના નેતૃત્વ હેઠળની પ્રવાસી ટીમ ચાર ટેસ્ટ મેચ રમશે. બોર્ડર ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ નવમી ફેબ્રુઆરીથી રમાશે અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપને ધ્યાનમાં રાખતા આ શ્રોણી અત્યંત મહત્ત્વપૂર્ણ છે. જોકે ઓસ્ટ્રેલિયન ટીમનો ઓપનિંગ બેટ્સમેન ઉસ્માન ખ્વાજા વિઝાની સમસ્યાના કારણે ટીમ સાથે ભારતની ફ્લાઈટ પકડી શક્યો નથી. ઓસ્ટ્રેલિયન ટીમનું એક ગ્રૂપ અને સહાયક સ્ટાફ બુધવારે સિડનીથી ભારત રવાના થયા છે. ત્યારબાદ ખ્વાજાએ સોશિયલ મીડિયામાં લખ્યું હતું કે, હું ભારત માટે મારા વિઝાની રાહ જોઈ રહ્યો છું. નોંધનીય છે કે, ખ્વાજાની સાથે અન્ય બીજા કોઈ ખેલાડીને વિઝાના કારણે ભારત આવવામાં વિલંબ થયો છે કે નહીં તે સ્પષ્ટ થયું નથી. ખ્વાજા હવે ગુરુવારે બેંગ્લોર માટેની ફ્લાઈટમાં બેસે તેવી સંભાવના છે.

# ENG vs SA : ઈંગ્લેન્ડના જોફ્રા આર્ચરે 40 રનમાં 6 વિકેટ ઝડપી અકરમનો રેકોર્ડ તોડ્યો

## જોફ્રા આર્ચરનું ધમાકેદાર કમબેક : ઇંગ્લેન્ડે ત્રીજી ODIમાં દક્ષિણ આફ્રિકાને 59 રને હરાવ્યું

22 મહિનાથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર રહેલા જોફ્રા આર્ચરે જોરદાર વાપસી કરી છે. તેની બોલિંગે ફરી એકવાર બેટ્સમેનોમાં ડરનો માહોલ ઉભો કર્યો છે. સાઉથ આફ્રિકા સામેની ત્રીજી ODIમાં આર્ચરે ધમાકેદાર વિકેટો ઝડપી હતી.

ઈંગ્લેન્ડનો ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર ઈજાના કારણે 17 મહિના સુધી ક્રિકેટના મેદાનથી દૂર હતો. તે ગયા મહિને જ મેદાનમાં પાછો ફર્યો હતો. માર્ચ 2021 પછી તેણે ઈંગ્લેન્ડ



માટે પ્રથમ મેચ રમી હતી. સાઉથ આફ્રિકા સામેની મેચમાં તેની ટીમનો ખરાબ રીતે પરાજય થયો હતો. પરંતુ શ્રેણીની ત્રીજી મેચમાં જોફ્રાએ બતાવ્યું કે શા માટે બેટ્સમેન તેના નામની ધાક રાખે છે.

જોફ્રા આર્ચરે દક્ષિણ આફ્રિકા સામેની ODI શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચમાં 6 બેટ્સમેનોને આઉટ કર્યા હતા. તેણે 9.1 ઓવરમાં માત્ર 40 રન જ આપ્યા હતા. આ દરમિયાન આર્ચરે રાસી વાન ડેર ડુસેન, એઈડન માર્કરામ, હેનરિક ક્લાસેન, ડેવિડ મિલર, ડેન પાર્નેલ અને તબરાઈઝ શમ્સીની વિકેટ લીધી હતી. જોફ્રાનું ODIમાં પણ આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. આ પહેલીવાર છે જ્યારે તેણે ODIમાં 5 વિકેટ લીધી છે. આ સાથે તેણે વસીમ અકરમનો રેકોર્ડ પણ તોડ્યો હતો. 6/40એ દક્ષિણ આફ્રિકામાં વિદેશી ઝડપી બોલરનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

### 13 ફેબ્રુઆરીએ વુમન પ્રીમિયર લીગ માટે હરાજીનું આયોજન થઈ શકે

**મુંબઈ** : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે તારીખ અને સ્થળ નક્કી કરવામાં થોડો સમય લીધો હતો. BCCIએ નિર્ણય લેતા પહેલા કેટલાક મુખ્ય મુદ્દાઓ પર વિચાર કર્યો હતો. Jio વર્લ્ડ કન્વેન્શન સેન્ટર 13 ફેબ્રુઆરીએ મહિલા પ્રીમિયર લીગ માટે હરાજીનું આયોજન કરશે. BCCIના સૂત્રોએ આ વાતની પુષ્ટિ કરી છે. BCCIએ ફ્રેન્ચાઈઝીની વિનંતી બાદ આ તારીખ નક્કી કરી છે. પ્રથમ વખત મહિલા IPLનું આયોજન કરવામાં આવશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે તારીખ અને સ્થળ નક્કી કરવામાં થોડો સમય લીધો હતો. BCCIએ નિર્ણય લેતા પહેલા કેટલાક મુખ્ય મુદ્દાઓ પર વિચાર કર્યો હતો. બીજી તરફ, મહિલા IPL માટે બિડ જીતનાર ઘણી ફ્રેન્ચાઈઝી પહેલેથી જ બીજી લીગમાં વ્યસ્ત છે. ફ્રેન્ચાઈઝીઓએ BCCIને ITL2023ની હરાજીની તારીખ પાછળ રાખવાનો અનુરોધ કર્યો હતો. BCCIએ આ વિનંતી સ્વીકારી હતી.

### લિયોનેલ મેસ્સીએ ફૂટબોલમાંથી નિવૃતિ લેવાના સંકેત આપ્યા

**નવીદિલ્હી** : ફૂટબોલ જગતના સૌથી મહાન ખેલાડી તરીકે નામના પ્રાપ્ત કરેલ અને તાજેતરમાં જ ફૂટબોલ ફીફા વર્લ્ડકપ જીતવાનું સપનું સાકાર કર્યા બાદ 'THE GOAT' લિયોનેલ મેસ્સીએ નિવૃતિના સંકેત આપ્યા છે. જોકે તેમણે અગાઉ જ જાહેર કરી દીધુ હતું કે, કતારમાં યોજાનાર વર્લ્ડ કપ મારી કારકીર્દીનો અંતિમ વર્લ્ડ કપ હશે. મેસ્સી જણાવ્યું કે, તેમણે પોતાના જીવનમાં બધુ જ મેળવ્યુ છે. મારી મહત્વાકાંક્ષા અનુરૂપ મેં સમસ્ત મેળવી લીધુ છે તેથી હવે વધુ કોઈ ચાહના રહી નથી. જોકે, તેમના તરફથી આધિકારીક રીતે ખુલીને કઈ કહેવામાં નથી આવ્યુ પરંતુ લાગી રહ્યું છે કે તેઓ ટૂંક સમયમાં નિવૃતિનું એલાન કરી શકે છે. મેસ્સીની કેપ્ટનસી હેઠળ આર્જેન્ટિનાએ ગયા વર્ષે કતારમાં રમાયેલા વર્લ્ડ કપનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. આર્જેન્ટિનાના કેપ્ટને કહ્યું કે, હું સમાપ્તીના સમય તરફ આગળ વધી રહ્યો છું.

### જાડેજાને ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટમાં લીલી ઝંડી, ફિટનેસ ટેસ્ટ પાસ



**મુંબઈ** : રવિન્દ્ર જાડેજાએ નેશનલ ક્રિકેટ એકેડમીમાં ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધો છે. આવી સ્થિતિમાં ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં તે ભારતીય ટીમ સાથે જોડાશે તે લગભગ નિશ્ચિત છે.ભારતીય ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચ માટે તૈયાર છે. લાંબા સમયથી પોતાની ઈજા સામે ઝઝૂમી રહેલા જાડેજા ફરી એકવાર ભારતીય ટીમનો ભાગ બનશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 9 ફેબ્રુઆરીથી નાગપુરમાં પ્રથમ ટેસ્ટ મેચ રમાશે. જાડેજાએ આ મેચ માટે ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધો છે. એક અહેવાલ મુજબ, નેશનલ ક્રિકેટ એકેડમી (NCA)એ બુધવારે (1 ફેબ્રુઆરી) જાડેજાના ટીમમાં જોડાવાનો માર્ગ મોકળો કરીને ભાગ લેવાની તેની તૈયારી અંગેનો ફિટનેસ રિપોર્ટ જાહેર કર્યો હતો. નાગપુરમાં જ્યાં પહેલી ટેસ્ટ રમાવાની છે ત્યાં શ્રેણીની તૈયારી માટે એક નાનો કેમ્પ BCCI લગાવશે.

# કેનેડામાં હવે પાઈલટ્સની અછત, મુસાફરોની મુશ્કેલી વધશે

## પ્રતિ વર્ષ ઇસ્યૂ થતા લાયસન્સની સંખ્યા ઘટી, પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર સક્ષમ હોવાનો દાવો

**ટોરોન્ટો**

રોગચાળા સંબંધિત મુસાફરી પ્રતિબંધોથી લઈને ખરાબ હવામાનની ઘટનાઓને કારણે કેનેડાના પ્રવાસ ઉદ્યોગે ઘણી અનિશ્ચિતતાનો સામનો કર્યો છે. હવે જેમ-જેમ પ્રવાસનો ટ્રેન્ડ તેના 2019ના લેવલ ઉપર પાછો ફરી રહ્યો છે, તેમ એરલાઈન્સમાં લાયક પાઈલટ્સના અભાવને કારણે અરાજકતા વધી રહી છે.

ટ્રાન્સપોર્ટ કેનેડા અનુસાર રોગચાળાના આગલા વર્ષે આશરે 1,100 પાઈલટ લાઈસન્સ જારી કરવામાં આવ્યા હતા. જ્યારે વિદેશ પ્રશિક્ષિત પાઈલોટ્સ દ્વારા પૂરક હોય, ત્યારે સામાન્ય રીતે પ્રાદેશિક, ચાર્ટર અને કાર્ગો એરલાઈન્સ અને વેસ્ટજેટ તથા એર કેનેડા જેવા મોટા કેરિયર્સની જરૂરિયાતોને પૂરી કરવાનું કામ કરતા હતા.

પરંતુ 2020માં ફ્લાઈટની માંગમાં ઘટાડો થયો, તેથી નવા પાઈલોટ્સે સંખ્યા અરજીઓ કરી હતી. સરકારી ડેટા દર્શાવે છે કે 2020માં 500થી ઓછા લાઈસન્સ આપવામાં આવ્યા હતા, જે 2021માં ઘટીને 300થી ઓછા અને ગયા વર્ષે માત્ર 238 પર આવી ગયા હતા.

વિભાગે મીડિયાને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જ્યારે એરલાઈન સેક્ટરમાં કારીગરોની અછતને કાર્યવાહી માટે અગ્રતા ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવી છે, ત્યારે હાલમાં કોઈ નિયમો લાગુ કરવાની યોજના નથી. પરંતુ એજન્સી કહે છે કે, કેનેડિયન ફ્લાઈટ પ્રશિક્ષણ ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધારવા તેમજ કોઈપણ અછતને દૂર કરવા માટે ઉડ્ડયન કારકિર્દીની સદ્ધરતામાં સુધારો કરવા માટે તે જે કરી શકે તે કરી રહી છે.

જે ફેરફારો આવશે તે ટૂંકા ગાળામાં કોઈને પણ બહુ ઓછી મદદ કરી શકશે, ચાર્ટર એરલાઈન સનવિંગ દ્વારા ડિસેમ્બરના છેલ્લા બે અઠવાડિયામાં ખરાબ હવામાનને કારણે 67 ફ્લાઈટ્સ રદ કરવામાં સ્ટાફની અછત એક મુખ્ય પરિબળ હતી. અનુભવી પાઈલોટ્સ માટેનો પગાર સામાન્ય રીતે મોટાભાગની અન્ય એરલાઈન્સની સરખામણીએ મોટી એરલાઈન્સમાં ઝડપથી વધે અને વધુ છે, તેઓ સામાન્ય રીતે ઉપલબ્ધ એરલાઈન્સમાં તેમની પસંદગી મેળવવા માટે સક્ષમ હોય છે. જેના કારણે લગભગ દરેક જગ્યાએ અછત સર્જાય છે.

# કેનેડિયન લેબ.ની શોધથી લેપટોપ, ફોન અને કારની બેટરીની અવધિ વધી જશે

## દરેક બેટરીમાં સેલ્ફ-ડિસ્ચાર્જની સ્થિતિ વપરાશકર્તાઓ માટે મોટી સમસ્યા

**ટોરોન્ટો**

કેનેડિયન પ્રયોગશાળામાં થયેલી શોધ લેપટોપ, ફોન અને ઈલેક્ટ્રિક કારની બેટરીની સેલ્ફ લાઈફને વધારવામાં મદદ કરી શકે છે. ડેલહાઉસી યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર અને વાતાવરણીય વિજ્ઞાન વિભાગના સહાયક પ્રોફેસર માઈકલ મેટ્ઝગરે એક સમાચાર પ્રકાશનમાં જણાવ્યું હતું કે, અમારી લેબોરેટરીમાં અમે બેટરીને સુધારવા માટે ઘણા જટિલ પ્રયોગો કરીએ છીએ, પરંતુ આ વખતે અમે એક ખૂબ જ સરળ વસ્તુ શોધી કાઢી છે. કોમર્શિયલ બેટરીનાં કોષોમાં સ્કોચ ટેપ જેવી ટેપ હોય છે, જે ઈલેક્ટ્રોડને એકસાથે રાખે છે અને આ ટેપનું રાસાયણિક વિઘટન થાય છે, જે એક પરમાણુ બનાવે છે જે સ્વ-ડિસ્ચાર્જ તરફ દોરી જાય છે. મેટ્ઝગર કહે છે કે, આનો ઉકેલ પણ સરળ છે. પોલિઈથિલિન ટેરેફથાલેટ અથવા PET, સામાન્ય રીતે બેટરીની અંદર વપરાતી પ્લાસ્ટિક ટેપને વધુ ટકાઉ અને સ્થિર બનાવે છે. મેટ્ઝગરે ઉમેર્યું કે, આ એક વ્યાપાર સંબંધિત શોધ છે. એ નાની વસ્તુ છે. પરંતુ તે ચોક્કસપણે બેટરીનાં કોષોને સુધારવામાં મદદરૂપ થઈ શકે છે. મેટ્ઝગરે સ્નાતક વિદ્યાર્થી એનુ એડમ્સન સાથેના સંયુક્ત નિવેદનમાં મીડિયાને જણાવ્યું હતું કે, વિશ્વમાં લિથિયમ-આયન કોષોના દરેક ઉત્પાદક સેલ્ફ-ડિસ્ચાર્જ શક્ય તેટલું નાનું બનાવવા માંગે છે. દરેક બેટરીમાં સેલ્ફ-ડિસ્ચાર્જનો નાનો દર હોય છે, જે ધીમે ધીમે બેટરીને ડ્રેઈન કરે છે. જે વપરાશકર્તાઓ માટે ખૂબ જ અસુવિધાજનક છે અને ઉદ્યોગ માટે માથાના દુઃખાવા સમાન છે.

ઈલેક્ટ્રોડ્સ જેના દ્વારા પાવર બેટરીને ઈલેક્ટ્રોલાઈટ સોલ્યુશન દ્વારા અલગ કરવામાં આવે છે, જે સામાન્ય રીતે લિથિયમનું સ્વરૂપ છે.

# લૂંટની તપાસમાં 1.3 મિલિયન ડૉલરનાં ડ્રગ્સ સાથે 6 ઝડપાયા

**ટોરોન્ટો**

ટોરોન્ટો પોલીસે લૂંટની તપાસ દરમિયાન 1.3 મિલિયન ડોલર ડ્રગ્સ અને લગભગ 150,000 ડોલર રોકડ મળ્યા બાદ છ લોકોની ધરપકડ કરી હતી. યોંગ સ્ટ્રીટ નજીક એગ્લિન્ટન એવન્યુ ઈસ્ટ અને માઉન્ટ પ્લેઝન્ટ રોડના વિસ્તારમાં અધિકારીઓએ બ્રેક એન્ડ એન્ટર કોલના જવાબમાં 15 જાન્યુઆરીએ તપાસ શરૂ કરી હતી.

પોલીસે કહ્યું કે ઘટના બાદ એડિલેડ અને પીટર શેરી નજીક ટોરોન્ટોના ડાઉનટાઉનમાં થોડા દિવસ પછી એક શંકાસ્પદ વાહન મળી આવ્યું હતું. તે સમયે એક શંકાસ્પદ શખ્સ પાસેથી ગોળીઓથી ભરેલી હેન્ડગન પણ મળી આવી હતી. આ ઘટના સંદર્ભે ત્રણ લોકોની અટકાયત કરવામાં આવી હતી. મિસીસૌગાના રહેવાસી ઓમર બેકરી (ઉ.વ. 26), બ્રિટિશ કોલંબિયાના રહેવાસી ડેનિયલ ઓફોરી (ઉ.વ. 30) અને ટોરોન્ટોના રહેવાસી જુગરાજ રંધાવા (ઉ.વ. 32) સામે હથિયાર વડે લૂંટ, અપહરણ, બળજબરીથી કેદ અને તોડફોડ કરવી અને બળજબરીથી ઘરમાં પ્રવેશ કરવા સહિતના અનેક આરોપો ઘડવામાં આવ્યા છે. પોલીસે ત્રણ વધારાની ભરેલી પ્રતિબંધિત હેન્ડગન અને લગભગ 150,000 ડોલરની રોકડ જપ્ત કરી હતી. તેમની પાસેથી ફેન્ટાનીલ, કોકેઈન, હેરોઈન અને ક્રિસ્ટલ મેથ સહિત આઠ કિલોગ્રામથી વધુ ડ્રગ્સ મળી આવ્યું હતું. તપાસકર્તાઓ કહે છે કે, ડ્રગ્સની કિંમત લગભગ 1.3 મિલિયન ડોલર છે.




Confused ??
Which Country to Choose ..
Get 1-1 Counseling

- PR & PNP Program
- Business visa
- Student visa(All Countries)
- Family Sponsorship
- LMIA - Work permit
- PR based PNP job offer
- IEC without IELTS

Book Your Seats Now!!

CANADA
94- 499 Main Street South,
Shoppers World Mall, Brampton, Ont.
Ph : 416-745-2466, 905-230-7855

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

AMI MEHTA
Coming to India
2nd Dec. - 20th Jan.



Canadian Authorized
Experienced Immigration Lawyer

+91-98255 56911 | +91-98256 79911 CANADA (H.O) | VADODARA| A'BAD

OM INDIA
FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનોજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

OM INDIA FOOD CENTRE

6 LOCATION TO SERVE YOU

1729 Albion Rd,
Etobicoke, ON
416-743-1100

139 Charing Cross,
Brantford Ontario
519-758-9999

5 Manitou Drive # 102
Kitchner, ON. N2C 1L4
519-954-1110

3300 McNICOLLE Ave, #B-6,
Scarborough, ON
416-297-8383

71 West Drive, Unit#42,
Brampton, ON
905-452-1100

293, Labrosse Ave,
Point-Claire, QC H9R 5M3
514-426-1100